
PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 8, Year: 71, November 2025, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪
Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જુલાઈ -૨૦૨૫) સુધીમાં ૨૯૩૧૦ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ - ૨૭,૩૫૦ કિલો, ગોળ - ૧૧૬૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ (૧૫ મહિના) માં ટોટલ ૩૮૧૧ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી



**દાન એજ સફળ જીવન**

Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

દ્વારા સંચાલિત

## લોનાવલા સેનેટોરિયમને માતબર અનુદાન રૂા. ૧૧,૦૦,૦૦૦/-



શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ



શ્રીમતી ભારતીબેન કિરીટભાઈ શેઠ

**માતુશ્રી કંચનબેન વ્રજલાલ ત્રિકમલાલ શેઠની**

**પવિત્ર સ્મૃતી**

**સ્નેહાળ બહેનો**

**ચારૂબેન રવિન્દ્રભાઈ દોશી**

**ડૉ. ઈલાબેન બાબુભાઈ શેઠ**

તથા

અમારા કુટુંબના મોભી

**ડૉ. વિનોદભાઈ વ્રજલાલ શેઠ**

**બિપીન વ્રજલાલ શેઠ**

ની યાદગીરી રૂપે સપ્રેમ અનુદાન

હ.કિરીટભાઈ વ્રજલાલ શેઠ ભારતીબેન કિરીટભાઈ શેઠ

લિંબડી નિવાસી હાલ -જુહુ - અંધેરી

**ખુબ ખુબ અનુમોદના... અનુમોદના... અનુમોદના**

Bio-Data

## Personal Details



| | |
|---|---|
| **Name:** | Gaurav Manish Shah |
| **Date of Birth:** | 01/11/1995 |
| **Birth Time:** | 08:16 PM |
| **Birth Place:** | Borivali, Mumbai |
| **Height:** | 5'9" |
| **Religion:** | Zalawadi Sthanakwasi Jain (Visha) |
| **Profession:** | Industrial Engineer at DHL Supply Chain (In USA 3+ years) |
| | Industrial Engineer at DHL Supply Chain (Currently in Canada) |
| **Education:** | MS in Industrial Engineering (University of Texas, Arlington) |
| | BE in Production Engineering (DJ Sanghvi COE) |
| **Hobbies:** | Hiking, Music, Exploring New places, Cooking |
| **Contact Details:** | +1 (682) 472-5527 (WhatsApp) |
| | gaurav.shah991@gmail.com |

## Family Details

| | |
|---|---|
| **Native:** | Surendranagar (Joravarnagar) Gujarat |
| **Grand Father:** | Late Jagjivandas Chotalal Shah |
| **Grand Mother:** | Late Anumatiben Jagjivandas Shah |
| **Father:** | Manish Jagjivandas Shah (+91-9223361777) |
| **Mother:** | Sujata Manish Shah (+91-7738029736) |
| **Brother:** | CA Dhaivant Manish Shah |
| **Sister- in - law:** | Dhwani Dhaivant Shah |
| **Indian Address:** | Dahanukar Wadi, Mahavir Nagar, |
| | Kandivali (W), Mumbai. |
| **Canada Address:** | Mississauga, ON. |

## Paternal Details

| | |
|---|---|
| **Kaka-Kaki:** | Sudhir J. Shah & Divya S. Shah (Mumbai) |
| | Atul J. Shah & Saroj A. Shah (Mumbai) |
| **Fua-Faiba:** | Ashwin J. Sanghvi & Kalpna A. Sanghvi (Mumbai) |

## Maternal Details

| | |
|---|---|
| **Native Place:** | Botad, Gujarat |
| **Nana:** | Kantilal Jagjivandas Mehta (Mumbai) |
| **Nani:** | Late Manjulaben K Mehta |
| **Mama-Mami:** | Chetan K. Mehta & Mona C. Mehta (Mumbai) |
| | Tushar K. Mehta & Beena T. Mehta (Mumbai) |
| **Masa-Masi:** | Jitendra S. Shah & Priti J. Shah (Mumbai) |

# Visiting India in November 2025

Advt.

# NAMASVI SHAH



## PERSONAL DETAILS

**Date Of Birth:** 13 Jan 1999 (07.00 pm)
**Place Of Birth:** Mumbai
**Height:** 5'2"
**Religion:** Dashashrimali Sthanakwasi Jain
**Native Place:** Than, Surendranagar - Gujarat
**Res. Address:** 3,Chhaya Soc, Shah-Vira bldg, Chembur Naka, Mumbai - 400071

## EDUCATION

**Masters :** MS in Innovation, Management & Entrepreneurship: **Brown University, USA**

**BTech :** BTech Computer Engineering
KJ Somaiya College of Engineering, Vidyavihar - Mumbai

## WORK

Product Manager at Prime Focus Technologies

## FAMILY DETAILS

**Father:** Dr. Samir J. Shah (MBBS, M.D.) Consultant in Internal Medicine
**Mother:** Dr. Jigisha S. Shah (MBBS)
**Contact:** **+91 9969667718** (Mother) / **+91 9322278853** (Father)
**Clinic:** Shah Polyclinic, Chembur Station(E), Mumbai-400071
**Sister:** Harshini Jhaveri (Business - HQ Packing)
**Brother in Law:** Dishit Jhaveri (Family Business - Yasho Industries Ltd)

## PATERNAL FAMILY

**Dada:** Late Dr. Jashvantray Revashankar Shah
**Dadi:** Late Smt. Ranjan J. Shah
**Uncle & Aunt:** Dr. Atul J. Shah & Mrs. Bina A. Shah

## MATERNAL FAMILY - MOSAL

**Nana:** Late Shri Anantrai Bhuralal Gandhi
(Pratap Brothers Chandiwala, Zaveri Bazaar)
**Nani:** Smt. Hansa A.Gandhi
**Mama & Mami:** Mr. Rupesh A. Gandhi & Mrs. Alpa R. Gandhi
**Masis:** Mrs. Tejal Montu Desai
Mrs. Priti Jiten Gathani
Mrs. Neepa Vijay Bavishi

Advt.




## WHY FLAMINGO?

**Successfully Planned Holidays for more than 2,10,000 Families**

- In-house team of **150+ Tour Managers**
- More than **50+ Locations** all over India
- A Team of more than **250+ Committed Individuals**
- Tours to more than **80 Countries** around the globe
- **Flamingo** has a **specific NRI Division** to serve you better




**Singapore Malaysia with Cruise**
9 N | 10 D
Oct 26 - 2025

**Singapore Malaysia With Cruise**
8 N | 9 D
Nov 6,
Dec 11,18 - 2025





**Vietnam with Ninh Binh**
8 N | 9 D
Oct 17,18,19,20,23, 24,25, Nov 15,22, Dec 13,27 - 2025

**Vietnam with Sapa With**
10 N | 11 D
Oct 26, Nov 8, Dec 4 - 2025





**Thrilling Thailand**
6 N | 7 D
Oct 20,22 - 2025


**Simply Sri Lanka**
6 N | 7 D
Nov 23, Dec 7 - 2025



**Andheri, Goregaon, Kandivali, Mira Road, Opera House, Sion ,Ghatkopar, Thane, Mulund, Kharghar, Pune**

+91 98199 30022 www.flamingotravels.co.in

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

નવેમ્બર ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૮
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન:૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–


**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**
**ઑફિસના કામકાજનો સમય**
**સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦**


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*




# સૃષ્ટિ

જો ઉષા ખીલી રહી છે રંગભરી
ને સંધ્યા ઢળી રહી છે મનભરી
વર્ષા ખીલી રહી છે મેઘભરી
મેઘધનુષના રંગો છે સપ્તરંગી
શરદપૂનમ કેરી રાત્રિ છે ઉજાસભરી
ચંદ્ર કેરી ચાંદની ખીલી છે રૂપમઢી
સૂરજ મધ્યાન્હે તપી રહ્યો છે ધખધખી
સૂરજમુખી નમી રહ્યા છે લળી લળી
શિયાળે ખીલી રહી છે ઠંડી કડકડતી
માનવ, પશુ, પંખી થીજી રહ્યા છે થરથરી
પાંદડે, પાંદડે ઝાકળ બિંદુઓ રહ્યા છે ટમટમી
ઔષધ બની વહી રહ્યા એ સરસરી
હરિ આ તો તારી છે બધી ખટપટી
ભરી દે છે સૃષ્ટિ સ્નેહભરી

**– વિમળા ધીરૂભાઈ શાહ**

# અપ્રતિમ સ્મરણશક્તિ

કુમારપાળ દેસાઈ

જૈન પરંપરામાં મહાસતી ચંદનબાળા પછી યક્ષા, યક્ષદત્તા જેવી સાત પરમ પ્રભાવક સાધ્વીઓની ગૌરવગાથા સાંપડે છે.

પાટલીપુત્રના નંદરાજા મહાપદ્મના મહામંત્રી શકટાલ શ્રમણોપાસક હતા. એમની પત્ની લાંછનદેવી પણ ધર્મોપદેશિકા હતી. એમને બે પુત્ર સ્થૂલભદ્ર અને શ્રીયક તથા યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા નામની સાત પુત્રીઓ હતી. માતાપિતાના ધર્મસંસ્કારનો અમૂલ્ય વારસો સંતાનોને મળ્યો હતો.

આ સાતે પુત્રીઓ આશ્ચર્યજનક સ્મરણશક્તિ ધરાવતી હતી. અત્યંત લાંબું હોય કે ગમે તેવું અઘરું ગદ્ય કે પદ્ય હોય, પણ યક્ષા એને માત્ર એક વાર સાંભળીને સ્મૃતિમાં અકબંધ સાચવી શકતી હતી અને તરત જ એ ગદ્ય કે પદ્ય ખંડને યથાવત બોલી શકતી હતી. બીજી બહેન બે વાર, ત્રીજી બહેન ત્રણ વાર - એ પ્રકારે સાતમી બહેન સાત વાર કોઈ પણ ગદ્ય કે પદ્ય સાંભળ્યા પછી એને એ જ રીતે રજૂ કરી શકતી હતી.

નંદરાજા મહાપદ્મની સભામાં વરરુચિ નામનો એક ઘમંડી કવિ હતો, પણ એનો ઘમંડ રાજસભામાં આ સાત ભગિનીઓની સ્મરણશક્તિ આગળ ઊતરી ગયો. પરિણામે કવિ વરરુચિએ શકટાલ સામે ષડ્યંત્ર રચ્યું. પરિણામે સત્ય સિદ્ધ કરવા મંત્રી શકટાલે રાજ્ય અને કુટુંબની હાજરીમાં પોતાના નાના પુત્રને રાજદરબારમાં વધ કરવાની આજ્ઞા આપી.

શ્રીયકે પિતાની આજ્ઞા મુજબ રાજદરબારમાં એમનો વધ કર્યો. પિતાના આવા અપ્રતિમ ત્યાગ અને બલિદાનને જોઈને પુત્રીઓને ઊંડો આઘાત લાગ્યો. બહેનોને સત્તા, સમૃદ્ધિ અને સંસારની ક્ષણભંગુરતાનો ખ્યાલ આવ્યો. પરિણામે સાતે બહેનોએ ત્યાગમાર્ગના પંથે ચાલવાનો સંકલ્પ કર્યો.

મંત્રી શકટાલના મૃત્યુ પછી એમના પુત્ર સ્થૂલભદ્રને રાજાએ મહાઅમાત્યપદ આપવા માંડ્યું, ત્યારે સ્થૂલભદ્રે પણ મહાઅમાત્યનું મોટું ગણાતું પદ સ્વીકારવાને બદલે મહિમામય ત્યાગપંથનો સ્વીકાર કર્યો. આ સાત વિદુષી સાધ્વીઓએ એકાદશાંગીનું ઊંડું અધ્યયન કર્યું અને સમય જતાં જિનશાસનની સેવા પણ કરી. યક્ષા, યક્ષદત્તા આદિ સાત બહેનોએ આચાર્ય શ્રી સંભૂતિવિજયજી પાસે દીક્ષા ગ્રહણ કરી.

સાધ્વી યક્ષના નાના ભાઈ શ્રીયકે સાધુતા સ્વીકારી, કિંતુ એમનાથી ભૂખ્યા રહીને ઉપવાસ થઈ શકતો નહીં. એક વાર યક્ષાએ પોતાના ભાઈ શ્રીયકને પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે તપનું મહત્ત્વ સમજાવ્યું અને કહ્યું કે તપના અગ્નિ દ્વારા જ તમારા કર્મસમૂહનો નાશ થઈ શકશે.

આવા પર્વના સોહામણા દિવસે જો ઉપવાસ ન થઈ શકે, તો એકાસણું તો કરો જ, પરંતુ પ્રાતઃકાળે મુનિ શ્રીયકના મૃત્યુના સમાચાર સાંભળીને સાધ્વી યક્ષાને પારાવાર દુઃખ, ગાઢ પશ્ચાતાપ અને પ્રબળ આત્મગ્લાનિ થયાં. શ્રીસંઘે એમને વારંવાર કહ્યું કે આમાં તેઓ કોઈ રીતે કારણભૂત નથી, પરંતુ સાધ્વી યક્ષાએ દિવસો સુધી અન્ન-જળ લીધાં નહીં.

શ્રીસંઘ વ્યથિત બની ગયો. યક્ષાએ કહ્યું કે જો કોઈ કેવળજ્ઞાની એમ કહે કે તે નિર્દોષ છે તો જ એ અન્ન-જળ ગ્રહણ કરશે.

શ્રીસંઘે શાસનની અધિષ્ઠાત્રી દેવીની આરાધના કરી. દેવીની સહાયથી સાધ્વી યક્ષા શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં પહોંચ્યાં. ઘટઘટના અંતર્યામી તીર્થંકર શ્રી સીમંધરસ્વામીએ સાધ્વી યક્ષા નિર્દોષ હોવાનું કહ્યું અને એને પ્રાયશ્ચિત સ્વરૂપે ચાર અધ્યાય સંભળાવ્યા, જે અપ્રતિમ સ્મરણશક્તિ ધરાવતી યક્ષાએ કંઠસ્થ કરી લીધા.

મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીનાં દર્શનથી પોતાના જીવનને ધન્ય માનતી સાધ્વી યક્ષા પુનઃ પાછી આવી. એણે સ્મરણશક્તિના બળે એ ચારે અધ્યાય સંઘ સમક્ષ યથાવત્ પ્રસ્તુત કર્યો. શ્રી સંઘે ''આચારાંગ સૂત્ર'' અને ''દશવૈકાલિક સૂત્ર''માં એને સંકલિત કર્યા. 'ભાવના' તથા 'વિમુક્તિ'ને શ્રી આચારાંગ સૂત્રમાં અને 'રતિકલ્પ' તથા 'વિચિત્રચર્યા'ને શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂલિકાના રૂપમાં સંમિલિત કરવામાં આવ્યા.

એ પછી સાધ્વી યક્ષા અગાઉની માફક પોતાની બહેનોની સાથે આત્મકલ્યાણ અને પરકલ્યાણની સાધનામાં તથા જિનશાસનની સેવામાં ડૂબી ગઈ, સાધ્વી યક્ષા સહિત સાતે બાલબ્રહ્મચારિણી, તેજસ્વી અને વિશિષ્ટ શ્રુતસંપત્ત ધરાવતી મહાસતીઓ યુગો સુધી સાધ્વીસંઘને જ નહીં, બલકે સમગ્ર જૈન સંઘને પ્રેરણા આપતી રહેશે. ❖❖❖

**।।શ્રી મહાવીર વાણી।।**

જે વ્યક્તિ દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે, એ બ્રહ્મચારીના ચરણોમાં દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નર એ બધા નમસ્કાર કરે છે.

# સત્ય પંચમુખી હોય છે

**મોરારિબાપુ**

**સ**ત્ય, પ્રેમ અને કરુણા ત્રણેય પરસ્પર જોડાયેલાં હોય છે. રામ સત્ય છે, બુદ્ધ કરુણા છે. આવો, વચ્ચે રહેલા પ્રેમથી આપણે સૌ સત્ય અને કરુણાની વચ્ચે સેતુ બાંધીએ. 'રામચરિતમાનસ'માં ચોપાઈ છે -

ધરમ ન દૂસર સત્ય સમાના,
આગમ નિગિમ પુરાન બખાના.

ચોપાઈનો અર્થ છે કે, સંસારમાં સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી. આગમ, નિગમ અને વેદોએ કહ્યું કે સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી; અને પુરાણોએ પણ પ્રસંગોના માધ્યમથી, ઘટનાઓના માધ્યમથી, પાત્રોના માધ્યમથી એ વાત દોહરાવી છે.

આપણા મનીષીઓએ કહ્યું છે, 'એકમ્ સદ્ વિપ્રા બહુધા વદન્તિ.' સત્ય એક છે. એને અનેક ઍંગલથી જોવામાં આવ્યું, અનેક રાગોમાં ગાવામાં આવ્યું, અનેક રૂપમાં પરિભાષિત કરવામાં આવ્યું. 'રામચરિતમાનસ'ના એક ગાયક હોવાને નાતે હું આપને નિવેદન કરવા માગું છું કે એક જ સત્ય 'માનસ'માં પાંચ રૂપમાં પ્રગટ થાય છે. સત્યનાં પાંચ મુખ હોય છે; સત્ય પંચમુખી હોય છે. એક જ સત્ય આપણને પાંચ દિશાઓમાં દર્શન દે છે.

એક તો વિચારનું સત્ય; બીજું ઉચ્ચારનું સત્ય; ત્રીજું આચારનું સત્ય; ચોથું સ્વીકારનું સત્ય અને પાંચમું આખરી બિંદુ છે સાક્ષાત્કારનું સત્ય. સૌથી પહેલાં તો સત્ય આપણા વિચારમાં હોવું જોઈએ. ક્યારેક-ક્યારેક માણસ ઉચ્ચારમાં સત્ય લાવે છે, પરંતુ એના વિચારમાં સત્ય નથી હોતું! ઘણા લોકો મળે છે, તો ઉપર ઉપરથી કહે છે, 'ખુશ રહો, ખુશ રહો', પરંતુ અંદરથી તો એને લાગે છે કે આ મારો પ્રતિસ્પર્ધી છે, એટલે ભગવાન કરે ને મેં જે કહી દીધું એવું ન થાય! એમ ક્યારેક વિચારમાં સત્ય નથી હોતું. ભગવાન રામના વિચારમાં ભારોભાર સત્ય ભર્યું છે. રામને રાજ્ય આપવાની વાત થઈ ત્યારે રામ વિચારે છે કે મોટાભાઈને જ રાજ્ય મળે, એ તો અનુચિત ઘટના છે. આ રામનો વિચાર છે, આ સત્યનો વિચાર છે, આ રામના સત્યનો વિચાર છે. રામકથા સાંભળ્યા પછી ભારતનો પ્રત્યેક મોટોભાઈ એવું વિચારે કે મારા કરતાં મારા નાનાભાઈઓને વધારે મળે, તો કમ સે કમ રામરાજ્ય એના ઘરમાં તો આવી જ જાય.

બીજું છે ઉચ્ચારનું સત્ય. ગાંધીબાપુને સત્યનો એક અભ્યાસ થઈ ગયો હતો. મહાપુરુષોના જીવનમાં એ સહજ થઈ જાય છે. મારી સમજ મુજબ સત્યનો એવો અભ્યાસ થઈ જાય છે કે પછી તમે ચાહો તોપણ ખોટું ન બોલી શકો. રામ ક્યારેય દ્વિભાષી થયા જ નથી કે એમણે એક વાર કંઈક કહ્યું હોય અને બીજી વાર ફેરવી તોળ્યું હોય. તમને 'માનસ'માં પદેપદે રામની બોલી આગળ 'સત્ય' શબ્દ મળશે. અને સત્ય વિનમ્રતાથી રજૂ થાય, આક્રમકતાથી નહીં. આપણે ત્યાં કેટલાક લોકો શાંતિની ચર્ચા કરતાં-કરતાં લડી પડે છે!

આચારનું સત્ય એ ત્રીજી ધારા છે સત્યની. ગાંધીબાપુએ પરમેશ્વર સત્ય છે, ત્યાંથી શરૂ કર્યું હતું અને પછી અભ્યાસ વધી ગયો, અનુભવમાં-આચારમાં આવી ગયું ત્યારે એમણે કહ્યું કે સત્ય જ પરમેશ્વર છે. ભગવાન રામમાં પણ આચારનું સત્ય છે. રામ જે બોલે છે એ કરે છે. વનમાં જવા માટેના ફાયદાઓ ગણાવીને રામે કહ્યું કે જો હું વનમાં ન જાઉં તો મને એક નંબરનો મૂઢ સમજવો. અને રામે એ કરી બતાવ્યું. એ વનમાં નીકળી પડ્યા. રામનું એ આચારનું સત્ય છે.

ચોથું સ્વીકારનું સત્ય. જ્યારે આપણે સત્ય વિચારીએ, સત્ય બોલીએ, સત્ય આચરણમાં ઉતારતાં ઉતારતાં બીજાના સત્યનો પણ સ્વીકાર કરીએ, એનું સન્માન કરીએ, ત્યારે જ આપણા સત્યની યાત્રા સંપન્ન થઈ શકે. સ્વીકાર નથી થઈ શકતો. ઘણું મુશ્કેલ છે. સત્યનો સ્વીકાર થવો જોઈએ. આપણી તકલીફ એ છે કે અન્યના તેજને આપણે સહન નથી કરી શકતા! કમ સે કમ બીજાના સત્યનો આપણે સ્વીકાર કરીએ. ભગવાન રામ બીજાના સત્યનો સ્વીકાર પણ કરી લે છે.

સત્યનું પાંચમું સ્થાન છે સત્યનો પૂર્ણતઃ સાક્ષાત્કાર. જેમના વિચારમાં સત્ય હશે, જેમના ઉચ્ચારમાં સત્ય હશે, જેમના આચારમાં સત્ય હશે, જે હરખભેર બીજાના સત્યનો સ્વીકાર કરશે, એમને પાંચમા સ્થાને રહેલા શાશ્વત સત્યનો સાક્ષાત્કાર અવશ્ય થશે. હું તો એમ કહીશ કે માણસ સ્વયં સત્યસ્વરૂપ થઈ જશે. ભગવાન રામને સત્યનો પૂર્ણ સાક્ષાત્કાર છે. સત્યનો સાક્ષાત્કાર ક્યારેક ગાંધીબાપુને થયો હતો, એ ક્યારેક વિનોબાજીને થયો હતો, એ ક્યારેક સોક્રેટીસને થયો હતો, એ ક્યારેક મીરાંને થયો હતો.

સત્ય પર કોઈનો અધિકાર નથી કે એ કોઈ એક વર્ણનું જ હોય, કોઈ મોટા કુળમાં જ હોય. સત્ય સૌનું છે. લોકો સત્યનારાયણની કથા કરાવે છે. એમાં એક કઠિયારો છે. હું વર્ણની વાતોમાં બહુ જવા નથી માગતો, પરંતુ એક ઉપેક્ષિત વ્યક્તિ

કઠિયારો. એ બિચારો ઉપેક્ષિત છે. એક વણિકની કથા છે. એક વૈશ્યની કથા છે. સાધુ-વાણિયો છે. પછી એક બ્રાહ્મણની કથા છે અને એક સમ્રાટ ક્ષત્રિય રાજાની પણ કથા છે. એટલું જ નહીં, લીલાવતી-કલાવતી બહેનોની પણ કથા છે. એનો મતલબ એ થયો કે સત્ય પર કોઈનો અધિકાર નથી. કઠિયારાનું પણ સત્ય હોય છે. સાધુ-વણિકનું પણ સત્ય હોય છે ક્ષત્રિયનું પણ સત્ય હોય છે અને બ્રાહ્મણનું પણ સત્ય હોય છે. અરે છોડો! કોણ કહે છે કે માતાઓને અધિકાર નથી? કલાવતી અને લીલાવતીને પણ પોતાના સત્યનો અધિકાર છે. આવી વિશાળ દૃષ્ટિએ સત્યનારાયણની કથા આવી. સત્ય કોઈ મોટા કુળમાં જ હોય એવો કોઈનો ઈજારો નથી; અને ક્યારેક-ક્યારેક તો આપણે ગામડાંઓમાં જોઈએ છીએ કે કેટલાંક નાનાં માણસોમાં જે સત્ય હોય છે, એ સત્ય તો દંડવત્ કરવા પ્રેરે એવું હોય છે.

હું એવું સમજું છું કે એક સત્ય હોય છે 'મારું સત્ય', બીજું સત્ય હોય છે 'તમારું સત્ય' અને ત્રીજું સત્ય હોય છે 'આપણું સત્ય'. આમ તો આ વૈશ્વિક વાતો છે; પરંતુ ચાલો, આપણે આપણા ઘરથી શરૂઆત કરીએ. પતિ એવું સમજે કે આ મારું સત્ય છે, તો એનું સ્વાગત થવું જોઈએ, પરંતુ પોતાની પત્નીનું પણ કોઈ સત્ય છે એ સમજે, એ પણ એનું દાયિત્વ છે. આ મારું સત્ય છે, આ તારું સત્ય છે, પરુંત એક ત્રીજું સત્ય છે, જે આપણું સત્ય છે. આ સત્યની પરિભાષા આપતાં મેં ઘણી વાર કહ્યું છે કે આ મારો દીપક છે, તો એ એનું સત્ય છે. કોઈ બીજું એમ કહે, આ મારો દીપક છે, તો એ એનું સત્ય છે, પરંતુ સૂર્ય એ આપણા સૌનો દીપક છે. સૂર્ય એ આપણા સૌનું સત્ય છે. મને એક પ્રશ્ન એવો પણ પૂછવામાં આવ્યો છે કે, 'સામેવાળા સત્ય બોલે તો આપણે સ્વીકારીએ, પરંતુ આપણને ખબર કેમ પડે કે એ સત્ય જ બોલે છે?' સાહેબ, સત્ય બોલશે તો ખબર પડી જ જશે. સત્ય તો સ્પર્શે છે. સત્યને ગંધ હોય છે. સત્યને સ્પર્શ હોય છે. સત્ય સર્વ પ્રકારે આપણને મહેસૂસ થાય છે. જેમને શરદીનું પ્રમાણ વધારે હોય એમને સત્યની ગંધ નથી આવતી! બાકી માણસને સત્યની ગંધ અવશ્ય આવવા લાગે છે.

❖❖❖



## સંપર્ક અને જોડાણ

**નીલેશ મહેતા**

**સ્વા**મી વિવેકાનંદનો ઈન્ટરવ્યૂ ન્યૂયોર્કમાં એક પત્રકાર લઈ રહ્યો હતો. પત્રકારે પૂછ્યું, 'સર! તમે પ્રવચનમાં સંપર્ક અને જોડાણ પર વાતો કરી તે મને સમજાવી શકશો?' સ્વામી વિવેકાનંદે પૂછ્યું, 'તમારા ઘરમાં કોણ કોણ છે?' પત્રકારે કહ્યું, 'મારી માં હવે નથી. પિતા છે. ત્રણ ભાઈઓ અને એક બહેન છે.' સ્વામી વિવેકાનંદે પૂછ્યું, 'તમે તમારા પિતા સાથે વાત કરો છો? તમે તમારા પતા સાથે છેલ્લે ક્યારેવાત કરી હતી?' પત્રકારે કહ્યું, 'કદાચ એકાદ મહિના પહેલાં.' સ્વામી વિવેકાનંદે પૂછ્યું, 'શું તમે ભાઈ-બહેન કાયમ મળો છો? તમે બધા જે ક પરિવારની જેમ છેલ્લે ક્યારે મળ્યા હતા?' પત્રકાર ઉદાસીભર્યા સ્વરે બોલ્યો, 'કેટલો સમય તમે ભાઈ બહેને તમારા પિતાની નજીક બેસીને પસાર કર્યો? શું તમે તમારા પિતાને પૂછ્યું કે કેમ છો? તેમની તબિયત કેવી છે? માતાના મૃત્યુ પછી તેમનો સમય કેવી રીતે પસાર થઈ રહ્યો છે?' સ્વામી વિવેકાનંદે એ પત્રકારનો હાથ પકડ્યો અને કહ્યું, 'શરમાશો કે દુઃખી ના થશો. મને અફસોસ છે. કદાચ મારાથી તમને અજાણતાં દુઃખ પહોંચાડ્યું હોય તો! પરંતુ આ જ તમારા સવાલનો જવાબ છે. સંપર્ક અને જોડાણ તમે તમારા પતા સાથે ફક્ત સંપર્કમાં છો પણ તમારું એમની સાથે કોઈ જ જોડાણ નથી. તમે તેમની સાથે જોડાયેલા જ નથી. તમે તમારા પિતા સાથે ફક્ત સંપર્કમાં છો. જોડાયેલા જ નથી. જોડાણ હંમેશાં આત્માનું હોય છે, હૃદયથી હૃદયનું હોય છે. એકસાથે બેસવું, ભોજન લેવું, એકબીજાની સારસંભાળ કરવી, સ્પર્શ કરવો, હાથ મિલાવવો, આંખોનો સંપર્ક થવો, એકસાથે સમય વિતાવવો એ જરૂરી છે. તમે તમારા પિતા, ભાઈ, બહેનના સંપર્કમાં છો પરંતુ તમારું એકબીજા સાથે કોઈ જોડાણ નથી.' પત્રકાર આંખો લૂછી બોલ્યો, 'મને એક સારો અવિસ્મરણીય પાઠ શીખવવા બદલ ધન્યવાદ.' આજે પણ લોકોની આવી જ પરિસ્થિતિ થઈ રહી છે. બધાના હજારો સંપર્ક છે. પણ કોઈને એકબીજા સાથે લગાવ જોડાણ નથી કોઈ જ વિચાર-વિમર્શ નહિ. પ્રત્યેક વ્યક્તિ પોતાની નકલી દુનિયામાં ખોવાયેલી છે.

❖❖❖



# પરિચય

જ્ઞાનેશ જયચંદ લાપસીયા

''જરા કુંદનિકા કાપડિયાની 'સાત પગલા આકાશમાં' આપોને ?'' કહેતા શિલ્પાએ પોતાનું લાયબ્રેરીનું ઓળખપત્ર ટેબલ ઉપર મુક્યુ. કામમાંથી સામે નજર ફેરવી, ગ્રંથપાલ આકાશે પોતાના લાયબ્રેરી પુસ્તકના રજીસ્ટરમાં જોઈ કહ્યું, ''ઉપર લોફ્ટમાં ૧૮ નંબરના કબાટમાં ત્રીજા નંબરના ખાનામાં ૧૨૧૧૭ નંબરનું પુસ્તક લઈ લેજો'', તેમની સૂચના મુજબના કબાટમાંથી તુરંત પુસ્તક લઈ નીચે આવી નોંધણી કરાવી લતા રવાના થઈ, ત્યાંજ તેને રોકતા આકાશે કહ્યું, ''જાન્યુઆરી શરૂ થઈ ગયું છે. આપને લવાજમના રૂા. ૨૫૦/- ભરવાના થાય છે, અનુકૂળ હોય તો આપજો, અન્યથા આ પુસ્તક પરત કરવા ત્યારે લેતા આવજો, કારણ ફેબ્રુઆરી શરૂ થઈ જશે તો રૂા. ૨૫/- લેટ ફી તરીકે આપવા પડશે.'' આટલું સાંભળતા જ શિલ્પાએ તરત પાછા ફરી રૂા. ૨૫૦/-નું લવાજમ ભરી તેની પાવતી મેળવી લીધી અને ગ્રંથપાલનો આભાર માની ત્યાંથી બહાર જતી રહી.

આ વાતે દસેક દિવસ વ્યતિત થઈ ગયા અને પુસ્તક પણ વંચાઈ ગયેલ જેથી શિલ્પા પુનઃ પુસ્તક બદલી કરવા લાયબ્રેરી આવી અને વિઠ્ઠલ પંડ્યાની 'મન-મોતી ને કાંચ' પુસ્તક આપવા જણાવ્યું. પુનઃ આકાશે પોતાના રજીસ્ટરમાં નજર ફેરવી શિલ્પાને કહ્યું, ''સામેની બાજુએ ૯ નંબરના કબાટમાં પ્રથમ ખાનામાં ૧૬૨૨૪ નંબરનું પુસ્તક લઈ લેજો,'' કહી પુનઃ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થઈ ગયો.

આ તરફ શિલ્પા પુસ્તક લેતા લેતા વિચારવા લાગી આ ગ્રંથપાલની નવી નિમણૂંક થઈ લાગે છે, અગાઉ તો સાડા છ દાયકા વટાવી ગયેલ કાંતિકાકા આ કાર્ય સંભાળતા હતા અને હવે પાછલા સપ્તાહથી પચ્ચીસીની આસપાસ મંડરાતો નવયુવાન ફરજ બજાવે છે, ચાલને પુસ્તકની નોંધણી કરાવી લઉ અને કાંતિકાકાની પૃચ્છા પણ કરી લઉ. પુસ્તક નોંધણી કરી લીધા બાદ શિલ્પાએ કહ્યું, ''સાહેબ ખરાબ ના લગાડો તો એકાદ બે સવાલ પૂછી શકાય ?'' તરત આકાશે પાંપણો પટપટાવી સંમતિ આપતા જ શિલ્પાએ પૂછ્યુ, ''આપનું નામ ?'' જવાબમાં ''આકાશ,'' આપ અહીં નવા ગ્રંથપાલ તરીકે જોડાયા છો ? ''હા એક સપ્તાહ પૂરૂ થયું મને ફરજ નિભાવતા.'' આપ કયા કહો છો ? ''મહાવીર નગરસ શંકરલેન, કાંદિવલી (વે.)'' બોલી શિલ્પાને પૂછ્ય, આપનું નામ અને આપ પણ સહ્યાદ્રિનગર, કાંદિવલી (વે) થાતે રહો છો તે ઓળખ કાર્ડમાંથી જાણ્યું. આપને મારી ફરજ દરમ્યાન કોઈ અડચણ થઈ હોય તો ક્ષમા કરશો, હજી નવી નોકરી છે ટેવાતા થોડો સમય લાગશે, તરત શિલ્પાએ કહ્યું, ''એવું નથી આકાશભાઈ પણ મને તમારી પહેલાના ગ્રંથપાલ કાંતિલાલ વિશે જાણવાની જિજ્ઞાશાવશ આપને પૂછી રહેલ.'' આકાશે જણાવ્યું, ''અહીનાં સંચાલક મંડળ દ્વારા જણવા મળ્યું છે કે, અગાઉના ગ્રંથપાલનું હૃદયરોગના ગંભીર હુમલાથી અવસાન થયું છે તેથી નવા ગ્રંથપાલ માટે મુંબઈ સમાચારમાં જાહેરાત આપેલ તેના ઉપર ધ્યાન ગયું, માતા-પિતાનું એકનું એક સંતાન છું, બી.એ. ની પદવી મેળવી છે પણ નોકરીની જરૂરિયાત હોઈ મે અહીં અરજી કરેલ અને પસંદગી પણ પામ્યો છું.'' ''આભાર, કાંતિકાકાના નિધનના સમાચાર જાણી દુ:ખ થયું. પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ આપે. માફ કરજો, આપનો સમય બગાડ્યો હોય તો'' કહી શિલ્પા રવાના થઈ.

શિલ્પો પોતાની બી.કોમ. ગ્રેજ્યુએશનની પદવી પ્રાપ્ત કર્યા બાદ કાંદિવલી ખાતેના સરસ્વતી ગ્રંથાલયમાં સદસ્ય બની હતી, શાળા-કોલેજના અભ્યાસ દરમ્યાન તેને વાંચવાનો ગજબનો શોખ તેથી ઘરમાં ચિત્રલેખા, નવનીત સમર્પણ, મુંબઈ સમાચાર જેવા સામયિકો નિયમિત આવતા, તેમજ તેના દરેક વર્ષના ઉતીર્ણ થયાના અવસરને ઉજવણીમાં ફેરવવા તેને મનગમતા લેખક-લેખિકાઓના પાંચ પુસ્તકોનો સંપુટ નવભારત સાહિત્ય મંદિરમાંથી લાવી માતા-પિતા તરફથી ઉપહાર આપવામાં આવતો એટલે ઘરમાં પણ લગભગ ૧૦૦ જેટલા પુસ્તકોનું નાનકડું ગ્રંથાલય વિદ્યમાન હતું.

પરિવારની આવક સારી હોઈ પદવી પ્રાપ્ત કર્યા પશ્ચાત નોકરી કરવાની જરૂરત ન હતી તેથી સમય પસાર કરવા પોતાના સાહિત્ય વાંચનના શોખને પૂર્ણ કરવાનું શિલ્પાને ઉચિત લાગ્યું અને પોતાના જ

વિસ્તારમાં વિદ્યમાન લાયબ્રેરી હોઈ પગલા સત્વરે તે તરફ વળી ગયા.

સામાન્ય રીતે આઠ દસ દિવસે પુસ્તક બદલાવવા આવતી શિલ્પા આજે સાતમાં દિવસે જ પુસ્તક બદલી કરવા આવી ગઈ અને નિત્યક્રમ અનુસાર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના ''સરસ્વતી ચંદ્ર'' પુસ્તક આપવા માટે જણાવ્યું તરત આકાશે રજીસ્ટરમાં નજર ફેરવી સામે રાખેલ સાત નંબરના કબાટમાં ચોથા ખાને ૧૯૨૨૧ નંબરનું પુસ્તક લઈ લેવા જણાવ્યું અને તરત જ પુસ્તક મેળવી તેની નોંધણી કરાવી સહજ સ્મિત વેરતી શિલ્પા પસાર થઈ ગઈ.

આ તરફ સ્મિતનો આકાશે જવાબ સ્મિતમાં આપી દીધો પણ મનોમન વિચારવા લાગ્યો વિના પ્રયોજન આ સ્મિત વેરવાનું કારણ શું હશે ? પણ તે દિશામાં વધુ વિચારવાનો સમય ન વેડફતા પુનઃ કાર્યમાં વ્યસ્ત બની ગયો.

સરસ્વતીચંદ્ર વાંચતા જ શિલ્પાના વિચારો પણ યુવાન બન્યા હોય તેવું અનુભવ્યું અને પુસ્તક વાંચન પુરૂ થતાં જ પુસ્તક આપવા લાયબ્રેરી પહોંચી અશ્વિની ભટ્ટની ''ઓથાર'' પુસ્તક આપવા પુછતા જ આજે જ કોઈ વાચક લઈ ગયેલ છે તેથી ઉપલબ્ધ નથી તમે જો કહો તો અશ્વિની ભટ્ટની જ બીજી નવલકથા 'આશકા માંડલ' હાજર છે અને આજે જ કોઈ વાચક આપી ગયેલ છે, એટલે કે અહી જ છે, તેનું વાક્ય પૂર્ણ થયા પૂર્વે જ શિલ્પાએ સંમતિ આપી દીધી.

નોંધણી રજીસ્ટરમાં કરી તરત પુસ્તક અપાઈ ગયું, ત્યારે પણ શિલ્પાએ તેની સામે સ્મિત વેર્યુ અને પૂછ્યું ''તમને સાપ્તાહિક રજા ક્યારે હોય?'' આકાશે કહ્યું, ''રવિવાર'' અને આટલું સાંભળ્યા બાદ આભાર વ્યક્ત કરી શિલ્પાએ પ્રયાણ કર્યું ઘર તરફ વળી.

પુનઃ આકાશ વિચારમગ્ન બની ગયો, ગત સપ્તાહમાં સ્મિત વેર્યુ અને આજે સાપ્તાહિક રજા વિશે પૂછ્યુ! સામાન્યપણે નિરાંતે પુસ્તક વાચી આઠ-દસ દિવસે નવું પુસ્તક બદલાવવા આવતી શિલ્પા હવે શનિવાર, શુક્રવાર કે ગુરુવારે પણ આવવા લાગી, તેને પણ એક માસનો સમય પસાર થઈ ગયો છે. જરૂર તેના મનમાં કાંઈક ચાલી રહ્યું હશે આ વખતે તો પૂછી જ લેવું છે એમ નિર્ધાર કરી કાર્યમાં પ્રવૃત્ત થયો.

આજે તો આકાશના અચરજની સીમા ના રહી. પુસ્તક બદલાવવા માત્ર ચાર દિવસના ગાળા બાદ આવી છે, શિલ્પા અને તે વર્ષા અડાલજાની 'એકને એક પાંચ' પુસ્તકની માંગણી કરી રહેલ તો આકાશે સામેથી પૂછી જ લીધુ ''શિલ્પાબેન, પુસ્તક પુરું વાચ્યું નથી લાગતું? ગમ્યું નથી લાગતું? માટે જ આટલા જલ્દી પુસ્તક બદલવા આવ્યા હશો ને?'' તરત શિલ્પાએ નયન રમાડતા જવાબ આપ્યો ''પુસ્તક બદલાવવા અહીં આવે જ કોણ છે, મેં તો તમને પહેલી વખત જોયા ત્યારથી માત્ર તમને જોવા જ આવી રહી છું. ભલે રહ્યું પુસ્તકનું બહાનું, પણ હા એનો અર્થ એમ નહીં લેતા આકાશભાઈ કે હું પુસ્તક વાંચતી નથી, પાને પાનું વાચું છું, વાંચન માટે સમય વધુ ફાળવી રહી છું તો હવે કહો મને ક્યાંથી મેળવું 'એક ને એક પાંચ'? ''આપ ઉપર જાઓ ૭ નંબરના કબાટમાં બીજા ખાનામાં ૧૮૫૨૫ નંબરનું પુસ્તક છે.'' તેનું બોલવાનું પૂરૂ થયું કે સડસડાટ ચાલી શિલ્પા ઉપર. ચીંધ્યા મુજબના સ્થળે અને પુસ્તક લાવી નોંધણી કરાવી. જતાં જતાં શિલ્પા એક ડબ્બો આપતા બોલી, ''આ લ્યો ગાજરનો હલવો, મે મારા હાથે બનાવેલ છે. તમારા માટે! શાંતિથી ખાઈ લેજો ડબ્બાની ઉતાવળ નથી'' બોલી ડબ્બો આપી ચાલી નીકળી.

વર્ષા અડાલજાનું પુસ્તક પરત કરવા શિલ્પા ત્રીજા જ દિવસે લાયબ્રેરી પહોંચી ગઈ. બે દિવસથી સાથે લાવેલો ખાલી ડબો પરત કરતા આકાશે આભાર માન્યો હવા માટે. આમ શિલ્પા નિયમિત રીતે લાયબ્રેરી આવી ગુણવંત આચાર્ય, પ્રિયકાંત પરીખ, ગિરીશ ગણાત્રા, સુરેશ દલાલ, કાજલ ઓઝા વૈદ્ય ઈત્યાદિ સાહિત્યકારોનાં પુસ્તકો વાચવા લઈ જતી, આજે તેમાંથી કોઈ સર્જકનું નામ ઉચ્ચારે કે બીજું કાંઈ શિલ્પા બોલે તેનાથી પહેલા આકાશે કહ્યું, ''તમને રહસ્ય કથા, ભુતકથા વગેરે જેવા પુસ્તકો વાંચવાનો શોખ નથી લાગતો, મને તો ખુબ જ રસ છે. હરકિશન મહેતા, કનુ ભગદેવ, ગૌતમ શર્મા જેવા લેખકો આ ક્ષેત્રે ખૂબ જ સફળ રહ્યા છે. મે તેઓના પ્રત્યેક પુસ્તક વાંચ્યા છે, આજે એકાદ પુસ્તક તમે પણ વાંચીને પ્રયત્ન કરો તમને પણ જરૂર ગમશે અને રૂચિકર ના લાગે તો તમો તમારી પસંદના પુસ્તકો જ લઈ જઈ શકશો,'' કહેતા જ હરકિશન મહેતાની 'જગ્ગા ડાકુના વેરના વળામણા' પુસ્તક હાથમાં આપી દીધું, નોંધણી કરી લીધી.

આ બધુ એટલી ઝડપથી બની ગયું કે શિલ્પાને સમજવાનો વિચારવાનો કોઈ સમય જ ના રહ્યો પણ આકાશનાં શબ્દોની ઘેરી અસરમાં જ ઘુમરાતા ઘુમરાતા લાયબ્રેરીમાંથી ઘર તરફ જવા ચાલી નીકળી શિલ્પા.

હવે તો આ નિત્યક્રમ જેવું બની રહેલ શિલ્પા આવશે જ તેની જાણે અગાઉથી જાણ હોય તેમ આકાશ પોતાની પસંદના એક પછી એક પુસ્તક તેના માટે કાઢી રાખતો, શિલ્પા આવે તેની સાથે અલપ-ઝલપની વાતો કરી લેતો અને સાથે લાવેલ નાસ્તો, મીઠાઈ વગેરે સ્વીકારી લેતો. તેને બદલે ચોકલેટ, કેટબરી, બિંદી, કાજલ, કાનની બુટ્ટી, સ્ટેશનરી કે

પરફ્યુમની સાથે આભારની નોંધ લખી પરત કરતો અને હસતા વદને શિલ્પા વિદાય લેતી.

આમ ને આમ લગભગ છ માસનો સમય વ્યતીત થતો તેમ તેમ ઉભય પક્ષે એકમેક માટે લાગણીના અંકુરો ફુટ્યાનું અનુભવ્યું. હવે તો આકાશ પણ તેના આગમનની આતુરતાથી રાહ જોતો થઈ ગયો. એક દિવસે શિલ્પાએ આવતાની સાથે જ સીધો સવાલ કર્યો કે આવતીકાલે તો રવિવારની રજા હશે ને ? તો આપણે ક્યાંક મળીએ, કોફી પીશુ ? સમય પસાર કરીશું. શું તમને ફાવશે ? ''જાણે તકની રાહ જ જોતો હોય તેમ આકાશે હકારમાં સંમતિ આપી, પણ સાથે એક શરત પણ મુકી, હું જરૂર મળીશ પણ તમે મને આપ નહીં તું કહી બોલાવશો તો જ !'' તેનો સસ્મિત શિલ્પાએ સ્વીકાર કર્યો. શિલ્પાએ પણ તેને તમે કે આપને બદલે તું કહેશે તો વધુ ગમશે કહી આવતી કાલ મળવાનો સમય અને સ્થળ નક્કી કરી લીધા.

નિયત સમય થતાં બન્ને બોરીવલી સ્ટેશને મળ્યા, જ્યાંથી રીક્ષા કરી ગોરાઈ પહોંચ્યા, ત્યાંથી બોટમાં બેસી સામેનાં કાંઠે ઉતર્યા અને ત્યાંથી ટમટમમાં બેસી દૂર આવેલા બીચ ઉપર પહોંચ્યા અને એક સારી અને સુરક્ષિત સ્થળે જઈ રેતીમાં જ બેસી ગયા, અલક-મલકની વાતો કરી અને દિવસ ક્યાં પસાર થઈ ગયો તેની જાણ પણ ના રહી, સૂર્ય અસ્તાચળે જવા અધીર બની ગયો જોઈ ના છૂટકે વિદાય સ્વીકારી ઘર તરફ પધાર્યા.

હવે તો પ્રતિ સપ્તાહ કે સાર્વજનિક તહેવારોની રજાઓમાં બરીસ્ટા, કેફે કોફી ડે, મોલ, સિનેમા ઘર, એસ્સલવર્ડ, મેકડોનલ્ડ, અરનાળા બીચ, સુરજ વોટર પાર્ક, જૂહુ ચોપાટી જેવા સ્થળોએ મળવાનું થવા લાગ્યું. પોતાના ગમા-અણગમા પરિવારજનો વિગેરેની પસંદ-નાપસંદની માહિતી એકબીજાને જણાવવા લાગ્યા.

પ્રારંભિક મુલાકાતો દરમ્યાન તો બન્નેના નિયત સમય સચવાઈ જતાં, પણ હવેથી પ્રત્યેક મુલાકાતે કોઈને કોઈ કારણસર આકાશને નિયત સ્થાને પહોંચતા મોડું થતું અને શરૂ થતી બન્ને વચ્ચે રકઝક, પણ સમજાવટના અંતે ઘીના ઠામમાં ઘી પડી રહેતું.

મોલમાં કે રેસ્ટોરામાં જમવા સમયે આકાશને ગુજરાતી થાળી, પુરણપોળી, ચુરમુ, દાલ-ખીચડી જેવું ખાવા મળે તો સંતોષ થતો. જ્યારે આનાથી વિપરીત શિલ્પા ઉપરોક્ત વસ્તુઓ માટે સદાય અણગમો દર્શાવતી તેને તો પિત્ઝા, બ્રાઉની, નાચોસ, પાસ્તા, સીઝલર, ચાઈનીઝ જેવી લજ્જતદાસ વાનગીઓમાં રૂચિ રહેતી, પરંતુ આ વિરોધાભાસ માટે કદી એકમેકને ઉણો અક્ષર પણ કહેતા નહી.

એકમેક માટે ગજરા, ગુલાબ, કાંડા ઘડિયાળ, મની પર્સ ઈત્યાદી ઉપહારો લાવવા, રોમેન્ટિક ગ્રીટીંગ કાર્ડ આપવા વગેરે એકદમ સામાન્ય બનતું ગયું. એક દિવસ અચાનક મિલનોત્સવ દરમ્યાન શિલ્પા દ્વારા એક લાગણીસભર પ્રેમપત્ર અપાયો. સાહિત્યમાં રસ રૂચિ હોય પછી ભાષાનું તો પૂછવાનું જ શું ? આ પત્ર આકાશના હૃદય ઉપર એકદમ અંકિત થઈ ગયો, અને હવે ઉભય પક્ષે પત્રોની અદલાબદલી થવા લાગી. આમને આમ નિકટતા વધતા વધતા હવેના મિલનો હોટેલના રૂમમાં થવા લાગ્યા. આટલો સમય સંયમિત રહેલા શિલ્પા-આકાશના મર્યાદાઓની સીમા ઓળંગાતી ગઈ અને એક તબક્કે બન્ને એકમેકમાં ઓગળી ગયા પણ જરૂરી સાવધાની સાથે.

હવે તો દિવસનો સમય ટૂંકા પડતા લોનાવલા, માથેરાન, ગોવા ઈત્યાદિ મુંબઈ બહારના સ્થળોએ પણ બે-ત્રણ દિવસનાં ટૂંકા વેકેશન પણ સજોડે માણવા લાગ્યા. પ્રેમરંગમાં ડૂબકીઓએ લગાડતા લગાડતા બન્નેનું જીવન એકમદ રંગીન બનવા લાગ્યું, જોતજોતામાં આવા મિલનોને પણ બાર માસ જેટલો સમય પસાર થઈ ગયો.

એક દિવસ આવી જ રીતે તૃપ્ત થયા બાદ શિલ્પાએ આકાશને પૂછ્યુ, ''આપણે પરિણયની ગાંઠે ક્યારે બંધાઈશું ?'' તો આકાશે ઉત્તર આપ્યો ''આ રીતે જ આપણે વૈવાહિક જીવન જીવી રહ્યા છીએ તો પછી પરિણયની મહોર શા માટે ?'' તરત જ શિલ્પા બોલી, ''આ સંબંધને નામ આપી શકાય તેથી પરણવું અનિવાર્ય છે. આપણા પણ સંતાન હોય, પરિવાર હોય તેવું મારું સ્વપ્ન છે. માટે સત્વરે નિર્ણય લઈને મને જવાબ આપજે, આકાશ, મારે ઘરે પણ માંગા આવી રહ્યા છે, પરંતુ હું બહાનાઓ કરી દૂર ઠેલ્યા કરું છું.''

આ વાતને લગભગ એક સપ્તાહ પસાર થયો હશે અને એક દિવસ શિલ્પાના દ્વારે આકાશ તેના માતા-પિતાને લઈ ઊભો રહ્યો અને તેના માવતર પાસે શિલ્પાના હાથની માંગણી કરી, આ તરફ અચાનક બનેલ બનાવ એક મધુર સ્વપ્નના મૂર્તિમંત થવાની ક્ષણો હતી પણ તેના માટે શિલ્પા તૈયાર ન હતી પણ આંગણે આવેલ તકને વેડફી નાખે તેટલી બાલિશ કે બુદ્ધુ પણ ન હતી, તેથી તેણે તેના માતા-પિતાને પોતાના આકાશ સાથેના પરિચયની સઘળી વાત રજૂ કરી અને થોડીક દલીલો અને આક્રોશ પશ્ચાત મનાવી જ લીધા વેવિશાળ માટે.

અને આમ લાયબ્રેરીમાં પુસ્તક બદલાવતા થયેલ પલભરનો પરિચય એક શુભ ચોઘડિયે પરિણયમાં પલટાયો.

❖❖❖

# ધંધા-ઉદ્યોગમાં ટ્રસ્ટીશિપ

મહેશ દવે

**મા**લિક, વેપારી, કારખાનેદાર, ઉદ્યોગપતિ - એ સૌ ધન કમાવા આર્થિક પ્રવૃત્તિ કરે છે. એ કમાય તે ધન તેનુ. એ ધન એ ફાવે તેમ વાપરે, મોજમજા કરે, તે વાજબી અને ન્યાયી છે એવી માનસિકતા આપણા હાડમાંસમાં પાક્કી અને દઢ થયેલી છે. ગાંધીજીએ સર્વોદય વિચારસરણીમાં એવી વાત કરી કે ધનપતિ પોતાના ધનનો માલિક નથી. એ પોતાની સંપત્તિનો ટ્રસ્ટી છે. એનું ધન પોતાને માટે નથી, પણ ટ્રસ્ટના લાભાર્થીઓ **(benificiaries)** માટે છે. એ ધન સર્જવામાં જેમનો પરિશ્રમ છે, જેમનો હાથ છે અને જે સમાજમાં જીવીએ છીએ એ સમાજનો ભાગ છે. તેમના લાભ અને કલ્યાણ માટે ટ્રસ્ટના ધનનો વ્યય કરવાનો છે. આ વાત ગળે ઊતરતી નથી. બીજાઓ માટે એવું કોણ તૂટી મરે ?

હમણાં એક પ્રસંગની તૈયારી માટે ભાવનગરની એક્સેલ ક્રોપ કેરમાં જવાનું થયું. નાના-મોટા ઉદ્યોગો તો ઘણાં જોયા છે, પણ અહીં વાતાવરણ જુદું લાગ્યું. જાણે વિશાળ બગીચામાં પ્રવેશતા હોઈએ એવું લાગ્યું. ચારે બાજુ વૃક્ષોનું કવર. રસ્તા ચોખ્ખા અને રસ્તાની ધારે ધારે લીલા છોડ અને રંગબેરંગી ફૂલો. અંદર પ્રવેશ્યો તો બધું વ્યવસ્થિત પણ કશું 'પૉશ' નહીં. હવે તો ગમે ત્યાં જઈએ બધું રુઆબદાર - ચમકતા આરસ કે રંગીન પથ્થરોથી સજેલી દીવાલ, મોંઘુંદાટ રાચ-રચીલું ને ફર્નિચર. કર્મચારી બધા અંગ્રેજીમાં ગોટ-પીટ કરે, પણ અહીં એક્સેલમાં એવું નહોતું.

એક્સેલ કંઈ નાનો ઉદ્યોગ નથી, મુંબઈ, ભાવનગર ને સેલવાસમાં કરોડો રૂપિયાના કૅમિકલ્સ, પેસ્ટિસાઇડ, ઇનસેક્ટિસાઇડ વગેરે બનાવે છે ને વેચે છે. એની શરૂઆત ૧૯૪૧માં ચાંપરાજભાઈ શ્રોફે કરેલી. ૧૯૭૦માં ભાવનગરમાં ૭૫ એકર જમીનમાં ઉદ્યોગનો વિસ્તાર કર્યો. છ-છ-ઈંચ મીઠાના થરવાળી જમીન, આસપાસ દારૂ ગાળનારા, ગુનાખોર આડોડિયા કોમની વસતી શહેરના છેવાડાની જમીન - કલેક્ટરે ચેતવેલા. પણ શ્રોફ-કુટુંબને અહીં લોક સુધારવા'તા, નંદનવન બનાવવું'તું. જમીનને સુધારી. આડોડિયાઓને નોકરીએ રાખી સુધાર્યા, સૌને સારા વેતન આપ્યાં, કર્મચારીઓને શૅર આપ્યા (રૂ. ૧૦/-ના શેરનો ભાવ વધીને એક તબક્કે રૂ. ૧૦૦૦/- સુધી પહોંચેલો). ચાંપરાજભાઈના નાના ભાઈ ગોવિંદજીભાઈએ ભાવનગર સંભાળ્યું. ત્રીજા ભાઈ કાન્તિસેન શ્રોફ કચ્છમાં કારીગરી અને કારીગરો વિકસાવવાનાં કામમાં પડ્યા છે.

અમે ગયા ત્યારે વહીવટી કર્મચારીઓની મિટિંગ ચાલતી હતી. મૅનેજરથી માંડી કારકુન સુધી સૌના એક જ ડ્રેસ. 'બ્લૅકીશ પૅન્ટ, ગ્રીનિશ શર્ટ'. કુટુંબના સભ્યોની જેમ સૌ વર્તે. અસલ કાઠિયાવાડી લહેકામાં વાતચીત. 'નો ગોટપીટ'. સહજ વર્તન. બધાને 'સબસિડાઈઝડ' (સંસ્થા-સહાયથી સસ્તા) ભાવે ચા-નાસ્તો અને ખાણું. એસેમ્બલી લાઈન પર આવતી હોય તેમ આવતી ગરમાગરમ રોટલી, દાળ, શાક/કઠોળ, ભાત, કચુંબર અને કેળાંનું પૌષ્ટિક યથેષ્ટ ભોજન, રૂ. ૧/-ના ભાવે ! ગોવિંદજીભાઈનાં માતુશ્રીએ રસોડું શરૂ કરેલું. પૌષ્ટિક ખોરાકને બદલે દારૂ-ભજિયાંમાં પૈસા ન વેડફાય એ ભાવના. કાયદા પ્રમાણે ૮.૩૩% બોનસ આપવાનું હોય છે. અહીં મજૂર-કરાર મુજબ નફાને કારણે ક્યારેક ૨૦% બોનસ પણ અપાયું છે. આ વર્ષે તે ઉપરાંત સૌને ૩૪,૦૦૦ રૂપિયા મળ્યા. સ્વચ્છ, સાદું, આરોગ્યપ્રદ પર્યાવરણ. મને લાગ્યું આજના સમયમાં પણ ટ્રસ્ટીશિપનો સંબંધ વેપાર ઉદ્યોગમાં શક્ય છે. માનસિકતા અને સંકલ્પ જોઈએ.

❖❖❖

## કોઈ બેસતું કેમ નથી ?

જાપાનની શહેર-પરાંની લોકલ ટ્રેનોમાં ભીડ તો આપણે ત્યાં થાય છે એના જેવી જ; પણ લોકો ઘણા તાલીમબદ્ધ. ગાડી આવે ત્યારે તેમાં ચડનારા હારબંધ ઊભા હોય પ્લૅટફૉર્મ પર. ઊતરનારા ઊતરી જાય પછી નવા મુસાફર ચડે, દરવાજો બંધ થાય પછી જ ગાડી ઊપડી શકે, એવી યાંત્રિક ગોઠવણી.

સાકાઈથી ઓસાકા જવા હું લોકલમાં ચડ્યો. ડબ્બામાં છત પરથી લટકતાં કડાં પકડીને ૨૦-૩૦ જણ ઊભા હતા. એક બેઠક ખાલી પડેલી હતી. ''કોઈ કેમ બેસતું નથી ?'' મેં સાથેના મિત્રને પૂછ્યું. તેમણે સમજાવ્યું કે, ''જેટલા ઊભા છે તે સૌને બેસવું તો છે; પણ ખાલી બેઠક એક જ છે તેથી બધા એમ વિચાર કરે છે કે, બેઠક મને નહીં - કોઈ બીજાને મળવી જોઈએ. માટે સૌ ઊભા છે.''

બીજાને સગવડ પહેલી મળવી જોઈએ, એ ભાવના માત્ર રેલગાડીમાં જ નહીં પણ જીવનના બીજા ઘણા વ્યવહારોમાં જાપાની લોકોમાં મેં જોઈ.

**– મોહન પરીખ**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- ચિ. અક્ષતની અઠ્ઠાઈ તપ નિમિત્તે માતુશ્રી સરોજબેન પુનમચંદ અજમેરા પરિવાર તરફથી (હાલ- બોરીવલી (વેસ્ટ)
- શ્રી ચંદ્રકાંત ગીરધરલાલ શાહ મુળીવાળા તરફથી પૂ. મહાસતીજી આત્મ દયાશ્રીજીના (સંસારી નામ ગૌતમગઢ નિવાસી લીલાબેન ચંદુલાલ વોરાનો) સંયમ સાથે સંથારો સીઝયો. તે નિમિતે તેમના ભાણેજ તરફથી
- એક સદ્ગૃહસ્થ તરફથી

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રસમાં ફેરફાર કરવો હોય તો ફક્ત સભાની ઑફિસમાં જ નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો. સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
## શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં મળેલ રકમની વિગત

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શેઠના સ્મરણાર્થે હ. ભારતીબેન દિનેશભાઈ શેઠ રૂા. ૫,૦૦,૦૦૦/-**
**લીંબડી નિવાસી (હાલ - અંધેરી - આનંદ)**

## પર્યુષણ પર્વ દરમ્યાન આવેલ ફંડની યાદી

| | |
|---|---|
| ચેતન ચુનીલાલ માલવણીયા બોટાદ નિવાસી (હાલ-વસઈ) | રૂા. ૫૦૦૦/- |
| મીરાબેન અશોકભાઈ શાહ તરફથી (હાલ-મુંબઈ) પાણી પરબ ફંડ | રૂા. ૫૦૦૦/- |
| દક્ષાબેન અનોપચંદ દોશી (હાલ-વસઈ) | રૂા. ૫૦૧/- |
| શ્રી ભુપેન્દ્રભાઈ હરખચંદ ગાંધી (મીરારોડ) | રૂા.૫૦૧/- |
| ચિ. દિપ શાહની તપસ્યા નિમિત્તે હ. નિરવ નરેન્દ્રભાઈ શાહ (મીરારોડ) | રૂા.૫૦૧/- |
| ચિ. વૃષ્ટી શાહના ૧૬ ઉપવાસની તપસ્યા નિમિત્તે હઃ સમીરભાઈ વર્ધમાનભાઈ શાહ (મીરારોડ) | રૂા.૫૦૦/- |

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **પાર્થ — ઈશિતા** | | |
| શ્રી આસિતભાઈ વ્રજલાલ વોરાના સુપુત્ર ગંજેળા નિવાસી (હાલ -મલાડ -વેસ્ટ) | | |
| શ્રી મનીષભાઈ નંદલાલ શાહની સુપુત્રી વિંછીયા નિવાસી (હાલ-કાંદિવલી - વેસ્ટ) | ૬૦૧ | ૬૦૧ |
| **નિલ — રૂપલબા** | | |
| શ્રી ભાસ્કરભાઈ રતીલાલ સંઘવીના સુપુત્ર વિરમગામ નિવાસી (હાલ- બોરીવલી) | | |
| શ્રી કિશોરસિંહ કંચનસિંહ ઝાલાની સુપુત્રી રાજસીતાપુર (હાલ- માટુંગા-મુંબઈ) | ૬૦૦ | ૬૦૦ |
| **જૈનમ — ધૃષ્ટિ** | | |
| શ્રી હર્ષદભાઈ અમૃતલાલ શાહના સુપુત્ર સાણંદ નિવાસી (હાલ-મુલુન્ડ) | | |
| શ્રી દિલીપભાઈ દાનાભાઈ બેરાની સુપુત્રી ભચાઉ (કચ્છ) નિવાસી (હાલ-માટુંગા) | ૬૦૦ | ૬૦૦ |

## પ્રતિભાવ

આપણી માસિક શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા પત્રિકા દર મહિને પ્રાપ્ત થાય છે. જે ગર્વભેર અમારા સ્થાનકવાસી જૈન સમાજના તમામ સમાચાર આવરી લે છે. જેમાં તમામ જૈન તહેવારો અને પ્રસંગોનો સમાવેશ થાય છે.

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના નિયમિત અહેવાલો પણ પ્રકાશિત થાય છે, જે સભ્યોને અન્યથા જાણ ન હોય. પ્રિન્ટિંગ ગુણવત્તા અને પેપરની ગુણવત્તા પણ ખૂબ જ ઉત્તમ છે.

પ્રેરણાત્મક લેખો ખૂબ જ સુંદર રીતે પસંદ કરવામાં આવે છે. જે પરિવારજનોને વાંચવા યોગ્ય છે અને ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત લેખકો અને વિદ્વાનો દ્વારા લખાયેલા છે.

આ પ્રકાશન તેનો ૭૧મો વર્ષ ઉજવી રહ્યું છે અને આગામી સમયમાં તેની પ્લેટિનમ જ્યુબિલી ઉજવણી માટે આતુર છીએ.

લેખમાળાની શ્રેણી પણ શરૂ થવી જોઈએ અને પત્રિકામાં આપણાં ૨૪ તીર્થંકરોના જીવન અને ગુણો સાથે જ ગુજરાતના ઝાલાવાડ જિલ્લાના પ્રસિદ્ધ મહાનુભાવોના જીવન વિષે પ્રકાશિત થવી જોઈએ.

આ બધું કહીને, અમે સભાની માસિક પત્રિકા પ્રાપ્ત કરીને અને વાંચીને સદાય જોડાયેલા અનુભવીએ છીએ.

સ્નેહભરી શુભેચ્છાઓ સાથે,

- CA હેમંત મહેન્દ્ર શાહ


**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**

**શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા**
**પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ**
**(ફોન કરવો નહી)**

Advt.


**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# દુ:ખનું ઓસડ દહાડા

શરદ મણીયાર

લગભગ ૪૫ વર્ષના ખૂબ જ સુખી દાંપત્ય જીવનનો આમ અણધાર્યો અંત આવશે એવું મનુભાઈએ કદી સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું એનો કલ્પાંત આજે પત્ની લક્ષ્મીના કાયમી વિદાયના બારમાં દિવસે પણ એમને એટલો જ વસમો લાગી રહ્યો હતો. 'દો હંસો કા જોડા બિછડ ગયો રે, ગજબ ભયો રામા જુલમ ભયો રે'. એક દિવસ રેડિયો ઉપર પર આ ગીત સાંભળતા હતાં ત્યારે તેઓએ લક્ષ્મીને પૂછ્યું હતું કે, 'હે લચ્છુ, જો સાચે જ આવું બની જશે તો તું શું મારા વગર જીવી શકીશ ?'. ત્યારે લક્ષ્મીએ પણ ઠાવકાઈથી અને નિર્દોષ ભાવે મનુભાઈ ને પૂછ્યું હતું, 'મન, તમે એવું ધારી જ કેમ લ્યો છો કે તમે જ મારા કરતા પહેલા જતા રહેશો ?' 'કારણ કે હું આવ્યો છું તારા કરતાં પ્હેલાં તો મારે જવું પણ પડશે ને તારા કરતા પ્હેલાં ?'. મનુભાઈ ની દરિયાઈદિલી ને લક્ષ્મીજ પહોંચતી, 'માસ્તર સાહેબ, એવું જરાય જરૂરી નથી હો, કોના આયુષ્યની ફિક્સડ ડિપોઝીટ માં ઉપરવાળાએ કેટલા શ્વાસનું બેલેન્સ મૂક્યું છે એ તો ખુદ ખાતેદારને પણ ખબર નથી હોતી, તો એવું પણ બને કે હું જ તમારાથી પહેલા જતી રહું અને તમે જોતા જ રહી જાવ મારી જિંદગી ની ખાલી પાસબુકને'. 'ના લચ્છુ ના, તો તો હું ઉપરવાળા સામે બંડ પોકારીશ, અનશન પર ઉતરી જઈશ પણ તારા વગર તો એકે'ય પળ નહીં જીવી શકીશ'. 'મારે આ બાબતમાં તમારી સાથે કોઈ ચર્ચા નથી કરવી, છાનામાના સુઈ જાવને હવે ?' લક્ષ્મી નો આ મીઠો ઠપકો હવે એક દીવા સ્વપ્ન બની ગયું હતું. એના મધુર અવાજના શબ્દો ના ભણકારા અને એની ઉપસ્થિત નો અહેસાસ મનુભાઈને એમનાં એક એક શ્વાસ માં વર્તાઈ રહ્યો હતો. જીવન દુષ્કર બન્યું હતું. એમની વિવશતા અને લાચારી ની લાગણીઓ લક્ષ્મીની એક ઝલક જોઈ લેવાની માંગણીઓ લઈને જીદે ભરાઈ હતી. પણ ત્યાં જ મમતા વહુના મધુર અવાજે મનુભાઈ ને સજાગ કર્યા, 'પપ્પા, ચાલો થોડુંક ખાઈ લ્યો'. લથડતા પગે મનુભાઈ ડાઈનિંગ ટેબલ ઉપર પ્હોંચી તો ગયા પણ લક્ષ્મીના હાથનો સ્વાદ માણી ચૂકેલાને વહુના હાથે બનાવેલી રસોઈ કેમેય કરીને ગળે ઉતારી શકાતી નહોતી.



ક્યારેક તેઓ લક્ષ્મીને કહેતા પણ ખરા કે, 'લચ્છો, હું તો ફક્ત તારા હાથનું ખાવા માટે જ જીવી રહ્યો છું.' પણ આજે એના વગર જીવવા માટે થોડું ખાવું જરૂરી હતું. કારણ કે હવે પુત્ર સુકેતુ, મમતા વહુ અને લાડકો પૌત્ર જીયાન્શ જ એમના જીવવાની જીજીવિષા હતા.

બીજી દિવસે વહેલી સવારે મનુભાઈની આંખ ખુલ્લી ત્યારે ઉદાસ મને વિચાર આવ્યો કે પોતે ઘણા દિવસથી નિયમિત રીતે બાજુમાં આવેલા ગાર્ડનમાં વોકિંગ કરવા અને પોતાના અંગત મિત્રો સાથે સત્સંગ કરવા નથી ગયા તો આજે હવે જઈ આવવું જોઈએ. અને પોતાના વિચારોને અમલમાં મૂકીને તેવો પહોંચી ગયા ત્યાં જ્યાં એમના મિત્રોએ એમનું ઉમળકા ભર્યું સ્વાગત કર્યું.

બધાએ એમને ભેટીને ફરી એકવાર સાંત્વના આપી તો મનુભાઈ એ ગળગળા થઈ હાથ જોડીને સૌનો આભાર વ્યક્ત કર્યો. ત્યાં જ એમના એક વિશેષ મિત્ર જશવંતભાઈ પણ આવી ચડ્યા અને બોલ્યા, 'મનુ, આજે તને ક્યાંક લઈ જાવો છે, તો શું તું આવીશ મારી સાથે ?'. 'ક્યાં જવું છે ?'. મનુભાઈએ સાહજીકતાથી પૂછ્યું તો જશવંતભાઈએ કાંઈ કહેવાનો ઈનકાર કર્યો અને ફક્ત એટલું જ બોલ્યા, 'તું એકવાર ચાલ મારી સાથે ત્યાં અને પછી જો ભાભીની જુદાઈ ના ગમ માંથી તું થોડોક હળવો થઈ શકીશ'.

બરાબર દસ વાગે જશવંતભાઈ મનુભાઈ ના ઘરે એમની ગાડી લઈને આવી ગયા અને રવાના થયા એક એવા રસ્તે જેની મંઝિલ કદાચ મનુભાઈ ને જીવવાની નવી દિશા બતાવવાની હતી. લગભગ એક કલાકના સફર બાદ એમની કાર જ્યાં પાર્ક થઈ એ જગ્યા જોઈને મનુભાઈ આશ્ચર્યચકિત થઈ ગયા. એ જગ્યાના મુખ્ય પ્રવેશ દ્વાર પર બોર્ડ હતું 'અમારું ઘર'. આ

હતું એક વૃદ્ધાશ્રમ જેમાં પ્રવેશતા જ મનુભાઈ અસમંજસની સ્થિતિમાં મુકાઈ ગયા અને આંખના ઈશારે જશવંતભાઈ ને પૂછ્યું કે અહીંયા આપણે શા માટે આવ્યા છીએ. તો જશવંતભાઈ એ હાથ ના ઈશારે એમને ફક્ત ચૂપચાપ એમની પાછળ આવવા જણાવ્યું. વૃદ્ધાશ્રમમાં પ્રવેશ બાદ અહીંના મુખ્ય સંચાલકોએ એમનું અભિવાદન કર્યું. ઓપચારિક વાતો કરી, હળવો ચા નાસ્તો પણ કર્યો ને બાદ જશવંતભાઈ અને મનુભાઈ આખા વૃદ્ધાશ્રમની લટાર મારવા નીકળી પડ્યા. એક પછી એક પોત પોતાની રૂમમાં વિશ્રામ ફરમાવી રહેલા દંપતિઓ તથા એકલ-દોકલ નિવાસીઓ સાથે વાર્તાલાપ અને પોતાના વિચારોનું અદાન-પ્રદાન કરવા લાગ્યા અને ખૂબ જ વિનયપૂર્વક જાણવાની કોશિશ કરી કે એવો શા માટે પોતાના પરિવાર છોડીને અહીંયા રહેવા આવ્યા છે. તો ખૂબ જ આશ્ચર્યજનક આઘાત સાથે જાણવા મળ્યું કે ઘણા લાચાર દંપતિઓ પોતાનો જીવન નિર્વાહ કરવા માટે પૈસા પણ બચાવી શક્યા ન હતા અને એમના સંતાનો એમને સહાય આપવા અસમર્થ અથવા નીરસ હતા. કોઈના સંતાનોના ઘરમાં જગ્યા ન હતી તો કોઈના સંતાનોના દિલમાં જગ્યા ન હતી એમને રાખવાની. તો કોઈ પોતાના કુપુત્રો નો એમનું ઘર હડપી લેવાની દાનતમાં ક્રૂર અત્યાચાર નો ભોગ બનીને આ વૃદ્ધાશ્રમના શરણે આવ્યા હતા. આ રીતે આખો દિવસ આ બધા લોકોની પારિવારિક આપવીતી સાંભળવા આખો દિવસ ક્યાંય પસાર થઈ ગયો એનું મનુભાઈને ભાન જ ન રહ્યું. એ દરમિયાન વૃદ્ધાશ્રમના સંચાલકો સાથે પણ તેમની કાર્યશૈલી તથા સમગ્ર કારોભાર ની પદ્ધતિ વિશે પણ ઘણી ચર્ચા વિચારણા કરતા જણાવ્યું કે એમને આ વૃદ્ધાશ્રમ ચલાવવા માટે ઘણી આર્થિક સહાયની અને અનુભવી લોકોની મદદની જરૂર છે.

એ સાંજે ઘરે આવ્યા બાદ પોતાના પરિવાર સાથે જમી પરવારીને વિશ્રામ કરી રહ્યા હતા ત્યારે એમને ખૂબ જ ગંભીર મુદ્રામાં વિચાર મગ્ન થયેલા જોઈને એમના પુત્ર સુકેતુએ પૂછ્યું, 'પપ્પા કેમ રહ્યો આજનો તમારો આખો દિવસ ? જશુ અંકલ તમને ક્યાં ફરવા લઈ ગયા હતા ?'. મનુભાઈએ ગંભીર સ્વરે જવાબ આપ્યો, 'બેટા હું અને જશુભાઈ એક વૃદ્ધાશ્રમ ની મુલાકાતે ગયા હતા અને ત્યાં આખો દિવસ દરમિયાન અમે જે જોયું અને જાણ્યું એ પછી મેં એક નક્કર નિર્ણય લીધો છે જે હું તમને જણાવવા માંગુ છું'. 'હા કહો ને પપ્પા'. સુકેતુએ ખૂબ જ વિનમ્રતાથી જવાબ આપ્યો. 'બેટા આજે તારી મમ્મીના ગયા ના ૧૩ દિવસ પછી પહેલીવાર હું એના વિયોગના આઘાત માંથી બહાર આવી શક્યો છું. આજે પહેલી વાર એ આશ્રમની મુલાકાત દરમિયાન સમગ્ર દિવસ મને એક પણ ક્ષણ માટે તારી મમ્મી ની યાદ નથી આવી. હું એટલો એ લોકોની વાતોમાં, એ લોકોની વ્યથા ભરી કથા સાંભળવામાં એવો ઓતપ્રોત થઈ ગયો હતો કે સમય ક્યાં પસાર થઈ ગયો એનો ખ્યાલ જ ન રહ્યો. ત્યાંના સંચાલકો સાથે પણ ચર્ચા વિચારણા દરમિયાન એ જાણવા મળ્યું કે જો એ વૃદ્ધાશ્રમને થોડીક આર્થિક સહાય મળે અને થોડાક પીઢ અને અનુભવી લોકોનો સાથ મળે તો એ વૃદ્ધાશ્રમને વધુ સારી રીતે ચલાવી શકાય અને ત્યાં રહેવા આવી પડેલા મજબૂર અને લાચાર લોકોને વધુ સારી સુવિધા પૂરી પાડી શકાય. એટલે મેં અને જશુભાઈએ એમની સંસ્થામાં જોડાવાનું નક્કી કર્યું છે અને એમને આર્થિક સહાય મળે એ માટે અમે અમારા બધા ઓળખીતા અને જાણીતા લોકોને રૂબરૂ મળીને એક સારી એવી રકમ ભેગી કરવા માંગીએ છીએ.' મનુભાઈની આ વાત સાંભળીને સુકેતુ અને મમતા વહુ એકદમ અચંબીત થઈ ગયા. પણ સુકેતુએ પોતાની લાગણી પર કાબુ મેળવ્યો અને બોલ્યો, 'પપ્પા અમે તમારા આ નિર્ણયનું સમર્થન કરીએ છીએ અને તમારા વિચારોને સન્માન આપીએ છીએ. જે પ્રવૃત્તિ તમને તમારી નિવૃત્તિમાં પણ પ્રસન્ન રાખે અને મમ્મીના વિયોગની પીડા ને સહેવાની શક્તિ આપે એ તમે જરૂર કરો. એ વૃદ્ધાશ્રમના કાર્યકર બનીને એમને સહાયરૂપ થાવ એ વાત ખૂબ જ પ્રશંસનીય છે પણ તેમના માટે આર્થિક સહાય ભેગી કરવા તમે ઘરે ઘરે જઈને ફરો એ અમને મંજૂર નથી.' 'પણ બેટા એ વૃદ્ધાશ્રમને ખૂબ જ સરસ રીતે ચલાવવા માટે પૈસા ભેગા કરવા માટે આટલો શ્રમ તો લેવો જ પડશે અમારે.' મનુભાઈ બોલ્યા. 'તો પપ્પા એક કામ કરો,' સુકેતુએ હવે એક નજર મમતા પર નાખી અને પછી પપ્પાને સંબોધીને બોલ્યો, 'તમારા અને મમ્મીના જોઈન્ટ અકાઉન્ટમાં ? ૫૦ લાખની જે એફ.ડી. પડી છે એ તોડાવીને વૃદ્ધાશ્રમ ને દાનમાં આપી દો.' આ સાંભળીને મનુભાઈ એકદમ હચમચી ગયા. બંને આંખો આશ્ચર્ય સહ પહોળી થઈ ગઈ અને નિ:શબ્દ બની સુકેતુ અને મમતા તરફ જોવા લાગ્યા. પછી તરત પોતાની ભાવુકતા ઉપર કાબુ મેળવી અને બોલ્યા, 'અરે આ તું શું બોલે છે બેટા ? આ પૈસા તો મેં આપણા જીયાન્શના ભવિષ્ય માટે સુરક્ષિત રાખ્યા છે. એને પાયલોટ બનવું છે તો આ પૈસા એની પાયલોટની શિક્ષા માટે અમે બચાવી રાખ્યા છે.' પણ પછી સુકેતુએ જે જવાબ આપ્યો એ સાંભળીને મનુભાઈ તદ્દન અવાચક થઈ

ગયા. 'પપ્પા તમે અને મમ્મીએ મને ભણાવી ગણાવીને એટલો તો લાયક બનાવ્યો છે કે હું મારી પત્ની અને મારા દીકરાની જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી શકું. તમે અમારા માટે શું શું કર્યું છે એની બધી ગણતરી છે અમને. તો બસ હવે મારા માટે નું તમારું આ કર્તવ્ય, તમારા બલિદાનો મારા પૂરતા જ સીમિત રાખો. હું મારા પોતાના દમ પર મારા દીકરા જીયાન્શ ને પાયલોટ બનાવવાની કોશિશ કરીશ જ, એના માટે હવે તમારી પસીના ની કમાઈની બચત હું નહીં સ્વીકારું. માટે હવે તમે જે કાર્ય કરવાનો નિર્ધાર કર્યો છે અને જેમાં તમને ખુશી પ્રાપ્ત થતી હોય અને મમ્મીના આમ અચાનક જતા રહેવાનું દુ:ખ સહન કરવાની શક્તિ મળતી હોય તો એ શુભ કાર્ય માટે હવે વિના વિલંબે આગળ વધો, અમે તમારી સાથે જ છીએ.' મનુભાઈ ના આંખો માંથી અશ્રુઓ ધોધ બનીને ઊતરી આવ્યા અને ભીંત પર ટાંગેલા લક્ષ્મીના ફોટા સમક્ષ જોઈને સ્વગત એટલું જ બોલ્યા, 'સતયુગના શ્રવણ સમા તારા આ સુપુત્ર ની આટલી વાત સાંભળવા પૂરતું તો તારે રોકાઈ જવું હતું.'

રૂપિયા ૫૦ લાખ જેવી માતબર રકમ પામીને 'અમારું ઘર' ના સંચાલકો ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા. વૃદ્ધાશ્રમમાં ઘર મૂળથી ફેરફારો કરાયા. આરોગ્ય અને અન્ય પ્રવૃત્તિઓ માટે ના નવા વોર્ડ ખોલ્યા.

મનુભાઈ માટે હવે આ વૃદ્ધાશ્રમમાં હાજરી આપવી એ એમનો નિત્યક્રમ બની ગયો. ક્યારેક તેઓ થોડાક દિવસ ત્યાં રોકાઈ પણ જતા અને ત્યાંના નિવાસીઓની સેવામાં ખુબ મશગુલ થઈ ગયા. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ મનુભાઈ લક્ષ્મીના વિયોગનો આઘાત ભૂલતા ગયા અને એ કહેવત સાચી પડી કે 'દુ:ખનું ઓસડ દહાડા.'

❖❖❖

# શબ્દોનું મહત્વ

આપણાથી જાણતા-અજાણતા કોઇનું ખરાબ થઇ જાય છે. અને પછી આપણે તે વાતને ભૂલી પણ જઇએ છીએ. પણ જેની સાથે ખરાબ કર્યું છે કે માણસ ક્યારેય પણ ભૂલતો નથી કે આપણે તેની સાથે ખરાબ કર્યું હતું. તે જીવનભર માટે તે વાતને દિલમાં છુપાવીને રાખે છે.

કોઇને પ્રેમ આપીશું તો સામેથી જ એટલો પ્રેમ મળે પણ જો દિલમાં કોઇના માટે નફરત હોય છે તો તે નફરત પણ આપણને મળે જ છે. માણસ માત્ર ભૂલને પાત્ર. આ કહેવત આપણને બધાને ખબર જ છે. પણ જ્યારે એકની એક ભૂલ વારંવાર કરીએ છીએ ત્યારે તે ભૂલ નથી હોતી, પરંતુ આપણે જાણી જોઇને પોતાનુ કે બીજાનું ખરાબ કરીએ. આપણે સારું કરીશું કે ખોટું કરીશું દરેક વાતનો અહેસાસ આપણને હોય જ છે. ઘણીવાર આપણે એવું વિચારતા હોઇએ છીએ કે આપણાથી જે ખોટું થયું છે તે ફક્ત આપણે જ જાણીએ છીએ. પણ એવું નથી હોતું. સમય જતા જ્યારે તે જ વસ્તુ આપણા સાથે બને છે. ત્યારે આપણને તરત જ યાદ આવી જાય છે કે આપણે બીજાની સાથે કંઇક કર્યું હતું. આપણો વર્તમાન ગમે તેટલો સારો હોય, પરંતુ ભૂતકાળમાં કરેલી ભૂલો માટે ભવિષ્યમાં હંમેશા તૈયાર રહેવું પડે છે. કોઇના માટે સારું કરીશું કે ખરાબ કરીશું તેનું પ્રતિબિં આપણા જીવન ઉપર પડવાનું જ છે. માટે આપણા સારા કર્મોથી આપણે આપણા વર્તમાનને સારો બનાવવાનો છે.

કોઇનો વિશ્વાસ તોડવો તે કોઇના દિલ તોડવા કરતાં પણ વધારે ખરાબ છે. વિશ્વાસ એક એવી વસ્તુ છે જેમાં જો કોઇના ઉપર આપણે આંખ બંધ કરીને વિશ્વાસ રાખીએ અને તે જ માણ આપણો વિશ્વાસ તોડી નાખે તો તેનાથી ખરાબ બીજું કંઇ જ નથી. ભરોસો પોતાનાઓ ઉપર જ મુકાય છે. પણ જ્યારે પોતાના જ વિશ્વાસ તોડી નાખી ત્યારે માણસ અંદરથી તૂટી જાય છે.

આપણે હંમેશા હસતો માણસ ખુશ જ હોય એવું નથી હોતું. હંમેશા વધારે એ જ માણસ દુ:ખી હોય છે જે પોતાનો ચહેરો હંમેશા હસતો રાખે છે. દુનિયામાં બધા સુખી નથી હોતા. દરેકને કંઇક ને કંઇક નાની મોટી તકલીફ રહેતી હોય છે. પણ આવા લોકો પોતાની હસીમાં પોતાના દુ:ખો ને ભૂલી જાય છે પોતાના દુ:ખ ભૂલવા માટે બીજાને હસાવે છે. પણ અંદરથી ખૂબ જ તૂટેલા હોય છે.

દુનિયામાં એવા માણસો પણ છે જે ખૂબ જ સુખી હોય છે. જેમને ક્યારેય તકલીફ શું હોય તેની પણ ખબર નથી હોતી. પોતાના જીવનમાં જેણે ફક્ત અને ફક્ત સુખ જ જોયું હોય છે. પણ પોતાના સુખને કોઇની નજર ના લાગે માટે હંમેશા એવું બતાવે છે કે તેને જીવનમાં ખૂબ જ દુ:ખ છે. અને બધા પાસેથી તેઓ સાંત્વના લેતા હોય છે. આવી રીતે કરવું તેમને ગમતું હોય છે.

આપણે એવું કહીએ છીએ કે જેનાથી કોઇનું સારું થતું હોય ત્યારે ખોટું બોલી શકાય છે કે ખોટું કરી શકાય છે. 'હા' આ વાત પણ એટલી સાચી છે. પણ જીવનમાં એક બે વાર એવું થાય તો વાંધો નથી. પરંતુ હંમેશા આપણાથી ખરાબ થઇ જાય અને પછી સામેવાળા ઉપર તેનો આરોપ મૂકી દઇએ તો તે વસ્તુ ખોટી છે. પહેલાં કહ્યું તે જ પ્રમાણે આપણાથી સારું કે ખરાબ છે પણ થશે તેનું પ્રતિબિંબ આપણી જિંદગીમાં આડ નહીં તો કાલે પણ પડવાનું જ છે. કંઇ ખોટું કરીને છૂટી નથી જવાતું. જીવનમાં જેટલું બીજાની સાથે કરીશું તેટલું જ આપણી સાથે થવાનું છે. સમય ખૂબ જ બળવાન છે. તે આપણને આપણું પ્રતિબિંબ બતાવીને જ રહે છે.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024
પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે

Zalawadi Sabha Charitable Foundation
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024
અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.

જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>શ્રી નિરવભાઈ શાહ<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>મિલનભાઈ<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન **zalawadi.com** ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.

**ડિસેમ્બર ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૧૧-૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

Email : zalawadisabha@gmail.com

**ડિસેમ્બર ૨૦૨૫ ના અંક માટે કુલ ૯ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

# ઇન્દ્ર અને પ્રતર્દન

**દર્શાલી સોની**

રાજા દિવોદાસના પુત્ર પ્રતર્દન અને દેવરાજ ઈન્દ્ર પાકા મિત્રો હતા. દાનવોના દરેક યુદ્ધ વખતે રાજા પ્રતર્દન દેવરાજ ઈન્દ્રને મદદ કરતા. એકવાર દેવરાજ ઈન્દ્રે દાનવો પર વિજય મેળવ્યો. એ સમયે દેવરાજ ઈન્દ્ર રાજા પ્રતર્દનને સ્વર્ગલોકમાં લઈ ગયા. દેવરાજ ઈન્દ્ર રાજા પ્રતર્દનની યુદ્ધકળાથી ખૂબ જ પ્રભાવિત હતા. તે બોલ્યા, ''હે પ્રતર્દન ! હું તમારાથી ખૂબ જ પ્રસન્ન છું. હું આજે તમને માંગો તે વરદાન આપીશ. તેથી કૃપા કરીને વરદાન માંગો.''

પ્રતર્દનએ ખૂબ જ નમ્રતાથી કહ્યું, 'હે દેવરાજ ઈન્દ્ર! તમે મનુષ્ય જાતિને જે વરદાન આપતા હોય તેમાંથી તમને જે વરદાન ઉત્તમ લાગે તે વરદાન મને આપો. તેમજ મને કોઈ એવું વરદાન આપો જેનાથી મનુષ્ય જાતિનું કલ્યાણ થાય. હું ખુશીથી તે વરદાનનો સ્વીકાર કરીશ.''

દેવરાજ ઈન્દ્ર બોલ્યા, ''હે મહારાજ! કોઈપણ વ્યક્તિ ક્યારેય પણ બીજા માટે વરદાન નથી માંગતુ. કારણ કે બીજાને શું જોઈએ છે તે તમે ક્યારેય ન જાણી શકો. તેથી તમે જ તમને ગમતું વરદાન માંગો.''

રાજા પ્રતર્દનને કહ્યું, ''મારી તો કોઈ જ ઈચ્છાઓ નથી. તેથી મને લાગે છે કે હું તમારી પાસેથી કોઈ વરદાન નહીં લઈ શકું. તમે મારા માટે કોઈ વરદાન નક્કી કરી શકશો નહીં. તેમજ મને શું જોઈએ છે તે મને જ નથી ખબર. તેથી હું તમારી પાસે શું માંગું ?''

રાજા પ્રતર્દનની વાત સાંભળીને દેવરાજ ઈન્દ્ર મૂંઝાઈ ગયા. કારણ કે તેણે તો વિચારી લીધું હતું કે, 'આજે હું રાજા પ્રતર્દનને એક વરદાન આપીશ.' દેવરાજ ઈન્દ્ર તો સત્યાગ્રહી હતા. તેથી તેણે નક્કી કર્યું કે કોઈપણ સંજોગોમાં તે રાજા પ્રતર્દનને વરદાન તો આપશે જ.

થોડીવાર પછી દેવરાજ ઈન્દ્ર બોલ્યા, ''હે પ્રતર્દન ! તમે મારું યથાર્થ રૂપ જાણો. મનુષ્ય જાતિ જ્યારે મારું યથાર્થ રૂપ જાણી લે છે, ત્યારે તેનું કલ્યાણ થાય છે. તેથી તમે મને યથાર્થ રીતે જાણી લો અને સમજી લો. તમે પણ ઈચ્છો તો તમારી શું વિશેષતા છે તે તમે મને જણાવી શકો. હું તમને હવે મારા વિશે વાત કરીશ. તેથી ધ્યાન દઈને સાંભળો.''

''મેં બ્રહ્મ સાથે એકરૂપ થઈને પ્રાણને જીતી લીધા છે. તેથી જ મને 'હું પણા'નું અભિમાન નથી. મારી બુદ્ધિ ક્યારેય ઓછી થતી નથી. હું હંમેશા કર્મો કરે રાખું છું. મને ફળની કોઈ આશા હોતી નથી. તેથી કહી શકાય કે હું કર્મના બંધનોથી મુક્ત છું. એવું પણ કહેવામાં આવે છે કે મેં ત્રણ મુખવાળા વિશ્વરૂપનો વધ કર્યો છે. કેટલાક ઢોંગી ઋષિ મુનિઓ તેનું સત્ય આચરણ ભૂલી ગયા હતા. તેથી તેઓને પણ મેં મારી નાખ્યા છે તેમજ તેના શરીરના ટુકડાં મેં શિયાળને ખવડાવી દીધા છે. તેમજ અનેક દાનવી માનસિકતાવાળા રાજાઓએ જ્યારે પ્રહલાદને હેરાન કર્યા ત્યારે તેને પણ મેં મોતને ઘાટ ઉતાર્યા છે. જે દાનવોએ પુલોપસુરને દુ:ખ આપ્યું તેને પણ મેં મારી નાખ્યા છે. મનુષ્યલોકમાં પણ એક કાલખાંજ નામનો એક અતિ બળવાન રાક્ષસ રહેતો. અનેક મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ તે કાલખાંજ રાક્ષસનો પણ વધ કરી નાખ્યો. આટલી હત્યાઓ કરવા છતાં પણ મારું મન વિચલિત થયું નથી. મારામાં કોઈપણ જાતનો અહંકાર પણ આવ્યો નથી. હું અહંકાર અને કર્મના બંધનથી મુક્ત છું. આ રીતે મને જે વ્યક્તિ જાણી લેશે તેને પુણ્યલોકમાં ખૂબ જ સુખ શાંતિ મળશે.''

રાજા પ્રતર્દન દેવરાજ ઈન્દ્રની વાત શાંતિથી સાંભળી રહ્યા હતા. થોડીવાર પછી દેવરાજ ઈન્દ્ર બોલ્યા, ''હે પ્રતર્દન! હું પ્રજ્ઞાસ્વરૂપ પ્રાણ છું. દરેક મનુષ્ય જીવ અને પ્રાણીની આવરદા નક્કી હોય છે. આમ દરેક જીવના જીવનમાં આવરદા અને પ્રાણનું આગવું મહત્વ છે. પ્રાણ અને આવરદા અમૃત છે. જ્યાં સુધી શરીરમાં પ્રાણનો નિવાસ છે ત્યાં સુધી જ શરીરની આવરદા ગણી શકાય. પ્રાણનો નાશ થતા મનુષ્ય કે પ્રાણીની આવરદા પણ પૂર્ણ થઈ જાય છે. હવે આપણે વાત કરીએ પ્રજ્ઞા એટલે કે બુદ્ધિની. પ્રજ્ઞા થકી જ મનુષ્ય સાચા ખોટાનો નિર્ણય લે છે. તેથી જીવનમાં પ્રજ્ઞાનું પણ અનોખું મહત્વ છે. જે વ્યક્તિ પ્રાણનું મહત્વ સમજીને મારી ઉપાસના કરે છે, તે પૂરી આવરદા ભોગવે છે. તેનું અકાળે મૃત્યુ થતું નથી. તેમજ જે મનુષ્ય સ્વર્ગલોક સુધી પહોંચે છે. તે અમર બની જાય છે. તેને અક્ષય અમૃત પીવા મળે છે.''

દેવરાજ ઈન્દ્રની વાત સાંભળીને પ્રતર્દનએ પૂછ્યું, ''હે દેવરાજ ! પ્રાણ વિશે તો અનેક લોકો પોતાના અલગ અલગ દ્રષ્ટિકોણ રાખે છે. કેટલાક લોકોના મતે બધી જ ઈન્દ્રિયો અને પ્રાણ ભેગા મળીને કાર્ય કરે છે. ઈન્દ્રિયો અને પ્રાણને અલગકરી શકાય નહીં. પ્રાણ વગર ઈન્દ્રિયો નકામી છે. જ્યારે વાણી થકી બોલવામાં આવે છે, ત્યારે પ્રાણ મૌન રહે છે. જ્યારે આંખો જુએ છે ત્યારે પ્રાણ પણ તેની સાથે રહીને જુએ છે. જ્યારે કાનની ઈન્દ્રિય સાંભળે છે ત્યારે પ્રાણ પણ ધ્યાનપૂર્વક સાંભળવા લાગે છે. જ્યારે મનુષ્યનું મન મનન અને ચિંતન કરે છે ત્યારે પ્રાણ પણ મનન અને ચિંતન કરવા લાગે છે. તેથી ખરેખર સત્ય શું છે ? કૃપા

કરીને મને સત્ય શું છે તે જણાવો.''

દેવરાજ ઈન્દ્ર બોલ્યા, ''તમારી વાત સાચી છે. ઈન્દ્રિયો અને પ્રાણ ભેગા મળીને જ કામ કરે છે. પ્રાણ જ પરમેશ્વર સ્વરૂપ છે. કારણ કે વાણી વિના માનવી મૂંગો, આંખ વિના આંધળો, કાન વિના બહેરો અને મનની શક્તિ વિના બાળક અથવા મૂર્ખ બની જાય છે. કોઈ અંગ કપાઈ જવાને કારણે મનુષ્ય કે પ્રાણી જીવી તો શકે છે પરંતુ પ્રાણ વગર મનુષ્ય કે પ્રાણી એક ક્ષણ પણ જીવી શકતો નથી. પ્રાણ દ્વારા દ મનુષ્ય કે પ્રાણીમાં શક્તિનો સંચાર થાય છે. જ્ઞાન મેળવવા માટે પણ પ્રાણની જરૂર પડે છે. પ્રાણ જ પરમેશ્વર છે. પ્રાણસ્વરૂપ પરમેશ્વરના દર્શન કરવા જ સાચું જ્ઞાન છે. તે જ સાચી બુદ્ધિ છે.''

થોડીવાર થોભીને દેવરાજ ઈન્દ્ર બોલ્યા, ''પ્રજ્ઞા અને પ્રાણ શરીરમાં એકસાથે જ રહે છે. જીવનું મૃત્યુ થતા જ પ્રજ્ઞા અને પ્રાણ પણ દેહમાંથી બહાર નીકળી જાય છે. પ્રજ્ઞા વગર પ્રાણની પણ કોઈ મુલ્ય નથી. પ્રજ્ઞાથી ઉત્તમ વાણી છે. વાણીથી ઉત્તમ આત્મા છે કારણ કે બધું જ જ્ઞાન આત્મા ગ્રહણ કરે છે.''

''બે પ્રકારની માત્રાઓ હોય છે; પ્રજ્ઞામાત્રા અને ભૂતમાત્રા. ઈન્દ્રિયોની ઈચ્છા એટલે ભૂતમાત્રા. તેમજ વાણી અને અન્ય ઈન્દ્રિયો એટલે પ્રજ્ઞામાત્રા. વિષય અને ઈન્દ્રિયને સમજવા માટે બંને માત્રાની જરૂર પડે છે. ઈન્દ્રિય અને ઈચ્છાઓ એકબીજા સાથે જોડાયેલા છે. બંનેમાંથી એકનું જ જ્ઞાન મેળવીએ તો તે જ્ઞાન અધૂરું કહેવાય. આ ઉપરાંત ભૂત માત્રાનો આધાર પ્રજ્ઞામાત્રા પર રહેલો છે. તેમજ પ્રજ્ઞામાત્રાનો આધાર પ્રાણ પર રહેલો છે. તેથી કહી શકાય કે પ્રાણ જ પ્રજ્ઞાત્મા છે.પ્રાણ જ અમર છે. પ્રાણરૂપી ચેતના જ મનુષ્યને કર્મ કરવાની પ્રેરણા આપે છે. પ્રાણ જ લોકોનો રાજા છે. પ્રાણ જ લોકોનું સર્વસ્વ છે. પ્રાણને જાણીને જ પરમેશ્વરને જાણી શકાય. પ્રાણને જાણીને જ પરમેશ્વરને પામી શકાય. પ્રાણને જાણીને જ આત્મજ્ઞાન મેળવી શકાય.''

આ રીતે દેવરાજ ઈન્દ્રનો આત્મજ્ઞાનનો ઉપદેશ સાંભળીને રાજા પ્રતર્દનને ખૂબ જ સંતોષ થયો. ત્યારબાદ રાજા પ્રતર્દન મનુષ્યલોકમાં ગયા. તેણે દેવરાજ ઈન્દ્રનો ઉપદેશ પૃથ્વીલોકમાં આપવાનું શરુ કર્યું. તેથી માનવજાતિનું કલ્યાણ થયું.

# આપણા લોકો !

**ચિનુભાઈ પટવા**



**એ**ક ઓળખીતાને ત્યાં મિત્રોનો ડાયરો જામેલો હતો. ચર્ચાનો વિષય એ હતો કે ''આપણા લોકો કેવા ખરાબ છે!'' એ ચર્ચામાંથી સચોટ દાખલા લઈ અમે નીચે પ્રમાણે તારવણી કરી :

ખરેખર, આપણા લોકો કેટલા ખરાબ છે! અને તેમાંયે ખાસ કરીને પાડોશીઓ તો - વાત જ જવા દો ને! જરૂર પડી ને થરમોમીટર લેવા ગયા તો કહે, 'પેલું ફૂટી ગયું પછી નવું મંગાવવું ભૂલી ગયાં છીએ!'' એટલું તો ઠીક, પણ શેકની કોથળી માગીએ તો સારી રાખીને કાણી જ આપે. ને ઉપરથી ખાનગી ટીકા કરે કે, પાડોશીઓથી તો તોબા!

આપણને છાપાંનો શોખ હોય અને જરા માગવા જઈએ તો કહે : ''હજી વાંચ્યું નથી.'' ભલા માણસ, છાપાં મંગાવો છો તો વહેલી સવારે વાંચી લેતા હો તો!

પણ એમની આળસના ભોગ આપણે બનવું પડે. પછી બપોરે માગવા જઈએ તો કહે : ''અરર, બાબાએ ફાડી નાખ્યું''; નહીં તો, ''એ ઑફિસે લઈ ગયા છે.''

કેટલાક તો એવા હોય છે કે નવી ચોપડી તેમને ત્યાં લાવ્યા હોય ને તુરત આપણે જરા જોવા લાવ્યા હોઈએ, અને ધારો કે વાંચવામાં રસ પડી ગયો હોય ને બે દિવસ રાખી લીધી, તો તુરત નોકરને મોકલી ચોપડીની ઉઘરાણી કરશે. અલ્યા ભઈ, અમારે ત્યાં કંઈક લોકોની ચોપડીઓ વરસોથી પડી છે તે તો યાદેય કરતા નથી, અને તમને બે દિવસ ભારે પડી ગયા! પણ શું કરીએ - આપણા લોકો જ ખરાબ છે ત્યાં? મોડી રાતે દૂધ મેળવવા થોડું મેળવણ સુધ્ધાં ના રાખે તેને શું કરીએ?

અને ખુદ આપણા મિત્રો પણ કેવા ખરાબ હોય છે! ગયા રવિવારે અમે પેલા મિત્રને ત્યાં ગયા, તો એ લોકો ઘરમાં જ નહીં. અને આ પહેલી વાર નથી. જ્યારે જઈએ ત્યારે તેઓ કંઈ બહાર જ ગયા હોય; અને પાછા કહે, કેમ ઘેર આવતા નથી? આપણે ગયેલા તેની વાત કરીએ એટલે કહેશે કે, ''બરાબર એ જ સમયે અમે તમારે ત્યાં ગયા હતા, અને તમારે ત્યાંથી કહ્યું કે તમે અમારે ત્યાં ગયા છો એટલે અમે તરત પાછા આવ્યા, તો તમે બીજે ચાલ્યા ગયા.'' ત્યારે શું આપણે એમની રાહ જોઈને ત્યાં ઓટલે બેસી રહીએ? ના, ના, આ તો એક વાત છે - પણ જ્યાં આપણા લોકો જ ખરાબ હોય, ત્યાં કોને દોષ દઈએ?!!

# એ પ્રવાસ ક્યારે શરૂ થયો...

**બેન કાર્સન**
**(અનુ. સંજય શ્રી ભાવે)**



૧૯૬૧ની સાલ હતી. હું પાંચમાં ધોરણમાં ભણતો હતો. પરીક્ષાનું મારું પરિણામ ખૂબ ખરાબ હતું. પણ તે અંગે ચિંતા કરવા જેટલો હું સમજણો થયો ન હતો.

અમારા પિતાજીનું વર્ષો પહેલાં અવસાન થયું હતું. મારો ભાઈ કર્ટિસ અને હું અમારી મા સાથે અમેરિકાના ડેટ્રૉઈટ શહેરના પછાત વિસ્તારમાં રહેતાં હતાં. અમારું ઘર સંકડાશવાળું, ખાસ સરસામાન વિનાનું અને છતાં ચોખ્ખું હતું. વળી ડાઈનિંગ ટેબલ પર હંમેશાં ખાવાનું પણ મૂકેલું રહેતું. મારી અને મારા ભાઈની વાત કરું તો, પોતાની જાતને સલામતીની લાગણી આપનારી એક નિર્દોષ બાલસહજ અભાનતા અમરામાં પણ હતી. એટલે ત્રણ ઘરની કામવાળી એવી અમારી મા બે છેડા કેવી રીતે ભેગા કરતી તેનો અમને પણ આછોપાતળો જ ખ્યાલ હતો.

અમારી દુનિયા એકંદરે કંઈક આવી હતી : નિશાળ પૂરી કરવી, પછી ફૂટબૉલ કે બાસ્કેટબૉલ રમવું, ત્યાર બાદ પાડોશીના વાડાના ઝાડ પરથી સફરજનની ધાપ મારવી અને ક્યારેક એરગન લઈને મોટા ઉંદરો કે સસલાં મારવાં. અંધારું થાય એટલે ટેલિવિઝન જોવું. માના પલંગ પર ટાંટિયા લંબાવીને અમે કલાકો સુધી નાના પડદા સામે તાકી રહેતા.

પણ એક દિવસ માએ અમારી દુનિયા ધરમૂળથી હંમેશાં માટે બદલી નાખી. તેણે ટી.વી. બંધ કરી દીધું. આ આખી વાત પરીક્ષાના મારા પરિણામને કારણે આવી પડી.

અમારી મા સોન્યા ત્રણ ચોપડી જ ભણેલી હતી. પણ એ દિવસોમાં અમારી જાણમાં એના જેટલી હોશિયાર અને ચબરાક બીજી કોઈ વ્યક્તિ ન હતી. પરાં વિસ્તારમાં ઘરોમાં સાફસફાઈનું કામ કરતાં કરતાં તેણે એક વસ્તુની પાકી નોંધ લીધી હતી - પુસ્તકોની. એટલે એક દિવસે ઘરે આવ્યા પછી તેણે ટી.વી. ફટાક કરતું બંધ કરી દીધું, અમને પાસે બેસાડ્યા અને સમજાવ્યું કે એના દીકરાઓએ જિંદગીમાં કંઈક બની બતાવવાનું છે. તેણે પાછું એમ પણ કહ્યું : ''તમારે દર અઠવાડિયે બે પુસ્તકો વાંચવાનાં, અને તમે જે વાંચ્યું એ વિશે મને નિબંધ લખી બતાવવાનો.''

અમે કકળાટ કરતાં તેને કહ્યું કે એની વાત બરાબર નથી, બધાં જ બાળકો તો ટેલિવિઝન જુએ છે. પણ અમારું કંઈ ચાલ્યું નહીં, એટલે અમે વિચાર્યું કે મા તો આ વાત બે-ત્રણ દિવસમાં ભૂલી જશે. વળી, વાંચવા માટે અમારા ઘરમાં માના 'બાઈબલ' સિવાય કોઈ પુસ્તક હતું પણ નહીં.

ઘરમાં ભલે પુસ્તકો ન હોય, જ્યાં પુસ્તકો હોય ત્યાં આપણે જઈશું, એમ માએ અમને કહ્યું. એણે જાહેર કર્યું : ''હું તમને લાઈબ્રેરીમાં લઈ જઈશ.'' ટૂંક સમયમાં જ ચિડાયેલા અને મોં ચડાવેલા બે છોકરાઓને લઈને માની મોટર ડેટ્રૉઈટ પબ્લિક લાઈબ્રેરી ભણી ઊપડી. ત્યાં જઈને હું કચવાતે મને બાળકોના વિભાગમાં ફરવા લાગ્યો. પ્રાણીઓ મને ગમતાં, એટલે પ્રાણી વિશે હોય તેવાં લાગતાં પુસ્તકોનાં પાનાં હું ફેરવવા લાગ્યો.

મેં બરાબર વાંચીને પૂરું કરેલું પહેલું પુસ્તક એટલે 'ચીપ દ્ ડૅમ બિલ્ડર'. એ પુસ્તક બીવ્હર પ્રાણી અને કે કેવી રીતે પુરતા બાંધે છે તેના વિશે હતું. જિંદગીમાં પહેલી જ વાર હું એક બીજી દુનિયામાં ખોવાઈ ગયો. આ શબ્દપ્રવાસ મને શીતળ ઝરણાં અને તેમાં ઘર બાંધતાં બીવ્હરની એક દૂરસુદૂરની દુનિયામાં લઈ ગયો. ટેલિવિઝન પરની કોઈ શ્રેણીએ મને આવી દુનિયામાં પહોંચાડ્યો ન હતો.

થોડાક દિવસ પછી તો મારી નવી દુનિયાના આ નીરવ અભયારણ્યમાં ફરીથી ક્યારે ફરવા મળે તેની હું રાહ જોવા લાગ્યો. મને ડાયનોસોર્સની ભાળ મળી. સરિસૃપ અને સસ્તન પ્રાણીઓ વચ્ચેનો તફાવત મને સમજાયો. તદુપરાંત ખૂબ મહત્ત્વની એ વાત પણ સમજાઈ કે મને વાંચવામાં મજા આવે છે, એટલું જ નહીં પણ હું વધુ માહિતી વધારે ઝડપથી ગ્રહણ કરી શકું છું. છાપેલા શબ્દ દ્વારા થતી માહિતીગ્રહણની આ પ્રક્રિયા ટેલિવિઝન પરના અવાજ કે ચિત્ર દ્વારા થતી ગ્રહણપ્રક્રિયા કરતાં વધુ ઝડપી છે.

પ્રાણીઓ વિશેનાં પુસ્તકો તરફથી હું ઝાડછોડ વિશેનાં પુસ્તકો તરફ વળ્યો. લાઈબ્રેરીમાં વનસ્પતિ વિશેનાં જેટલાં પુસ્તકો મળ્યાં તેટલાં બધાં મેં વાંચી નાખ્યાં. પછી મને ખડકોમાં રસ પડ્યો. રેલગાડીના પાટે પાટે રખડીને હું ખોખું ભરીને પથ્થરો ભેગા કરતો, અને એ ખોખાંને ખેંચીને ઘરે લાવતો. પછી ભૂસ્તરશાસ્ત્રનાં પુસ્તકોની

મદદથી હું તે પથ્થરોને ઓળખવા પ્રયત્ન કરતો.

એ બધાં પુસ્તકોનાં બે પૂઠાં વચ્ચે જાણે આખાં ને આખાં વિશ્વો હતાં અને હું તેમાં મુક્તપણ વિહરી શકતો. આ બધા દરમિયાન એક મજાની વાત બની - શાળામાં જે કંઈ શીખવવામાં આવતું તેમાં મને સમજ પડવા લાગી. આ બાબત મારા શિક્ષકોના પણ ધ્યાનમાં આવી. હવે તો એવું થયું હતું કે છેક ઘરે પહોંચીને પુસ્તકો વાંચું તેટલી મારી ધીરજ રહેતી નહીં. મા પોતાનું કામ પૂરું કરીને પાછી મને અને કર્ટિસને મોટરમાં બેસાડીને લાઈબ્રેરી લઈ જાય તેટલો સમય પણ અમારાથી રહેવાતું નહીં. એટલે અમે અમારી રીતે શૉર્ટ-કટ શોધ્યો. અમે રેલગાડીના પાટેપાટે લાઈબ્રેરી તરફ ચાલતા થતા. ક્યારેક ધીમે ધીમે ચાલતી ગાડીમાં રસ્તા વચ્ચેથી જ ચડી જતા. ગાડી લાઈબ્રેરીના વિસ્તારમાં પહોંચે એટલે અમે તેમાંથી કૂદી પડતા. પછી ત્યાં આવતી એક ટેકરી ઊતરીને પુસ્તકસ્થાનકે પહોંચી જતા.

પછી ટેલિવિઝન પરની બંધી બાબતે મા સહેજ કૂણી પડી. દર અઠવાડિયે થોડા કલાક માટે અમને ટી.વી. જોવા મળતું. પણ હવે ટી.વી. એ અમારી દુનિયા ન હતી. એ તો માત્ર કો'ક વારની મજા હતી.

આજે કર્ટિસ એન્જિનિયર છે અને હું બાળકોની એક હૉસ્પિટલમાં મગજની શસ્ત્રક્રિયા માટેનો વડો સર્જન છું. ક્યારેક હું મારા જીવનપ્રવાસનો વિચાર કરું છું. નાપાસ થતા અને નફિકરા છોકરાથી માંડીને શિષ્યવૃત્તિ પર યુનિવર્સિટીમાં તબીબી અભ્યાસ પૂરો કરીને, આજે અઘરી શસ્ત્રક્રિયાઓ શીખવવા અને કરવા માટે દુનિયાભરમાં ફરનારા નિષ્ણાત તરીકેનો આ પ્રવાસ ક્યારેક મને માનવામાં ન આવે એવી વાત લાગે છે. પણ આ પ્રવાસ ક્યારે શરૂ થયો તે મને બરાબર ખબર છે - એ શરૂ થયો મારી માએ ટેલિવિઝન બંધ કરીને અમને લાઈબ્રેરીમાં લઈ જવા માટે મોટરમાં બેસાડ્યા તે ઘડીથી.

❖❖❖

# વાંઝિયા વચનો

**સુરેશ દલાલ**

**'નદી ન હોય તો પણ રાજકારણીઓ પુલ બાંધવાનું વચન આપે છે.'**

**નિકિતા ખુશ્ચેવ**

**શ**બ્દ જેટલી સસ્તી અને શબ્દ જેટલી મૂલ્યવાન કોઈ ચીજ નથી. જીભ એ લસરપટ્ટી પણ છે અને ક્યાંક ઊંચે ને ઊંચે લઈ જતી સીડી પણ છે. આખો દિવસ આપણે બોલબોલ કર્યા કરીએ છીએ. વાણીનો વેપલો કરીએ છીએ. વાતવાતમાં કસમ ખાઈએ છીએ. સોગંદ આપીએ છીએ. કોઈકને વચન આપેલો શબ્દ એ ન ચુકવાયેલું દેવું છે એવું પણ ક્યાંક કહેવાયું છે. વચન અને પ્રવચન ઝાઝે ભાગે વાણીનો વિલાસ અને વ્યભિચાર છે. રાજકારણીએ વાંઝિયા વચનો આપવા માટે જાણીતા છે. આજે એક વાત કહે, કાલે બીજી. બોલીને ફરી જતાં પણ વાર નહીં. થૂંકેલું ગળવાની એમને આદત પડી ગઈ છે.

એમ પણ કહેવાય છે કે વીર્યપાત તો ઠીક, એ તો શરીરની સ્વાભાવિક પ્રક્રિયા છે, પણ વાણીપાત ભયંકર છે. પોતાના જ બોલાયેલા શબ્દની માણસ ઈજ્જત ન કરે અને વાણીના વાઘા પહેરાવતાં પોતે જ નગ્ન થતો જાય એ શરમજનક અવસ્થા છે. આપણા શબ્દો ભ્રમણા રચે, સુખનાં જુઠ્ઠાં સપનાં રચે, મૃગજળમાં હોડી હાંકવાનો ચાળા કરે, કોઈકને છેતરે અને આડુંઅવળું વેતરે, એ જાત છેતરપિંડી અને જગત-છેતરપિંડીની નિશાની છે. રાજકારણીઓ પાસે કોઈ પણ જીવંત શબ્દ જ નથી. એમની પાસે છે ફૂલ ચડાવેલાં શબ્દોનાં શબ. એક વાહિયાત સ્મશાનયાત્રા ચાલી રહી છે. સ્મશાનની બાજુમાંથી યાત્રા શબ્દને કાઢી નાંખવાનું મન થાય એવી.

શબ્દો છે તો એની સાથે ભાવ છે. વિચાર છે અર્થ છે, અર્થઘટનો છે. બોલાયેલા શબ્દનો જગતમાં એક જ અર્થ છે અને એ અર્થ તે આચાર. આદર્શો એ કાંઈ આરસપહાણના કૂડા નથી કે એને મન ફાવે તેમ ઉછાળીએ અને આપણી રમત ચાલુ રાખી શકીએ.

સિયાસી (રાજકારણી) વિશે એક મિત્રે કહેલો ઉર્દૂનો શેર યાદ આવે છે:

*''સિયાસી રિશ્તોં કી દીવારેં બનાતા હૈ*
*મહોબ્બત કી કસત ખાતા હૈ, તરવારેં બનાતા હૈ''*

ખીસામાં રિવોલ્વર રાખીને શાંતિની વાત રે, સિક્યોરિટી ગાર્ડસથી વિંટળાઈને નિર્ભયતાની વાત કરે, પોતાનાં સંતાન પરદેશમાં ભણતાં હોય અને માતૃભાષા દ્વારા શિક્ષણના મહિમાનો દેખાવ કર્યા કરે, વાતોના રંગીન ફુગ્ગાઓ ઉડાડ્યા કરે તે છિનાળું. એવું માને અને મનાવે તે રાજકારણી. હવે તો કહેવાતા સંતો અને સહેવા પડતા રાજકારણીઓની પણ અદલાબદલી થવા માંડી છે. બંને એકમેકના પર્યાય જેવા લાગે છે.

સત્યની ભૂમિમાં રોપાયેલો અને આચારથી પવિત્ર થયેલો એકએક શબ્દ જીવનના વિશાળ મહાલયમાં નકશીદાર સ્તંભ જેવો હોવો જોઈએ. રેતીના થાંભલા જેવો નહીં. કેવળ જીભથી બોલાયેલી શબ્દ નિર્જીવ હોય છે અને જીવથી બોલાયેલો શબ્દ સજીવ. ઈશ્વર કદાચ હજાર હાથવાળો હશે, પણ હજાર હોઠવાળો માણસ તો રાક્ષસ જેવો છે. ❖❖❖

# શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મંડળ તથા
# શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન ચેરીટેબલ ટ્રસ્ટની તસવીરી ઝલકિયાં

(અહેવાલ પાના નં.... ૩૪ ઉપર)



Advt.

# ઝાલાવાડનું ગૌરવ

## સંસ્કાર સદ્‌ભાવનાથી મહેકતો ગૌરવવંતો પરિવાર

## શ્રીમતી નલીનીબેન રમેશચન્દ્ર શેઠ પરિવાર

શ્રીમતી નલીનીબેન રમેશચન્દ્ર લલ્લુભાઈ શેઠ એક સામાન્ય પરિવારમાંથી પ્રગતિનાં સોપાનો સર કરતા રહીને સફળતા - સમૃદ્ધિને વરેલા ''ડાઉન ટુ અર્થ'' સમા સરળ પરિવાર તરીકેની સુવાસથી મહેંકતો ગૌરવવંતો પરિવાર રહયો છે. સંસ્કારીતા, નિતીમત્તાથી શોભતા એક આદર્શ પરિવાર તરીકેની તેઓની સમાજમાં આગવી ઓળખ રહી છે. વહેવારુ કુશળતા, ધર્મ સંસ્કારો અને દ્રઢ સંકલ્પો સાથેની આ પરિવારની જીવન યાત્રા સફળતાને વરેલી રહેલી છે.

બાળપણથી જ સેવા, સંસ્કાર અને સતત પ્રગતિ સ્વરૂપ જીવનમૂલ્યને સ્થાપિત કરનાર સરળ, સહજ સ્વભાવી શ્રી રમેશભાઈએ મેટ્રીક સુધીનું શિક્ષણ લીંબડીમાં પૂર્ણ કરીને, વડોદરા ખાતે એમ.એસ. યુનિવર્સિટીથી ગ્રેજ્યુએશન પૂર્ણ કરેલ. શ્રી રમેશભાઈ શેઠે વતન લીંબડીની પાવન ભૂમિનું તિલક કરીને ૧૯૬૧માં સ્વપ્નાઓને સાકાર કરતી સમૃદ્ધ ભૂમિ મુંબઈ તરફ પ્રયાણ કરેલ. મુંબઈમાં શરૂઆતમાં તેઓએ ભોગીલાલ રાયચંદ તુરખીયા કંપનીમાં નોકરી કરીને કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૬૫માં સુરેન્દ્રનગરનાં પ્રતિષ્ઠિત શ્રી કાંતિભાઈ વકિલનાં પુત્રી નલીનીબેન સાથે તેઓનાં દાંપત્ય જીવનની શરૂઆત થયેલ. સાતત્ય અને મહેનતને અનુસરીને તેઓએ ૧૯૭૪માં સી.પી. ટેંકમાં નોન-ફેરસ મેટલ તથા એલોય સ્ટીલનાં પોતાના બિઝનેસની સ્થાપના કરેલ હતી.



**શ્રીમતી નલીનીબેન શેઠ** **શ્રી રમેશભાઈ શેઠ**

શ્રી રમેશભાઈએ બિઝનેસમાં ખૂબ જ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ. પિતા રમેશભાઈ તેમજ પુત્રો અમીતભાઈ અને આશીષભાઈની મહેનત અને કાર્ય કુશળતાએ પરિવારે બિઝનેસમાં પ્રગતિનાં સોપાનો સર કરેલ છે. કૃપાળુદેવ શ્રીમદ્ રાજચન્દ્રમાં આસ્થા ધરાવતા શ્રી રમેશભાઈએ ૨૦૧૫ બાદ સન્માનીય નિવૃતિ લઈને આધ્યાત્મિકતા - સ્વાધ્યાયમાં સતત પ્રવૃત રહીને જીવન સાર્થક કરેલ છે. રમેશભાઈનાં પિતાશ્રીએ લીંબડી અજરામર સંપ્રદાયનાં પ્રમુખ તરીકે વર્ષો સુધીની સુંદર મૂલ્યવાન સેવાઓ આપેલ છે. પિતાનાં સમાજસેવાનાં - સંસ્કારોનાં ઉમદા ભાવને દિપાવવા સાથે શ્રી રમેશભાઈએ સેવા અને કરુણાને અગ્રીમ સ્થાન આપેલ છે. લીંબડી મહાજન પાંજરાપોળ સાથે લગભગ છેલ્લા ૩૫ વર્ષથી સંકળાયેલા શ્રી રમેશભાઈ હાલમાં લીંબડી મહાજન પાંજરાપોળમાં પ્રમુખ તરીકે ઉમદા સેવાઓ આપી રહયાં છે. પ્રાણીમાત્રની સેવા અને કલ્યાણ માટે તેઓ સતત કાર્યરત રહેતા હોય છે.

બૃહદ મુંબઈ ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળનાં પ્રમુખ તરીકે હાલમાં સેવાઓ આપતા શ્રીમતી નલીનીબેન લગભગ છેલ્લા ૩૨ - ૩૫ વર્ષથી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ ઘાટકોપરનાં પ્રમુખ તરીકે પણ સુંદર સેવાઓ આપી રહયાં છે. આગળ ઉપર મંડળને સંભાળી શકે તેવી ટેલેન્ટેડ લગભગ ૨૦ નાની છોકરીઓને તેઓએ તૈયાર કરેલ છે. બૃહદ મુંબઈ ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળની સ્થાપના થયેલ ત્યારથી તેમાં જોડાયેલા નલીનીબેનની એક એકટીવ સભ્ય તરીકેની આગવી ઓળખ રહી છે. પરફેકશન, સ્ટ્રોંગ સ્વભાવ, માયાળુ અને મળતાવડા સ્વભાવનાં લાગણી સભર નલીનીબેન મહિલા મંડળનાં સૌના એક આદરણી પ્રિયપાત્ર રહયાં છે. કુટુંબીક - પારિવારીક એક્તા, સંપ, સંસ્કારો અને ધર્મ ભાવનાનાં

બીજ રોપવા સાથે સૌને એક તાંતણે બાધીને સ્નેહ સિંચન કરતા તેઓની કુટુંબ - પરિવારનાં માયાળુ વડિલ તેમજ કુટુંબ - પરિવારના એક સૂત્રધાર તરીકેની મહત્વની ભૂમિકા રહી છે. ત્રણ વર્ષીતપ, ઉપવાસ, આયબિલ, એકાસણા વગેરે આરાધનાઓ કરવા ઉપરાંત સાધુ - સાધ્વીજીઓની વૈયાવચ્ચ કરતા તેઓનું ધર્મમય જીવન રહયું છે.

પરિવારનાં ઉદાત ભાવો, બિઝનેસ કાબેલિયત, સંસ્કારોનાં વારસાને દિપાવતા પુત્ર શ્રી અમીતભાઈ શેઠનું એક સફળ બિઝનેસમેન સાથેનું ઉમદા અને પરફેક્ટનીસ્ટ વ્યક્તિત્વ રહયું છે. શ્રી અમીતભાઈએ એન્જીનીયરીંગ કર્યા બાદ ફાયનાન્સમાં એમ.બી.એ. કરેલ છે. શ્રી અમીતભાઈએ પાંચ વર્ષ રીલાયન્સમાં જોબ કર્યા પછી ત્રણ પાર્ટનરો સાથે ૧૯૯૭માં ઓરીયનપ્રો સોલ્યુસન્સ લી. સોફ્ટવેર કંપનીની તેઓએ સ્થાપના કરી હતી. એચડીએફસી, આઈસીઆઈસીઆઈ, કોટક વગેરે બેન્કોમાં બેન્કીંગ પ્રોડકટ સોફ્ટવેર તેમજ મુંબઈ, નોઈડા , નાગપુર, દિલ્હી મેટ્રો ટીકીટ સીસ્ટમ સોફ્ટવેર તેમજ એશિયા માર્કેટમાં તેઓનાં સફળ બિઝનેસ રહયાં છે. તેઓની કંપની ૨૦૦૫ થી શેર માર્કેટમાં લીસ્ટેડ કંપની છે. કંપની મુંબઈ તેમજ બીજા ૪૦ કન્ટ્રીમાં અલગ અલગ ૧૫ બ્રાન્ચો ધરાવે છે. ફાઈનાન્સ સર્વિસમાં વર્લ્ડની ૧૦૦ કંપનીમાં તેઓની કંપનીની ગણના થાય છે.



**શ્રી અમીતભાઈ શેઠ** **શ્રીમતી તેજલબેન શેઠ**

સરળતા, સહજતા સાથે આત્મવિશ્વાસથી કાંઈક વિશેષ સારૂં, તે પણ બેસ્ટ અને ટોપ લેવલનું કરવાની હિમત સાથે આગળ વધવું, એ અમીતભાઈના વ્યક્તિત્વની આગવી ઓળખ રહી છે. નીતીમતા - અન્ય ઉપર વિશ્વાસ રાખવો જે આ પરિવારની પ્રગતિ અને સફળતાનાં બેઈઝ રહયાં છે. રોટરી કલબમાં ડિસ્ટ્રીકટ સેક્રેટરી તરીકે સેવા આપતા શ્રી અમીતભાઈએ તેમા પાસ્ટ પ્રેસીડેન્ટ તરીકે પણ ઉમદા સેવાઓ આપેલી છે. કાશ્મીરમાં લાઈન ઓફ કંટ્રોલ, બોર્ડર ઉપર આર્મીનાં સહયોગ સાથે રોટરી કલબનાં માધ્યમથી લોકલ લોકોને મેઈન સ્ટીમમાં લાવવાના પ્રયત્નો સાથે સ્કુલ, હોસ્પીટલ બાંધવાનાં કાર્યોમાં રોટરી કલબ પ્રોજેકટ લીડર તરીકે તેઓની ભૂમિકા અગત્યની રહી છે. મલેશીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ તરફથી તેઓને ઓનરરી ડોકટરેટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ મળેલ છે.

આ પરિવારનાં પુત્રવધુ શ્રીમતી તેજલબેન અમીતભાઈ શેઠ રોટરી કલબ સાથે જોડાઈને ઉમદા કાર્યો કરી રહયાં છે. તેઓએ ગ્રેજ્યુએશન કરવા ઉપરાંત યોગમાં ડિપ્લોમા કરેલ છે. રોટરીયન તેજલબેન રોટરી યુથ સર્વિસમાં ખુબ જ સક્રીય રહેવા સાથે રોટરી કલબ તરફથી જરૂરીયાતમંદ વિસ્તારમાં ટોઈલેટ બનાવી આપે છે. સ્કુલોમાં વસ્તુઓ આપે છે. પવઈમાં લગભગ ૫ વર્ષથી તેઓ સંગીની ગ્રુપ ચલાવે છે.

આ પરિવારનાં સંતાનોમાં પુત્રો અમીતભાઈ અને આશીષભાઈ તેમજ પુત્રવધુઓ તેજલબેન અને સંજુબેને પારિવારીક સંસ્કારોનાં વારસાને જાળવવા સાથે પોતાના ક્ષેત્રોમાં સન્માનીય સફળતા પ્રાપ્ત કરેલ છે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા મુંબઈનાં પંચગીની સેનેટોરીયમનાં પ્રોજેકટ દરમ્યાન ત્યારે આ પરિવાર તરફથી રૂ. ૩ લાખનું યોગદાન આપવામાં આવ્યું હતું.

શ્રીમતી નલીનીબેન રમેશચન્દ્ર શેઠ પરિવાર સેવા - ધર્મનાં સુંદર અદ્‌ભુત કાર્યો કરતા રહે, સમાજસેવાનાં સુકૃત કાર્યો કરતા રહે. સમગ્ર પરિવાર દિર્ધાયુ અને શતાયુ બની ધર્મ ભાવનાની - સત્કાર્યોની વૃદ્ધિ કરતા રહે તેવી શુભ ભાવના ભાવવા સાથે તેઓને શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ શુભકામનાઓ પાઠવે છે.

મુલાકાત / આલેખન : ઉપેન્દ્રભાઈ શાહ
મો. ૯૮૬૯૩૬૧૪૧૧



JAPAN CHERRY BLOSSOM WITH ALPINE ROUTE
11D
APR 9th
SOUTH KOREA CHERRY BLOSSOM
10D
MAR 22nd | APR 25th | MAY 20th | JUN 2nd
VIETNAM WITH SAPA
11D
VIETNAM WITH PHU QUOC
11D
JAN 9th | 28th Departures Every 15 Days
GEORGIA
8D
DEC 20th
APR 30th | 20th
MAY 7th | 14th | 21st | 28th
JUN 4th | 19th
ALMATY, KAZAKSTHAN
5D
NOV - 28th
DEC - 27th Special New Year Tour
MAR - 6th Exclusive Ladies Tour
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
Discover The World, The Ammpal Way!
Embark on unforgettable journeys with AMIT SHAH! We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.
INTRODUCING FOR THE 1ST TIME NEW TOUR
CHINA
13 DAYS OF CAPTIVATING TOUR
TOUR DATES 2026
21st APR (Ltd. Seats) | 21st MAY
TOUR COST
₹3,33,333/-*
BEIJING • SHANGHAI • ZHANGJIAJIE • GUILIN • GUANGZHOU
WE DELIVER WHAT WE PROMISE !
ammpalholidays@gmail.com
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100
Advt.

# વાંચવું એ પણ કળા છે !

પ્રકાશ મહેતા

લખવું એ તો એક કળા છે જ, પણ વાંચવું એ પણ એક કળા છે અને વાંચવાની કળા જેણે નથી વિકસાવી એ માણસ ગમે તેટલો સુશિક્ષિત ગણાતો હોય, તો પણ ખરેખર તો સાવ અજ્ઞાની છે. જે પુસ્તકો હાથમાં આવ્યાં, તે વાંચ્યાં કરવાથી આ કળા સિદ્ધ નથી થતી, બેકને કહ્યું છે તેમ, 'બેકને કહ્યું છે તેમ, 'અમુક પુસ્તકો માત્ર ચાખવા જેવાં હોય છે, બીજાં કેટલાંક પુસ્તકો ચાવ્યા વના ગળી જવા જેવાં હોય છે, જ્યારે બહુ થોડા પુસ્તકો ચાવી ચાવીને બરાબર પચાવવા જેવાં હોય છે. તો વાંચવાની કળાનું પહેલું પગથિયું એ છે કે આજકાલ પ્રગટ થતાં ઢગલાબંધ પુસ્તકોમાંથી કયા વાંચવા અને વિચારવા જેવાં છે અને કયા માત્ર સમય પસાર કરવાનું સાધન છે એ સમજવાની સૂઝ આપણામાં જાગવી જોઈએ.



મોટી મુશ્કેલી તો એ છે કે આપણી જિંદગી ખૂબ જ ટૂંકી છે, જ્યારે બીજી બાજુ જ્ઞાન તો અગાધ છે. એથી ગાગરમાં સાગર સમાવવાનો કિમિયો શીખવો પડે છે. એક વાર એક યુવાન મિત્ર મસાલેદાર વાર્તાનું પુસ્તક વાંચી રહ્યા હતા. મેં એમને પૂછ્યું, 'શું વાંચો છો ?' એમણે ભોંઠા પડીને કહ્યું : 'કંઈ નહિ. એ તો ટાઈમપાસ કરવા વાર્તા વાંચું છું.' આ પુસ્તક કે આ ફિલ્મ ટાઈમપાસ છે એવા શબ્દપ્રયોગ ખૂબ સંભળાય છે. પણ રોજિંદા જીવનની ઘટમાળમાં અને કામધંધામાં આપણો એટલો બધો ટાઈમપાસ થઈ જતો હોય છે કે જે થોડીક ફુરસદની પળો મળી એમાં જગતમાં જે કાંઈ ઉત્તમ લખાયું છે તે વાંચવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમને જેનો શોખ હોય તે વાંચો. વાર્તાનો શોખ હોય તો મોપાસા કે ચેખોવ, દ્વિરેફ કે ધૂમકેતુ વાંચો. કવિતાનો શોખ હોય તો જોડકણાં જેવી સસ્તી શાયરી નહિ, પણ નિ:સત્વ પુસ્તકો વાંચીને જિંદગી વેડફી ન નાખીએ. જિંદગી એટલે સમય, સમય વેડફવો એટલે જિંદગી વેડફી દેવી.

'ટાઈમપાસ' માટે અંગ્રેજીમાં શબ્દપ્રયોગ છે. 'to kill time' પણ એ ન ભૂલવું જોઈએ કે 'We kill time, before time kills us' સમય આપણને ગાળી નાખે તે પહેલાં આપણે સમયને ગાળીએ છીએ. તો પછી એવું વાંચીએ કે જે જીવનનું ભાથુ બની જાય. જેરેમી કેલિયરે 'પુસ્તકોનું મનોરંજન' એ પુસ્તકમાં કહ્યું છે તેમ, 'માણસ શરીરને પોષે તેવો ખોરાક ખાવાની કાળજી રાખે છે પણ મનને પોષે તેવાં પુસ્તકો વાંચવાની કાળજી નથી રાખતો. એથી જ મહાન અમેરિકન તત્વજ્ઞાની એમર્સને વાંચવાની કળા વિશે ત્રણ નિયમો દર્શાવ્યા છે. (૧) ઓછામાં ઓછું એક વર્ષ જૂનું ન હોય તેવું પુસ્તક ન વાંચો (૨) માત્ર પ્રતિષ્ઠિત પુસ્તકો જ વાંચો, (૩) તમને ગમતાં પુસ્તકો જ વાંચો. અહીં 'પ્રતિષ્ઠિત' એટલે ફેશનેબલ ગણાતાં હોય તે નહિ, પણ 'પ્રશિષ્ટ' ગણાતાં હોય તેવાં પુસ્તકો, આવાં પ્રશિષ્ટ પુસ્તકો જ આપણા અપૂર્ણ વ્યક્તિત્વને પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવે છે. બેકને કહ્યું છે, 'વાંચન મનુષ્યને પૂર્ણ બનાવે છે, ચર્ચા એને 'તૈયાર' મનુષ્ય બનાવે છે, જ્યારે લેખન મનુષ્યને ચોકસાઈભર્યો બનાવે છે.' પણ હિંસા અને જાતીય આકર્ષણનું ચટાકેદાર મનોરંજન પીરસતાં પુસ્તકો મનુષ્યને પૂર્ણ બનાવવાને બદલે હીન બનાવી દે છે.

ઉત્તમ પુસ્તકો પણ જીવનની જુદી જુદી અવસ્થામાં જુદી જુદી અસર કરે છે. ચીની તત્વજ્ઞાની લિનયુતાંગે સરસ કહ્યું છે કે યુવાનીમાં પુસ્તકો વાંચવાં એ તો ઓરડાની છતની તિરાડમાંથી પૂનમના ચંદ્રને જોવા બરાબર છે, જ્યારે ઘડપણમાં પુસ્તકો વાંચવા એ ખુલ્લી આગાસીમાંથી ચંદ્રને જોવા બરાબર છે. કૂવામાં હોય તો હવાડામાં આવે. જીવનનો અનુભવ જેમ વધારે તેમ ઉત્તમ પુસ્તકોને સમજીને આત્મસાત કરવાની શક્તિ વધારે. તેથી જ સમજુ માણસની ઉંમર જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ તેના વાંચનનું ઊંડાણ પણ વધતું જાય છે, શું વાંચવું ને શું નહિ તેની વિવેકબુદ્ધિ પણ વધતી જાય છે અને જે કાંઈ વાંચ્યું એને વિશે મનન કરવાની અને એ વિશે સ્વતંત્રપણે અભિપ્રાય બાંધવાની શક્તિ પણ સાથે સાથે વધતી જાય છે.

માત્ર માથું ઊંધુ ઘાલીને વાંચ્યા કરવાથી વિદ્વાન બનાય છે. સંસ્કારી નહિ. સંસ્કારી

મનુષ્ય બનવા માટે તો વાંચન, મનન અને સ્વતંત્ર વિચારશક્તિની ત્રિવિધ અવસ્થામાંથી પસાર થઈને ઊંચી અભિરુચિ કેળવવી પડે છે.

પુસ્તકોમાંથી માહિતી કે હકીકતો ગોખીને વિદ્વાન હોવાનો આભાસ ઊભો કરી શકાય છે, પોતાના ભાષણોમાં મહાન લેખકોનાં અવતરણો ટાંકીને વક્તા તરીકે લોકપ્રિય બની શકાય છે, પણ ઊંચી અભિરુચિ કેળવવા માટે તો જિંદગીભર મૂંગી સાધના કરવી પડે છે. આવી સાધનાનો અંતે સાચા અર્થમાં 'સંસ્કારી' બનાય પણ ખરું, ને ન પણ બનાય. બધો આધાર આપણી પાત્રતા પર છે. કવિ દયારામના શબ્દોમાં કહીએ તો, સિંહણનું દૂધ ઝીલવા માટે તો સોનાનું પાત્ર હોઈએ, માટીનું કાચું પાત્ર હોય તો એ દૂધ ઢોળાઈ જાય... તો જેવી આપણી વ્યક્તિમત્તા તેવી આપણી પાત્રતા અને આપણી પાત્રતા તેવી આપણી અભિરુચી, ઊંચી અભિરુચિ કેળવીએ, તો ઉત્તમ સાહિત્ય આપણને સંસ્કારી બનવામાં સહાય કરી શકે. હલકી અભિરુચિ કેળવીએ તો વાંચન સિગરેટ કે દારૂ જેવું વ્યસન માત્ર બની જાય. મને લાગે છે કે હલકું વાંચવું એના કરતાં ન વાંચવું સારું.

એવા માણસો પણ જોયા છે કે જે ભાગ્યે જ વાંચે છે, પણ જેમનું જીવનની કિતાબનું જ્ઞાન અગાધ હોય છે. આવા જીવનમર્મીઓ પેલા પોથી પંડિતો કરતાં વધારે જ્ઞાની છે. કારણ કે, જ્ઞાન પુસ્તકોમાં કે અનુભવોમાં નથી રહ્યું પણ એમાં રહેલા મર્મને ગ્રહણ કરીને પચાવવાની શક્તિમાં રહ્યું છે.

વાંચન મનુષ્યના વ્યક્તિત્વને સમૃદ્ધ બનાવવામાં કેટલો મોટો ફાળો આપે છે એ જાણવું હોય તો, જેને વાંચવાનો શોખ છે અને જેને વાંચવાનો શોખ નથી એવી બે વ્યક્તિઓ વચ્ચે સરખામણી કરી જોવી. વાંચનના શોખ વિનાનો મનુષ્ય પોતાની આસપાસની નાનકડી દુનિયામાં બંધાયેલો છે, કારણ કે સ્થળ અને કાળનાં બંધનોને એ તોડી શકતો નથી. પરિણામે એનું જીવન રોજિંદી ઘરેડમાં પડીને શુષ્ક બની જાય છે, એનો જીવનવ્યવહાર માત્ર થોડાંક મિત્રો ને સગાંઓ પૂરતો જ મર્યાદિત રહે છે અને પોતાની આંખો આગળ જે કાંઈ બને એને જ એ જોઈ શકે છે.

આ કેદખાનામાંથી છૂટવાનો કોઈ ઉપાય નથી. પણ જે ઘડીએ મનુષ્ય કોઈ ઉત્તમ પુસ્તક વાંચવા માંડે છે, તે જ ઘડીએ તે તરત જ એક બીજી દુનિયામાં પ્રવેશે છે. એ દુનિયામાં સ્થળ-કાળનાં કોઈ બંધન નથી. મુંબઈમાં વસતો મનુષ્ય, પુસ્તકની પાંખે ઊડીને, એલિઝાબેથના જમાનાનાં બ્રિટનને શેક્સપિયરની આંખે જોઈ શકે છે, ઝારના જમાનાનાં રશિયાને ટોલ્સટોયની આંખે જોઈ શકે છે, કે પ્રાચીન ભારતને કાલિદાસની આંખે નિહાળી શકે છે, ૨૦૧૦ની સાલમાં જીવતો મનુષ્ય પુસ્તકો દ્વારા અઢી હજાર વર્ષ પાછે પગલે ચાલીને સોક્રેટિસ, પ્લેટો કે એરિસ્ટોટલને માનસિક રીતે મળી શકે છે, તો ભવિષ્યનાં કલ્પનાચિત્રો દોરતાં પુસ્તકો દ્વારા તે આગામી વર્ષોમાં પણ વિકસી શકે છે, આવી રીતે ચોવીસ કલાકની એક ધારી જિંદગીમાં જો બે કલાક પણ પુસ્તકો દ્વારા એક બીજી દુનિયામાં જીવવાનું મળે, તો એ કેટલું મોટું સદભાગ્ય ગણાય! પુસ્તકો વાંચવાં એ તો માનસિક પ્રવાસ છે. શરીરનો પ્રવાસ તો અમુક જ દેશ અને કાળમાં થઈ શકે જ્યારે પુસ્તકનો પ્રવાસ તો ત્રિકાળમાં અને સમસ્ત વિશ્વમાં વ્યાપેલો છે.

એથી જ કન્ફ્યુશિયસે કહ્યું છે કે સંસ્કારી મનુષ્ય ત્રણ દિવસ સુધી વાંચી ન શકે તો એને લાગે છે કે એના જીવનમાંથી સુગંધ ઊડી ગઈ છે!'

❖❖❖

---

## રણકાર

**મટકુંય નથી માર્યું હજી એક, તહીં જ આ, હાથતાળી દઈ વીતી ગયા શું વર્ષ આટલા? ગયા દાંત, જવા માંડ્યા વાળને કાયા જર્જર થવા લાગી. બધું એ તો ઠીક રે! કાલ કાલનું કામ કરી રહ્યો : તેનો શોક શો ? હર્ષ વા કશો ?**

**– મનસુખલાલ ઝવેરી**

દુનિયામાં ઘણા લોકો એવા હોય છે જે કલ કર સો અબની ઉક્તિને અનુસરતા હોય છે. અમુક દોઢ ડાહ્યાઓએ આ નિયમનું વિકૃત રૂપ બનાવી આજ કરે સો કલ કર, કલ કરે સો પરસો, અરે, કાહેકી ચિંતા હૈ, જબ જીના હૈ બરસો, એવો જીવનક્રમ અપનાવ્યો હોય છે અને વડિલોને પૂછીએ તો ખબર પડે છે કે જીવનની ધસમસતી ગતિમાં ઉંમરના પચાસ, સાઈઠ, સીત્તેર-એંસી વરસ ક્ષણ બે ક્ષણમાં ઓગળી જાય છે આપણે વિધિના લેખ ભલે બદલી ન શકીએ, પણ આપણે માનવી તરીકેની આપણી સામાજીક ફરજ તો સુરેરે અદા કરી શકીએ ને - સાહેરાબ મોદીની એક યાદગાર ફિલ્મમાં એક સંવાદ છે.

*''જીંદગી દેને કે લિયે હૈ, લેને કે લિયે નહિં''*

અને બંને હાથે ધન, કીર્તિ, સુખ, ઐશ્વર્ય, મોભો ઉસેડતા લોકોના જીવનને માણી શકે, ન બીજાને કશું આપી શકે છે અને જો તમે આપવાના આખરી તબક્કામાં પણ મધ્યમવર્ગ કે ગરીબવર્ગના જ પ્રતિનિધિ રહી ગયા તો તમારા જીવનને મુલવવા તમારી સંપત્તિને માપદંડ ન બનાવતા.

યાદ રાખો વધતી ઉંમર મટકુ મારાવા પણ થોભતી નથી. જેવું મળ્યું, જેટલું મળ્યું, જીવન તમારૂં પોતાનું છે અને એને માણવા ન માણવાનો નિર્ણય તમારે જ લેવાનો છે.

**– સ્વપ્નીલ**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ
## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

### મેડલ – પારિતોષિક ૨૦૨૫

**ઝાલાવાડી સભાના સભ્યોના તેજસ્વી સંતાનોને બિરદાવવા માટે દર વર્ષની માફક આ વર્ષે પારિતોષિક સમારંભ જાન્યુઆરી-ફેબ્રુઆરી - ૨૦૨૬ માં આયોજન કરવામાં આવશે.**

- સભ્યોના સંતાનોની માર્કશીટ ગુગલ લિંક દ્વારા મોકલવાની રહેશે.
- ૨૦૨૫ માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટ ગુગલ ફોર્મ દ્વારા મોકલવા નિમંત્રણ છે.
- ગુગલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૨૫ રહેશે ત્યારબાદ આવેલ ફોર્મ તેમ જ અધુરા ફોર્મ પારિતોષિક માટે ગણવામાં નહી આવે.
- Whatsapp દ્વારા કે રૂબરૂ કે કુરિયર દ્વારા મોકલેલ ફોર્મ સ્વીકાર્ય નથી તેની ખાસ નોંધ લેશોજી.
- ગુગલ લિંક માટે ઓફિસમાં નિરવભાઈ શાહ ૯૮૧૯૦૧૨૪૬૮ નો સંપર્ક કરવો.
- પારિતોષિકની વિગત માટે પાના નં. ૩૨ અને ૩૩ જુઓ.

**વધુ વિગત માટે સંપર્ક**

| મનિષાબેન શાહ | અતુલભાઈ શાહ | અનિલભાઈ સંઘવી | મુકેશભાઈ શાહ-ચશ્માવાળા | નિરવભાઈ દોશી |
|---|---|---|---|---|
| ૯૮૨૦૨૯૬૯૬૫ | ૯૮૨૦૧૪૮૬૭૩ | ૯૮૨૧૦૯૬૩૨૮ | ૯૮૧૯૧૮૩૩૨૫ | ૯૮૨૦૮૨૩૪૦૦ |

## માધીનો છોકરો

**રવિશંકર (મહારાજ) વ્યાસ**

અમારા આશ્રમમાં એક ઠાકરડાનો છોકરો આવેલો. બહુ નાનો હતો. અમે તેને કાંતતાં શીખવ્યું અને દોઢ વરસે તેના સૂતરમાંથી એક તાકો તૈયાર થયો. તાકો જોઈને છોકરો નાચતો નાચતો કહે : ''મારી માધીને આપીશ! મારી માધીને આપીશ!''

એના મુખ ઉપરનો મલકાટ નિહાળી મને થયું : આ છોકરાને માધી ઉપર કેટલો સ્નેહ છે! હું જાણતો હતો કે માધી તે બાળકની મા નથી. એ છોકરાની મા મરી ગઈ તેથી માધીએ તેને ઉછેરીને મોટો કર્યો હતો. બાળકનો માધી પરનો સ્નેહ દેખાતો હતો, પણ માધીને બાળક માટે કેટલો સ્નેહ છે તે જોવા જવાનો મને વિચાર આવ્યો.

એક વાર બાળકોને લઈને અમારે પ્રવાસે જવાનું થયું. માધીને ગામ અમે તો ઊપડ્યાં. માધીને ઘેર હું ગયો. તેણે મને પ્રેમથી આવકાર્યો. ફાટીતૂટી એક ગોદડી પાથરી આપીને હસતે મુખે સામે બેસી તે વાતો કરવા લાગી. ત્યાં છ-સાત વરસનો એક છોકરો આવીને ધબ દઈને તેના ખોળામાં પડ્યો. બાઈ તેને ખસેડવા ઘણુંય કરે, પણ પેલો તો વધારે ને વધારે વળગેલો રહે!

મેં પૂછ્યું, ''આ કોણ છે?''

માધી કહે, ''વાણિયાનો છોકરો છે. મેં ઉછેરેલો.''

મેં પૂછ્યું, ''કેમ, તારે કેમ ઉછેરવો પડ્યો?''

બાઈ કહે, ''તેની મા સુવાવડમાં મરી ગઈ, ને બાળકને આપણાથી રેઢું છોડાય?'' (માધી સુયાણી હતી.)

''શેઠે શું આલ્યું?''

''આલે શું? – મેં કંઈ લીધું જ નથી, મા'રાજ! વખતે મફત આપે તેથી ભૂલેચૂકેય તેની દુકાનના ઉંબરે ચડી નથી.'' બાઈએ ખુમારીથી જવાબ વાળ્યો.

''ત્યારે આ બાળક સાજુંમાંદુ થાય ત્યારે દવાદારૂ અંગે શું કર્યું?'' મારા મનમાં તો હજી આ બધું કોયડારૂપ જ હતું.

થોડી વાર અટકીને બાઈ કહે : ''એ શું બોલ્યા, મા'રાજ? એવાં કેવાં છોકરાં ઉછેરીએ કે માંદાં થાય? માંદાં થાય તો કાંકું ન કાપી કાઢીએ? મારું તો એકેય છોકરું કોઈ દી માંદુ પડ્યું નથી! માંદાં પડે તેવાં છોકરાં ઉછેરીએ જ શીદને?''

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ
# ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન-મુંબઈ

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

## પારિતોષિક અને મેડલની વિગતો તથા નિયમો

(૧) આ પારિતોષિકો **બૃહદ્ ફક્ત મુંબઈમાં રહેતા ઝાલાવાડી સભા મુંબઈના** સભ્યોના સંતાનો માટે છે. તેઓનું મૂળ વતન ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો) હોવું જરૂરી છે. પારિતોષિક માટે ભાગ લેનાર, પરીક્ષાના પરિણામ પહેલાંની ૩૧ માર્ચ સુધીમાં સભાના સભ્ય હોવા જરૂરી છે. **(સભ્યપદનું લવાજમ ભર્યું હોવું જરૂરી છે) તથા અરજી ફોર્મ સાથે લવાજમ ભર્યાની રસીદની ઝેરોક્ષ કોપી મોકલવી જરૂરી છે.**

(૨) ફૉર્મ ભર્યું નહિ હોય તે વિદ્યાર્થી/વિદ્યાર્થિની પારિતોષિકને પાત્ર ગણાશે નહીં.

(૩) **પરીક્ષાના પરિણામ પછી ૩૦ દિવસની અંદર માર્ક્સ સ્ટેટમેન્ટ સર્ટિફાઈડ (True) કોપી વગેરે ફૉર્મ સાથે મોકલવું જરૂરી છે.**

(૪) **અરજી ફૉર્મ સાથે અગાઉના વર્ષની પરીક્ષાનું પરિણામ (Mark sheet) ની ઝેરોક્ષ કોપી પણ મોકલવી જરૂરી છે.**

(૫) જેનાં પરિણામો અને માર્કશીટ (ચાલુ વર્ષના) ૧લી જૂનથી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં આવે તેઓના ફૉર્મ ચાલુ વર્ષના પારિતોષિક સમારંભમાં સમાવી લેવામાં આવશે. ૧લી ઑક્ટોબરથી ૩૧મી મે સુધીના જેના પરિણામો તથા માર્ક્સશીટ આવશે તેઓ પછીના વર્ષના પારિતોષિક માટે ફૉર્મ ભરવા માટે યોગ્ય ગણાશે. માટે તેમણે આગામી જૂનમાં ફોર્મ ભરવાના રહેશે.

(૬) આ પારિતોષિકો માત્ર પ્રથમ પ્રયત્ને-પરીક્ષા પાસ કરનારને જ અપાશે.

(૭) આ પારિતોષિકો માત્ર S.S.C., H.S.C. **(ફક્ત)** ડિગ્રી B.Com., B.Sc., B.A., B.E. તથા Final Year Dip. Course-Double Graduate વિગેરે માટે છે.

(૮) પરીક્ષામાં પ્રથમ આવનાર એટલે સભાના સંતાનોમાં પ્રથમ આવનારને પારિતોષિક આપવામાં આવશે. (સંસ્થાના કાર્યાલયને મળેલ અરજીઓમાં સૌથી વધારે માર્ક્સ-ટકા મેળવેલ, વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને મળશે.)

(૯) પારિતોષિક મેળવવાની યોગ્યતા અંગે પારિતોષિક શૈક્ષણિક સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૦) ડિગ્રી માટે B.A., B.Sc. અને B.Com.ના પારિતોષિકો છે તથા અરજી ફૉર્મમાં મુંબઈ યુનિવર્સિટી/ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી ખાસ લખવું.

(૧૧) જે મેડલ કે પારિતોષિક માટે ફૉર્મ ભરતા હોય ત્યાં (✓) ની નિશાની કરવી. ફૉર્મમાં સ્પષ્ટપણે તેનો નંબર શબ્દમાં લખવો.

(૧૨) કુટુંબમાં એકસાથે રહેતા (એક રસોડે) મેમ્બરને સભ્ય ગણવામાં આવે છે. અલગ રહેતા કુટુંબના સભ્યે મેમ્બર હોવું જરૂરી છે.

(૧૩) ટ્રોફી અને ઈનામ મેળવવા પાત્ર થનારને (ફોર્મ ભરનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પૈકીને) પત્ર દ્વારા જાણ કરાશે.

(૧૪) **સર્ટિફાઈડ (True) કોપી એટલે S.E.O. ની સહીવાળી અથવા સ્કૂલ-કૉલેજના પ્રિન્સિપાલની સહી કરેલી તથા રબર સ્ટેમ્પ સાથેની ઝેરોક્ષ કોપી.**

(૧૫) આ પારિતોષિકો શુભેચ્છકોની ઇચ્છા પ્રમાણે જ આપ્યા છે. છતાં પણ કોઇના ઇનામોની ફેકલ્ટી બદલવી પડે તો બદલી શકવાના સર્વ હક્ક શિક્ષણ સમિતિને રહેશે.

(૧૬) સેમિસ્ટર સિસ્ટમવાળા વિદ્યાર્થીઓએ બન્ને સેમિસ્ટરનું રિઝલ્ટ ભેગું ગણી ટકા ગણવા.

(૧૭) એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓને છેલ્લા બે સેમિસ્ટરના માર્ક્સ ઉપર મેરિટ સ્કોલરશિપ આપવામાં આવશે.

(૧૮) જેઓએ ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યુટ કોર્સ પૂરો કર્યો હશે અને આગળ અભ્યાસ કરવાના ન પણ હોય તેઓને પણ નિયમ મુજબ યોગ્ય હશે તો આપવામાં આવશે.

(૧૯) અરજી ફોર્મ સભાના કાર્યાલયમાં મોકલવાનું રહેશે.

(૨૦) ન સ્વીકારેલા ફોર્મ અંગે કોઈપણ જાતના કારણો દર્શાવવાની જરૂર રહેશે નહીં, તેમ જ તે અંગે કોઈ પત્ર વ્યવહાર પણ કરવામાં આવશે નહીં.

⇨

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ : ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન-મુંબઈ

## પારિતોષિક અને મેડલ યોજના

S.S.C.થી સ્નાતક Degree કક્ષાના આર્ટ્સ/કૉમર્સ/સાયન્સ/હોમ સાયન્સની (ડિગ્રી) તથા ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ તથા સ્પેશ્યલાઈઝ કોર્સ કર્યો હોય તે

## મૅરિટ સ્કૉલરશિપ યોજના

(1) H.S.C. (Sci.) PCB/PCM – 85%
(2) H.S.C. (Arts, Comm. & Home Sci. 75%
(3) Engineering (Dip.) Medical (Dip.) Pharmacy (Dip.) or other Diploma Course – 65%
(4) Medical, Engineering, Pharmacy - C.A., I.C.W.A., C.S. – 50%
(5) B.A., B.Sc., B.Com. – 70%
(6) M.D., M.S., M.Tech., M.E., M.Sc. – 50%

● **ઉપરની દરેક ફેકલ્ટીના કોર્સ દરમ્યાન પ્રત્યેક વર્ષના પરિણામ ઉપર નિયમ મુજબ મૅરિટ સ્કૉલરશિપ આપવામાં આવશે.**

## કન્યા ઉત્કર્ષ યોજના (ફક્ત વિદ્યાર્થિનીઓ માટે)

**(હસ્તે શ્રીમતી પ્રિયાબહેન મહેન્દ્રભાઈ તુરખીયા તેમ જ શ્રી ભાવીનભાઈ અને શ્રી દિવ્યાંકભાઈ)**

## કુમાર ઉત્કર્ષ યોજના (ફક્ત વિદ્યાર્થીઓ માટે)

**(હસ્તે શ્રીમતી કોકિલાબેન ગુણવંતરાય શાહ)**

## યુવા ઉત્કર્ષ યોજના રૂા. ૧૦૦૦/-

**શ્રીમતી હીરાબેન ચંદ્રકાંતભાઈ વ્રજલાલ સંઘવી**

**ઉજ્જવળ શૈક્ષણિક સફળતા મેળવનાર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે**

ઉપરોક્ત યોજનામાં B.A. / M.A. / B.Com. / M.Com. / B.Sc. / M.Sc. અન્ય માન્યતા પ્રાપ્ત ડિગ્રીઓ, ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ, એન્જિનિયરિંગની દરેક ફેકલ્ટીઓ, B.B.A./ M.B.A. કે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા, B.G.L. / LL.B. / LL.M. / C.A./ C.S. / I.C.W.A. / C.P.A. / C.F.P. / Doctors /Solicitors / I.A.S. / I.P.S. / I.F.S. / Ph.D. ફેકલ્ટીઓમાંથી જે વિદ્યાર્થિનીને સૌથી વધારે માર્ક્સ આવ્યા હશે તે દરેક ફેકલ્ટીનાં વિદ્યાર્થીને **'કન્યા ઉત્કર્ષ યોજના' તથા 'કુમાર ઉત્કર્ષ યોજના' હેઠળ રૂા. ૧૧૧૧નો પુરસ્કાર આપવામાં આવશે.**

## કિશોર ઉત્કર્ષ યોજના

**શ્રીમતી ડૉ. ધનવંતીબેન નવીનચંદ્ર મોદી**

**S. S. C. તથા H. S. C. ના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે**

## ''નવિન મણિયાર એવોર્ડ ઓફ એક્સેલન્સ ઈન મેડિસિન''

તબીબી ક્ષેત્રમાં સહુ પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/- નું પારિતોષિક આપવામાં આવશે.

### ઉજ્જવળ શૈક્ષણિક સફળતા મેળવનારના પત્રિકામાં નામ-ફોટો પ્રિન્ટ કરવા સંબંધી માહિતી તથા નિયમો

ફક્ત શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા (મુંબઈ)ના ચર્ચગેટથી વિરાર અને કોલાબાથી કલ્યાણ સુધીના સભ્યો જેમણે ૩૧ માર્ચ, ૨૩ પહેલાં સભ્યપદનું લવાજમ ભરેલું હોય તેમના સંતાનોના નીચેની બાબતને અધિન સંસ્થાની માસિક પત્રિકામાં નામ-ફોટો પ્રિન્ટ કરવામાં આવશે. રિઝલ્ટ મળ્યાથી બાદ પંદર દિવસમાં અરજી ફોર્મ ભરવું જરૂરી છે. બીજા બધા નિયમો પારિતોષિક-મેડલ યોજના મુજબ છે.

(A) S.S.C. કે તેની સમકક્ષ માટે ૮૫ ટકા કે તેથી વધુ

(B) H.S.C. Arts, Com. & Home Sc. ૭૫ ટકા કે તેથી વધુ

(C) H.S.C.(Sc.) P.C.M. / P.C.B. ૮૫ ટકા કે તેથી વધુ

(D) એન્જિનિયરિંગમાં ફક્ત ફાઈનલ વર્ષમાં (ડિપ્લોમા) DBM મેડિકલ ફાઈનલ વર્ષ (ડિપ્લોમા) તથા ફાર્મસી ફાઈનલ વર્ષ ડિપ્લોમા માટે ૬૫ ટકા કે તેથી વધુ

(E) ગવર્નમેન્ટ ડિપ્લોમા (ફાઈનલ વર્ષ કોર્સ માટે ૬૫ ટકા કે તેથી વધુ)

(F) ફાઈનલ ઈયર ડિગ્રીમાં મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી/સીએ, આઈ.સી.ડબ્લ્યુ એ., સી. એસ. માટે ૫૦ ટકા કે તેથી વધુ

(G) T.Y.B.A./B.Sc./T.Y.B.Com. ફાઈનલ વર્ષ B.M.S. ફાઈનલ વર્ષ BBA માટે ૭૦% કે તેથી વધુ તથા LL.B. માટે.

(H) M.D., M.S., M.Tech., M.E., M.Sc., M.Ed. વિગેરે તથા (ફાઈનલ વર્ષ) પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ ૫૦ ટકા કે તેથી વધુ.

(I) ધાર્મિક શ્રેણીમાં ૯૦ ટકા કે તેથી વધુ

## સંસ્થા સમાચાર....

**શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મંડળ**
**તથા**
**શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ**

તપસ્વીઓનું બહુમાન તથા વિદ્યાર્થીઓનું સન્માનનો એક કાર્યક્રમનું આયોજન તારીખ ૨૦ મી સપ્ટેમ્બર શનિવારે ઝવેરબેન હોલમાં રાખવામાં આવેલ. પ્રમુખ/ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ શાહે દરેક આમંત્રિતોનું હાર્દિક સ્વાગત કરી અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ આપેલ હતો. ત્યારબાદ  માસ ખમણ તપ થી લઈને ૩૦  એકાસણા કરનારા નું ગિફ્ટ આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એમબીબીએસ થી લઈને ફર્સ્ટ સ્ટાન્ડર્ડ સુધીના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, રોકડ રકમ તથા મેડલ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ પછી રાષ્ટ્રીય શાળાના ગ્રાઉન્ડમાં રાસ ગરબા તથા ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સમારંભ પ્રમુખ શ્રી રાકેશભાઈ ન્યાલચંદ ગોપાણી તથા સ્નેહમિલનના દાતા માતુશ્રી સરોજબેન નટવરલાલ શાહ હસ્તે જીજ્ઞાબેન રાજેશભાઈ શાહ હતા. શ્રી રાજેશભાઈ શાહ ઉપપ્રમુખ તથા સેક્રેટરી તરીકે મંડળમાં સુંદર સેવા આપી રહ્યા છે. રાસ ગરબામાં પણ બેસ્ટ પર્ફોર્મન્સ ને ગિફ્ટથી નવાજવામાં આવ્યા હતા.અંતમાં ૭૦૦ થી વધારે લોકોએ કમલેશ કેટરર્સ નું સ્વાદિષ્ટ ભોજન માણ્યું હતું.

આ સિવાય ઘાટકોપર ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ મેડિકલ સેન્ટર ખુબ સુંદર રીતે કાર્યરત છે જેમાં અનેક પ્રખ્યાત ડોક્ટરો ખૂબ જ રિઝનેબલ રેટમાં સેવા આપી રહ્યા છે. દરેક પ્રકારના બ્લડ ટેસ્ટ, એક્સ રે સોનોગ્રાફી, સીટીસ્કેન, એમઆરઆઈ વગેરેમાં ૪૦% સુધી ડિસ્કાઉન્ટ મળે છે. આ સિવાય અત્યાર સુધીમાં ૨૫૦ થી  વધુ કેટરેક્ટ ઓપરેશન ડોક્ટર જતીન આસરની મુંબઈ આઈ કેર સ્પેશિયાલિટી હોસ્પિટલ માં જરૂરતમંદોને વિનામૂલ્યે કરવામાં આવ્યા છે. એજ્યુકેશન તેમજ માનવ રાહતમાં પણ સંસ્થા ખુબ સુંદર કાર્ય કરી રહી છે, તેમજ સભ્યો માટે ડ્રામા, લોકડાયરો, ઓરકેસ્ટ્રા, પિકનિક તેમજ ક્રિકેટ મેચ નું પણ આયોજન કરવામાં આવે છે આ સિવાય દર શનિવારે ૨૦૦થી વધારે રાહદારીઓને ભરપેટ ગરમ નાસ્તો, મીઠાઈ તેમજ ફ્રૂટ આપવામાં આવે છે

❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ**

સંચાલિત

**શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય**
**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન**
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન**
**નાલાસોપારા**

આપણા શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલીત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રયમાં આસો મહિનાની આયંબિલ ઓળી તપ કરાવવામાં આવેલ જેમાં પૂ સંતોનું અનિવાર્ય સંજોગો ને લઈ ને ચાતુર્માસ નહીં હોવા છતાં ખુબ જ સરસ અને સારી સંખ્યામાં આયંબિલ ઓળી કરવામાં તપસ્વીઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ ઓળી તપ ના મુખ્ય દાતા તરીકે વઢવાણ શહેર નિવાસી હાલ તારદેવ પૂજ્ય માતુશ્રી શાંતાબેન પોપટલાલ વોરા પરિવાર તથા  અન્ય સહયોગી દાતાઓ એ લાભ લીધો હતો. આ ઓળી તપ કરનાર ના સમુહ પારણા વીર આવો અમારી સાથે પરીવાર તરફથી કરાવવામાં આવેલ. ઝાલાવાડી સભાના કારોબારી સભ્ય શ્રી મહેશભાઈ દોશીએ માર્ગદર્શન આપેલ.

**કન્વીનરો**
**દિપ્તિબેન શાહ - ૯૩૨૩૬૩૧૦૪૭**
**નરેન્દ્રભાઈ ગાંધી - ૯૮૨૦૦૭૬૪૬૦**


---

**પર્યુષણ દરમ્યાન આવેલ ફંડની યાદી**

**ચિંચપોકલી**

| | | | |
|---|---|---|---|
| દક્ષાબેન વાય. શાહ | ૨૫૦૦ | નિતીન આર. ગાંધી | ૧૦૦૦ |
| આકૃતી એસ. શાહ | ૨૫૦૦ | કિશોર એસ. શાહ | ૧૦૦૦ |
| ડૉ. ધ્વની બી વોરા | ૨૫૦૦ | કુશ કે. શાહ | ૫૦૦ |
| વિપુલ એસ શાહ | ૧૧૦૦ | કુશાલ કે. શાહ | ૫૦૦ |
| કૌશલ વી. શાહ | ૧૧૦૦ | સરોજબેન એસ. શાહ | ૫૦૦ |
| રેણુકા એ. શાહ | ૧૦૦૦ | કોકીલા જે. શાહ | ૫૦૦ |

**તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ કર્યા બદલ હાર્દિક અભિનંદન**



**૩૦ ઉપવાસ**
જીતેન્દ્ર સી. શાહ
વિરાર (વેસ્ટ)

# એ ભક્ત નથી 'વેઠ' છે...

**સદ્‌ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી**

**આ**જે પરોપકારી માતા-પિતાની સેવાનું કર્તવ્ય ઘણું ખરું વિસરાતું જાય છે. માતા-પિતાએ પોતાના સ્વાર્થ ખાતર જ અમને જન્મ આપ્યોને ? એમની સેવાની શી જરૂર ? એ માટે જાતનો ભોગ આપવાની કોઈ આવશ્યકતા ખરી ? હા, જરૂર પડ્યે થોડું ઘણું સાચવી લઈએ પણ એમણે તો સેવાની અપેક્ષા ન જ રાખવી જોઈએ ને ? આ અને આવા બીજા ઘણા પ્રશ્નો આજે ભણેલા ગણેલા (!) સમાજને મૂંઝવી રહ્યા છે. ત્યારે એ અંગે થોડોક વિચાર કરી. લેવો અસ્થાને તો નહિ જ ગણાય.

સૌથી પહેલાં એમણે કેટલો ઉપકાર કર્યો છે, તેને યાદ કરો. તે જ જો યાદ ન આવે તો જે કાંઈ પણ સેવા કરાય તે વાસ્તવિક સેવા બનતી નથી. ''મા-બાપને નભાવવા પડે'', ''કેટલા દા'ડાના હવે ?'' 'નભાવી લો ત્યારે' એમ થાય અને સેવા કરાય તે ભક્તિ નથી પરંતુ વેઠ છે.

જેમણે જન્મ આપ્યો - દેહ આપ્યો - ભીનામાં પોતે સૂઈ સૂકામાં સુવડાવ્યા. આખી રાત જાગતા રહીને જાળવ્યા. ગમે અને શોભે તેવાં સારાં કપડાં પહેરાવીને સારા પ્રસંગે લઈ ગયાં. એમનાં કપડાં બગાડ્યાં. ઉલટી કરી તો પણ ગુસ્સે ન થયાં. મોઢામાં દાંત ન હતા ત્યારે પણ અનાજને નરમ બનાવી ખવડાવ્યું, પીવડાવ્યું. છેક સાવ નાના હતા તેમાંથી આવડા મોટા કર્યા. આજે તો જન્મ મળે તે પહેલાં સંતાનને મારી દેતાં મા-બાપના જમાનામાં જન્મ આપ્યો એ જ મોટામાં મોટો ઉપકાર કર્યો !

એમાંયે દેવગુરુનો ભેટો કરાવ્યો. ધર્મના સંસ્કાર આપ્યા. આવા મા-બાપને તો પોતાની ચામડીના જૂતાં કરીને પહેરાવાય તો પણ તેમના ઉપકારનો બદલો ન વળે. આ શરીર તેમણે આપ્યું માટે આ શરીર પર પહેલો હક્કદાવો એમનો. આ શરીર, આ ઈન્દ્રિયો એમની સેવામાં વપરાવી જોઈએ. ખબર છે ક્યાં સુધી ? એ જીવે ત્યાં સુધી, અખંડ !



એમની ઉંમર થાય તેમ તેમ સ્વભાવમાં પરિવર્તન આવે, સ્વભાવ બદલાય યુવાવસ્થાના જોરે જીવનારને કદાચ એનો ખ્યાલ નહીં આવે. 'આખો દા'ડો એકની એક વાત કેમ કરે છે ? ગમે તેવી વાતમાં હસ્તક્ષેપ કેમ કરે છે ?' એમ થતું હશે ? પણ એમ વિચારવું યોગ્ય નથી. કારણકે ઉંમર થતાં જ્ઞાનતંતુઓ નબળા પડી જાય, મગજ પૂરતું કામ ન કરી શકે. તેથી જ એકની એક વાત વારંવાર કરે તેમ બને. મગજમાં પડેલા સંસ્કાર જલદી છૂટે નહીં. વિચારવાનું માધ્યમ-મગજ નબળું પડી જાય છે. તેથી જ એક ના એક વિચાર ફરી ફરી થયા કરે. આવી અવસ્થામાં એમના ઉપકારને યાદ કરી ખૂબ જ કોમળતાથી એમની પરિસ્થિતિ સમજવી જોઈએ. જ્યાં સુધી મા-બાપને વાસ્તવિક રીતે સમજાય નહીં ત્યાં સુધી તેમની ભક્તિ વાસ્તવિક કરી શકાય નહિ.

તમે પોતે વિચારો કે તમે સાવ નાના હતા ત્યારે એકની એક વાત કેટલીવાર કરતા હતા ? 'પપ્પા, પપ્પા કહી એકની એક વાત સંભળાવતા હતા છતાં માબાપ ક્યારેય ગુસ્સે થયા ?' હા બેટા ! હા બેટા ! કહીને પ્રેમથી... સાંભળતા. એમણે બધું સહ્યું છે. હવે સહેવાનો વારો કોનો ? માટે એમને જે પ્રેમથી સાંભળવાનું, સહેવાનું રાખે એ જ એમની સાચી સેવા ભક્તિ કરી શકે.

મંદિરમાં જઈ પરમાત્માને રીઝવવાનો દેખાવ કરનારા જો ઘેર જઈ પોતાના માબાપને રીસવતા હોય તો પરમાત્માને રીઝવવાનો એ દેખાવ દંભરૂપ છે. સાચા અર્થમાં પરમાત્માને રીઝવવાનો પ્રયત્ન કરનાર પોતાના ઐહિક સ્વાર્થ માટે ક્યારેય માબાપને રોવડાવવાનાં પાપ ન જ કરે.

આજે તો માબાપ જેવા માબાપને ઘરડા ઘરમાં મોકલી દેવાય છે. આ ઘરડા ઘરો તો હિંદુસ્તાન માટે, ભારતીય સંસ્કૃતિ માટે કલંક છે. શાપ છે.

સાધુઓએ માટે પણ આજે જે 'વૃદ્ધાશ્રમ' ઘરડાં ઘર ઊભાં થવા માંડ્યાં છે. લોકો એમાં દાન આપે છે. તેનું દુષ્પરિણામ આવવાનું છે. અમે જ્યારે એનો નિષેધ કરીએ ત્યારે કેટલાક લોકો અમને થોડાક પ્રેક્ટીકલ થવાની સલાહ આપે છે. પ્રેક્ટીકલ થવાનો મતલબ એ કે ખોટાં કાર્યોને સાચા કાર્યો તરીકેની મહોરછાપ મારી આપવી. કોઈ પણ માર્ગસ્થ વિચારક

એમાં સંમત નહીં બની શકે.

ઘણા એમ પણ કહેતા હોય છે કે ઘરમાં રહીને રોજ દીકરાનું અપમાન વેઠે એના કરતાં ઘરડાઘરમાં જાય તો સુખી થાય ને ? એમને મારે કહેવું છે કે દીકરો મા-બાપનું ઘરમાં અપમાન કરે તે કલંક નથી ? એમને આવા કલંકો છાવરવા જ આ ઘરડાઘરો છે. બાકી તો દીકરો લાત મારતો હોય તો પણ એ માબાપને જઈ પૂછી આવો ઘરડાઘરમાં એ મારો દિકરો ! મારો દીકરો ! કરીને એ દીકરાને જ યાદ કરતાં હોય છે. ઘણાને આવી વસ્તુસ્થિતિની કલ્પના પણ નહિ આવે.

વૃદ્ધાવસ્થામાં જે હૂંફ જોઈતી હોય છે તે ઘરડા ઘરમાં ક્યાં મળે ? આમ છતાં પણ ત્યાં એ એમની રીતે જીવી જાય, પરંતુ માબાપને ઘરડાઘરમાં મૂકી આવનારા એ દીકરાઓના દિ' ફર્યા છે.

આજે આનાં ભયંકર પરિણામ આવવા લાગ્યા છે કેટલાક સાધુઓ પણ ગમે તેને મૂંડશે – દીક્ષા આપશે અને પછી રખડતા મૂકી દેશે ઘરડાઘરમાં ! એ કોઈ સંજોગોમાં ન ચલાવી શકાય.

**છેવટે એક વાત યાદ રાખશો કે આજે ઘરડાઘરમાં જેઓ માબાપને મૂકશે, આવતી કાલે તેમનો પણ વારો નિશ્ચિત છે. તેમનાં સંતાનો આજે તેમનું આ કૃત્ય જોઈ રહ્યા છે તે જોઈ તેમના ભાવિનું આયોજન કરી જ રહ્યા છે.** હા ! તો આટલું યાદ રાખજો.

***પીપળ પાન ખરતાં હસતી કૂંપળિયાં,***
***મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયાં.***

માટે સમયસર ચેતી જવા જેવું છે.

❖❖❖

---

# અંતરનો એક તાર

**ડૉ. હરીશ દ્વિવેદી**

## ગૌરવપૂર્ણ વૃદ્ધાવસ્થા સિનિયર સિટીઝન્સ માટે...

કુદરતના ક્રમ પ્રમાણે મનુષ્ય તેની બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને પ્રૌઢ અવસ્થાને વટાવીને વૃદ્ધાવસ્થામાં પ્રવેશતો હોય છે. જીવનમાં વર્ષો જરૂર ઉમેરાતા જતા હોય છે, પરંતુ વર્ષોમાં જીવન કે સમજણશક્તિ ઉમેરાતા હોતા નથી. પરિણામે ઉંમર વધવાની સાથે જ સમજણશક્તિ અને પરિપક્વતા આવવા જોઈએ તે આવતાં નથી. માત્ર વર્ષો પૂરા કરવાના હિસાબે માણસ વૃદ્ધાવસ્થાએ જરૂર પહોંચી જતો હોય છે, પરંતુ એનો જે પ્રમાણેનો માનસિક અને આંતરિક વિશ્વાસ થવો જોઈએ તે થતો નથી. પોતાના સાચા-ખોટા ખ્યાલો અને માન્યતાઓને એ જડતાપૂર્વક વળગી રહેતો હોય છે. ક્યારેક તો તે જડતા હઠાગ્રહ સુધી પણ પહોંચી જતી હોય છે.

ઉંમરના હિસાબ-કિતાબથી વૃદ્ધ થયેલ વ્યક્તિ પોતે કહે છે તે જ સાચું એમ માની પોતાની વાતને સાચી ઠેરવવા તે પ્રયત્ન કરે છે. એને માટે તે બીજાઓનું અપમાન પણ કરી નાખે છે. આ બધાને કારણે તે લોકોમાં અપ્રિય પણ બની જાય છે. આ બધાને કારણે તે ફરિયાદ કરતો ફરે છે કે, ''મારું કોઈ સાંભળતું નથી. મને ઘરમાં કોઈ પૂછતું



નથી' અને ત્યાર પછી છેવટે તેને વૃદ્ધાશ્રમ કે ઘરડાંના ઘરનો આશ્રય લેવો પડતો હોય છે. વૃદ્ધાવસ્થાને પણ ગૌરવપૂર્ણ કેવી રીતે બનાવી શકાય ? એ અંગેની ખૂબ જ મહત્વપૂર્ણ વાત કરતા ગ્રીસ દેશના મહાન તત્ત્વજ્ઞાનની સોક્રેટસના વિચારો જાણવા જેવા છે. આપણા સિનિયર સિટીઝન ગણાતા સમાજના વડીલો તેનો જો અમલ કરે તો વૃદ્ધાવસ્થામાં તેમને ક્યારેય પણ પસ્તાવું નહીં પડે.

વૃદ્ધત્વના શાણપણ વિશે વાત કરતા સોક્રેટિસ કહે છે કે, મનુષ્યે પોતાની પાછલી જિંદગીમાં પોતે જે કંઈ મિલકત ઊભી કરી હોય તે બધું પોતાની ઈચ્છા પ્રમાણે કુટુંબીજનોને આપી દેવું જોઈએ. ત્યાર બાદ કુટુંબમાં રહીને સહુ કોઈને ઉપયોગી કે મદદરૂપ થવા પ્રયત્ન કરવો જોઈએ. દીકરો કે દીકરી જો સલાહ લેવા આવે તો જિંદગીના નિચોડરૂપે જે વાત તમને સત્ય લાગે તે તેમને જણાવવી, પરંતુ તમારી સલાહ પ્રમાણે તેઓ ચાલે કે ન ચાલે તેનો આગ્રહ રાખવો નહીં. તેઓ જો કોઈ ભૂલ પણ કરે તો કરવા દેવી. તેમના કામમાં વચ્ચે કોઈ પણ પ્રકારની આડખીલીરૂપ બનવું નહી.

જો તેઓ ફરીથી સલાહ લેવા આવે અને તમને પૂછે તો જ સલાહ આપવી. વૃદ્ધત્વના શાણપણને આ સોનેરી નિયમ છે. ❖❖❖

# વિસ્મૃતિનું રામાયણ

**ગિરીશ ગણાત્રા**

**સ**વાર પડે ને બ્રાહ્મણ ફળિયામાં કકળાટ શરૂ થઈ જાય!

આ કકળાટ માત્ર એક જ ઘરમાંથી આવતો – અને એય ગીતાના પરમ શ્રદ્ધેયક શંભુપ્રસાદ શાસ્ત્રીના જ ઘરમાંથી!

શંભુપ્રસાદ શાસ્ત્રીને પાઠપૂજાની સારી આવક. વળી જ્યોતિષનાય જાણકાર. એમના એક-બે ઘરાકને શાસ્ત્રીજીનું જ્યોતિષ ફળ્યું એટલે એમણે બ્રાહ્મણ ફળિયામાં ડેલીબંધ મોટું ઘર બંધાવી દીધું. શાસ્ત્રીજીના બંને પુત્રો નંદાભાઈ ઉર્ફે નર્મદાશંકર અને લાલુભાઈ ઉર્ફે લાભશંકર પણ પિતાના ધંધામાં પળોટાયા. પણ મોટા પુત્ર નંદાભાઈને આગોતરા સમજણ આવી ગઈ તે એણે શાસ્ત્રીજીમાં ખૂબ જ શ્રદ્ધા રાખતા એક ધનાઢ્ય ડિસ્ટ્રિબ્યૂટરને મનાવી, પટાવી પેસ્ટ, પાઉડર, સાબુ વગેરેની એજન્સી લઈ લીધી.

નાના પુત્ર લાભુભાઈ પિતા પાસે પળોટાયેલા જ રહ્યા. પણ સમય જતાં કર્મકાંડમાંથી મળતી આવક ઓછી થવા લાગી. પૂજાપાઠમાં હવે કંઈ બહુ નહોતું મળતું. શાસ્ત્રીજીને લકવો થતાં એ હવે ઘરની બહાર નહોતા નીકળી શકતા. પરિણામ એ આવ્યું કે ઘરમાં નંદાભાઈની સારી એવી આવક સામે લાભુભાઈની પાતળી આવકનાં પલ્લાં જોખાયાં ને એમાંથી બંને વહુઓ વચ્ચે કંકાસ જામ્યો. મોટી વહુ દાદાગીરી કરે તો નાની વહુ કંઈ ગાંજી જાય એવી નહોતી. વાત એવી તો વધતી ચાલી કે માત્ર મોટેરાઓ જ નહિ, બંને ભાઈઓનાં છોકરાંઓ પણ સામસામા લડવા લાગ્યાં.

નિત્ય સવાર પડે ને શાસ્ત્રીના ઘરમાં મહાભારતનું પ્રકરણ મંડાય!

એમાંય શાસ્ત્રીજી હતા ત્યાં સુધી બોલવા ચાલવામાં થોડીય આમાન્યા રહેતી, પણ શાસ્ત્રીજીના ગયા પછી વાગ્યુદ્ધના એવા પ્રયોગો થવા લાગ્યા કે બ્રાહ્મણ ફળિયાના વયોવૃદ્ધ બ્રહ્મપુરુષો પણ 'અબ્રહ્મણ્યમ્ અબ્રહ્મણ્યમ્' શબ્દો ઉચ્ચારવા લાગ્યા.

કેટલાક ડાહ્યા બ્રાહ્મણો તોડ કાઢ્યો. એક વખત મોટા પુત્ર નર્મદાશંકરને બાજુ પર બોલાવી કહ્યું :

'જુઓ નંદાભાઈ, દરરોજનું તમારું ઘરનું આ ઘમસાણ હવે અમને બધાને અકળાવે છે. અમારા છોકરાઓ પણ હવે ગાળો બોલતાં શીખવા લાગ્યા છે. આપણે કહેવાઈએ બ્રહ્મપુત્રો આપણને આ બધું શોભે નહિ...'

'પણ હું કરુંય શું?'

'તમે તો સારું એવું કમાઓ છો. તમે ડહાપણ વાપરી બાપના ધંધામાં ન રહ્યા ને એજન્સીઓ પર એજન્સીઓ રાખી લીધી છે. તમે એક કામ કરો. શહેરમાં ઘણી ઘણી સોસાયટીઓ બંધાય છે. એકાદ નાનકડો એવો બંગલો બાંધી લો ને! એમાં ગુમાવવાનું તો કશું નથી. છોકરાંઓ મોટા થવા લાગ્યા છે તે...'

નંદાભાઈને આ શીરા જેવી વાત ગળે ઊતરી ગઈ. એણે આ નાનકડા શહેરની સોસાયટીઓમાં બંધાતા બંગલાઓ પર નજર રાખવા માંડી ને એક દહાડો બાપીકું ઘર છોડી બંગલે પણ જતા રહ્યા. પણ જતાં જતાં કે'તા ગયા–

'જો લાભુ, આ ઘર છોડીને જાઉં છું ખરો, પણ એમ ન સમજતો કે આ ઘર તારું પોતીકું થઈ ગયું! આમાં અડધોઅડધ ભાગ મારો છે. એની બરાબર જાળવણી નહિ કરે ને મિલકતની કિંમત ઓછી ખશે તો એની નુકસાની તારે માથે...'

નંદાભાઈનાં વહુ તો એથીય વધુ હોંશિયાર નીકળ્યાં. એણે બેચાર ગાભા ને તૂટેલી ખુરશીઓ બે જુદા જુદા રૂમમાં મૂકી ને તાળું મારીને ચાવી લઈ જતાં રહ્યાં. જતાં જતાં આખું બ્રાહ્મણ ફળિયું સાંભળે એમ લાભુભાઈની વહુને સંભળાવતાં ગયાં–

'જોઉં છું ઈ જણી કેવો આ ઘરનો સુવાંગ ભોગવટો કરે છે! અરે મર્યા પછી ભૂત થઈને અહીં ભણીશ પણે એને આ ઘરમાં સુખે રહેવા નહિ દઉં...'

નંદાભાઈ નોખા થયા એટલે લાભુભાઈને મુસીબત આવી પડી. આજ સુધી એની પાતળી આવક નંદાભાઈની જાડી આવક નીચે ઢંકાઈ રહેતી હતી તે હવે ખુલ્લી થઈ ગઈ. ઘરમાં હવે કરકસર શરૂ થઈ ગઈ. ટયૂબલાઈટને સ્થાને પચીસ વૉટના ગોળા આવી ગયા ને દાળશાકમાં પાણીનું પ્રમાણ વધી ગયું. આમ કરતાંય બે ટંક ધાન માંડ મળતું.

એક વખત જાત્રાએ નીકળેલી બેચાર ડોશીઓ જૂના સંબંધને કારણે રાતવાસો કરવા નંદાભાઈને ઘેર આવી. રાત્રે વાળુ કરીને બધાં બેઠાં હતાં ત્યારે બધી જૂની જૂની વાતો નીકળી. સંબંધોના તાણાવાણા નીકળ્યા. બાપદાદાના વખતના જમાનાને યાદ કર્યો. શંભુપ્રસાદ શાસ્ત્રીને હરગંગાબહેનના લગ્નપ્રસંગની વાતોય નીકળી. એક ડોશીએ વાતવાતમાં કહ્યું :

'આ નંદા ને લાભુડાને નાનપણમાં બહુ બને હોં! એક માંદો પડે તો બીજો રોવા બેસે. બેય ક્યારેય છૂટો પડે જ નહિ. હરગંગા તો હસવામાં કે'તી કે પીટ્યા જોડિયા જન્મ્યા હોય એમ જ વર્તે છે. એકને

સજા કરો તો બીજો આપોઆપ એ સજા ભોગવે. એક ભૂખ્યો રહે તો બીજોય અપવાસ કરે.'

'એક દા'ડો ચોમાસામાં નદીમાં લોઢ આવ્યા હશે તે ગામના છોકરાઓ જોડે નંદો ને લાભુ પણ તે જોવા ગયા. કોણ જાણે કેમ નંદાનો પગ લપસ્યો હશે તે એ સરક્યો નદીમાં. પાણીના લોઢમાં ભલભલો તરવૈયો પણ હિંમત કરતાં બે વખત વિચારે એ વખતે લાભુડાએ દોડીને ઉપરવાસમાં ઝંપલાવ્યું ને નંદાને પકડી લીધો.... ગજબ હિંમત હતી કે વખતે છોકરામાં. તે દિવસથી ગામમાં રામલખમણની જોડી તરીકે આ બે ભાઈઓ પંકાઈ ગયા.. એલા, પણ લાભુ હમણાં છે ક્યાં ? કરે છે શું ? છોકરાંછૈયાં ખરાં ?'

'નંદાભાઈ અહીં ગામમાં જ છે. ઠીક છે. ચાર છોકરાં છે. બ્રાહ્મણ ફળિયે બાપદાદાનું જૂનું ઘર સાચવે છે.' એવો મોળો જવાબ તો આપી દીધો પણ ડોશીએ જે વાતો કહી એના પર એ રાત્રે વિચારે ચડી ગયા. 'જો લાભુ તે દી પાણીમાં કૂદ્યો ન હોત તો આજે આ નંદાભાઈ આપણી સામે ન હોત' એ વાક્ય એના મનમાં ધ્રુવવાક્ય બની બેઠું.

બે દિવસ પછી એક વહેલી સવારે નંદાભાઈએ બ્રાહ્મણ ફળિયામાં પ્રવેશ કર્યો. આ ઘર છોડ્યા પછી સવા વર્ષે એણે બીજી વાર અહીં પગ મૂક્યો હતો. બ્રાહ્મમુહૂર્તમાં જાગી ક્રિયાકાંડ પતાવતા અહીંના રહેવાસીઓને બીક લાગી કે ચોક્કસ, આજે મહાભારત મંડાશે કારણ કે હજુ દસ-પંદર દિવસ પહેલાં જ નંદાભાઈની પત્નીએ અહીં આવી એનાં દેરદેરાણીને ઘરની માવજત ન લેવા બદલ જે ઝડી નાખ્યાં હતાં એના પડઘા હજુય વાતાવરણમાં ગુંજતા હતા.

નંદાભાઈએ ડેલી ખખડાવી.

લાભુભાઈના પુત્રે આંખો ચોળતાં ડેલી ખોલી. મોટા બાપાને જોઈ એ ગભરાયો ને ઝડપથી પાછાં પગલાં માંડવા જતો હતો ત્યાં નંદાભાઈએ કહ્યું :

'અલ્યા, આમ ભાગે છે ક્યાં ? જા, ઘરમાંથી તપેલી લઈ દૂધ લઈ આવ. ચા-ખાંડ ન હોય તો એ પણ લેતો આવજે. જા, હડી કાઢ...' કહી એના હાથમાં એકબે નોટ પકડાવી દીધી.

છોકરો બધું લઈને પાછો આવ્યો ત્યાં સુધી નંદાભાઈ ઓસરીના હીંચકે હીંચકતા સાથે લાવેલું છાપું વાંચતા હતા.

'જા, ચા મૂક ને તારા બાપને પછી ઉઠાડ...'

એટલી વારમાં લાભુભાઈની પત્ની જાગી ગઈ. એણે જેઠને જોઈ લાજ કાઢી ને પછી રસોડામાં પેસી ગઈ. થોડી વારે છોકરો ચાનો કપ મૂકી ગયો.

'લાભુ કયાં છે ?' એણે પૂછ્યું.

'ઉઠાડ્યા છે, અંદર કોગળા કરે છે.'

'એનો કપ પણ અહીં હીંચકે મૂક.'

અંદરથી મોઢું લૂછતાં લૂછતાં લાભુભાઈ આવ્યા. કંઈ પણ બોલ્યા વગર હીંચકે બેઠા. છાનામાના ચાનો કપ મોઢે માંડ્યો.

ઘરમાં જાણે તોફાન પહેલાંની શાંતિ છવાઈ ગઈ. ચાનો કપ પૂરો થશે કે જેઠજી હમણાં તડાફડી બોલાવશે એ બીકે લાભુભાઈની પત્ની કાન સરવા કરી રસોડામાં બેઠી રહી.

ચાનો કપ પૂરો કરી ઓસરીને કોરે મૂકતાં નંદાભાઈ મોટેથી બોલ્યા :

'વિષ્ણુ, લલ્લી, ચૂકો – બધાં ક્યાં છે ?'

'સૂતાં છે હજી. ઉઠાડું ?'

'હા, ઉઠાડ.' કહી નંદાભાઈએ સીધો લાભને સવાલ કર્યો :

'હમણાં શું કરે છે ?'

'કશું નહિ.'

'યજમાનો મળે છે ?'

'ખાસ નહિ.'

'બીજી કંઈ આમદાની થાય છે ?'

'ના', કહી લાભુભાઈ ભોંય સામે જ નજર નાખી હીંચકો ઝુલાવતા રહ્યા.

'તો કરે છે શું ? ખાધાપીધા વિના છોકરાવના ડિલે ક્યાંથી વળશે ?

લાભુભાઈ મૂંગામંતર બની રહ્યા.

'કાલથી... ના, ના, આજથી જ... આપણી દુકાને બેસતો થઈ જા. ઝટપટ બધું કામ શીખી જા. મહિને-બે મહિને બરાબર તૈયાર થઈ જા. આજથી દુકાનની આવકમાં તારો ચાર આની ભાગ કરી દઉં છું. માટે ઊઠ નાહીધોઈ, મંદિરે જઈને સીધો દુકાને આવી જા... ને વહુ, શાસ્ત્રીજી જીવતા હતા ત્યારે કોઈ વહુને કાંઈ દાગીનો કરાવી દીધો નહોતો એટલે હવે બાપા તરફથી આ ઘરરૂપી દાગીનો તમને ચડાવું છું. અઠવાડિયામાં એના બધા કાગળો કરી તમને મોકલાવી દઉં છું... બસ, તો એક કપ ચાનો ફરી બનાવો એટલે એ પીને હું દુકાને જાઉં. ને લાભુ, તું નાહીધોઈ, પૂજાપાઠ પતાવી સીધો દુકાને આવી જા...'

નંદાભાઈ એક પછી એક હુકમો છોડતા ગયા. ચાનો બીજો કપ પેટમાં પધરાવી એ હીંચકા પરથી ઊઠ્યા ત્યારે ગાદી પર સોની થોડી નોટો મૂકીને ડેલી તરફ ચાલી નીકળ્યા. ડેલીમાંથી નીકળતાં નીકળતાં એક નજર ઓશરીમાં ફેંકી, લાભુરૂપી લક્ષ્મણના પરિવાર પર આછું સ્મિત ફરકાવી એ સોંસરવા નીકળી ગયા.

મહાભારતના યુદ્ધની કલ્પના કરતા બ્રાહ્મણ ફળિયાના રહેવાસીઓને જ્યારે ડેલી બહાર એકેય ઊંચો શબ્દ ન સંભળાયો ત્યારે એક મોટું આશ્ચર્ય થયું કે આજે વળી સૂરજ ઊગ્યો છે કઈ તરફ ?'

❖❖❖



# મનમેળ

**હરિશ્ચંદ્ર**

ઘણા વખતે મળેલ લીના કહી રહી હતી : 'આપણી ક્લબ નાટ્ય-સ્પર્ધામાં ભાગ લઈ રહી છે. આશુતોષનું સાવ નવું નાટક છે; ડાયલોગ તો એવા પાવરફુલ છે કે મડદુંયે ટહુકો કરતું બેઠું થઈ જાય. પણ......'

'પણ શું ?'

'પણ તેમાં તારો અભિનય હોય તો જ. હિરોઈનનું પાત્ર જાણે તને જોઈને જ ઘડાયું છે ! એક અલ્લડ છોકરીના હાવભાવ, એની હઠ, એની જીદ, એનું મનમોજીપણું અને તેની સાથે જ સ્વભાવની કોમળતા અને માસૂમ દિલ...... તારા વિના આ પાત્રને તખતા પર બીજું કોઈ જીવતું નહીં કરી શકે.'

'બસ, બસ ! પણ હું હવે પહેલાં જેવી નથી રહી.'

'શું સમીર તને નાટકમાં ઊતરવાની ના પાડે છે ?'

'ના રે, એ તો સામેથી કહે છે. પણ હું હવે પહેલાંની જેમ કામ કરી શકીશ ?'

'જરૂર. જેવી તું સ્ટેજ પર પગ મૂકીશ કે તારો કળાકારનો આત્મા જાગી ઊઠશે.'

લીના આ વાત કરીને ગઈ, અને મયુરીમાં જાણે નવું ચૈતન્ય ઊભરાઈ આવ્યું. બે વરસના લગ્નજીવન પહેલાંની ઊર્મિઓ ફરી જાગી ઊઠી. પોતાનાથી ૧૭ વરસ મોટા સમીર સાથે એણે લગ્ન કર્યું, ત્યારે બધારે એણે ઘણી વારી હતી, પણ એ એકની બે ન થઈ. સમીર એના અભિનયનો આશક હતો. ધીમે ધીમે પરિચય વધતાં વધતાં પ્રેમમાં પરિણમ્યો.

અને એ પ્રેમને લીધે જ શરૂ શરૂમાં વય વચ્ચે ન આવી, પણ પછી વયનો આવડો મોટો ફરક વરતાવા લાગ્યો. સમીર કહેતો, 'તારું કહેવું ખરું, મયુરી ! પાંચેક વરસ બાળક નહીં. પરંતુ તેં હજી વીશી પાર કરી નથી અને હું ત્રીશી પાર કરી ગયો છું. મારી દૃષ્ટિએ વિચાર કર.'

મયુરીને હજી મેક્સી પહેરીને બહાર નીકળવાનું બહુ ગમે. પણ સમીર કહે, 'તું સાડીમાં જ શોભે છે. અને મેક્સીમાં તો તને કોઈ મારી દીકરી જ માની બેસે !'

મયુરી ખિલખિલાટ હસતી, બબ્બે પગથિયાં સાથે ચઢી જતી, રસ્તામાં કોન આઈસ્ક્રીમ ખાવા ઊભી રહી જતી. સમીર એને શિખામણ આપતો કે, 'આ બધો છોકરવાદ કહેવાય. આવું અલ્લડપણું હવે જવું જોઈએ. થોડી પીઢતા આવવી જોઈએ.'

કોઈક દુકાનમાં સુંદર સાડી કે બીજી ગમતી વસ્તુ જોઈ મયુરી એકદમ સીરનો હાથ પકડી કે એને ખભે માથું' નાખી લાડથી તે વસ્તુ બતાવતી. સમીર સમજાવતો, 'ખુલ્લેઆમ આ રીતે ન વર્તાય.'

જો કે સમીરનો પ્રેમ અનહદ હતો. ઘરકામમાં પૂરી મદદ કરતો. ખવડાવવા-પીવડાવવામાં કાળજીયે ઘણી રાખતો. જરીકે વધુ મહેનત કરવા ન દેતો. ઊંચી અભરાઈ પરનો ડબ્બો ઉતારવા મયુરી સ્ટૂલ પર ચઢે, તો તુરત દોડી આવી કહે, 'તું પડી જઈશ. લાવ, હું ઉતારી આપું છું ! મોટું કલિંગર કાપવા લીધું, તો તુરત... 'લાવ, મારી પાસે. છરી બહુ ધારદાર છે.' નાની-નાની બાબતમાં કાળજીભરી સલાહ. મયુરીને ક્યારેક થઈ જતું કે કહી દઉં, 'સમીર, હું નાની બાળકી નથી.'

લગ્ન કરીને એને બાપ નહીં, પતિ જોઈતો હતો, સહચર જોઈતો હતો. સામેના જ ઘરમાં એક યુવાન જોડું રહેતું હતું. એ લોકો જે રીતે હસતા રમતા, નાચતા-કૂદતા, તે જોઈ મયુરી ઘણી વાર વિચારમાં પડી જતી, થોડીક ખિન્ન થઈ જતી. સમીરની નજરમાં આ આવતું, અને એ પૂછતો પણ. પરંતુ મયુરી હસીને કહેતી, 'કાંઈ નથી, કાંઈ જ નથી.'

એક દિવસ રસ્તે વાંદરાનો ખેલ ચાલતો હતો, તે જોવા મયુરી ઊભી રહી ગઈ. તાળી પાડી-પાડીને કહેવા લાગી, 'સમીર, જોઈ પેલી ભાગાબાઈ ? પતિ સિનેમા જોવા નથી લઈ જતો તેથી રિસાઈ છે. કેવો અફલાતૂન અભિનય !' સમીર ચિડાઈ ગયો, 'આવું બચ્ચા જેવું વર્તન ન શોભે.'

આવા સંજોગોમાં નાટકની વાત આવતાં મયુરીમાં નવું ચૈતન્ય ઊભરાઈ આવ્યું. એના જીવનમાં નવું નૂર આવ્યું. અને તે દિવસ તો નાટકમાં એણે કમાલ કરી. પ્રેક્ષકો એના અભિનય ઉપર વારી ગયા. સમીર પણ વારી ગયો. પણ નાટકમાંથી પાછા ફરતાં એ ભારે ઊંડા ચિંતનમાં ખોવાઈ ગયો. ઘરે જઈ એણએ મયુરીને પાસે બેસાડી. એનો હાથ પોતાના હાથમાં લીધો, અને તેને પ્રેમથી પંપાળતો બોલ્યો, 'આ સુંવાળા હાથ જેવો જ સુંવાળો આપણો સંસાર હોવો જોઈએ. જો, મયુ ! તું આ હાથની ટચલી આંગળી જેવી નાની છે, અને હું મધ્યમા જેવો મોટો છું. હવે આપણે એમ કરીએ કે તારે તર્જની જેવડા થોડા મોટા થવાનું, અને મારે અનામિકા જેવડા થોડા નાના થવાનું. એક વાર મારે તારું સાંભળવાનું, બીજી વાર તારે મારું. પછી ભાગાબાઈનો અભિનય જોવા રસ્તા ઉપર ઊભા રહેવાનું તું કહીશ તોયે હું ઊભો રહીશ. બોલ, છે કબૂલ ?'

મયુરી એને જોતી જ રહી, જોતી જ રહી. એને થયું, પોતાના મનની વાત જ સમીરના મોઢે બોલાઈ રહી છે.

*(શ્રી ઉજ્જવલા ઘાટેની મરાઠી વાર્તાને આધારે)*

❖❖❖

# પિતાનો પ્રેમ ઝટ સમજાતો નથી

**રોહિત શાહ**

માતાના પ્રેમ વિશે પાંચ-સાત સારાં વાક્યો વાંચવા હશે તો આસાનીથી મળી જશે, પરંતુ પિતાના પ્રેમ વિશે એવાં વાક્યો ઝટ નહિ મળે. માતાનું વાત્સલ્ય બોલકું હોય છે. 'ખમ્મા મારા દીકરાને', 'મારો દીકરો બહુ ડાહ્યો', 'બેટા, જમવા બેસી જા. તને ભૂખ નથી લાગી ?' આવાં વાક્યો માતાના મુખે વારંવાર ઉચ્ચારતાં રહે છે. માતા બોલીને પણ પોતાનું વાત્સલ્ય વહાવે છે. પિતાનું વાત્સલ્ય મૌન રહેવા ટેવાયેલું છે. પિતા સંતાન માટે જે કાંઈ કરે એ કર્તવ્યમાં કે ફરજમાં ખપી જાય છે. સંતાનને ભણાવવા માટે પિતાએ લોન લીધી હસે તો એના હપ્તાનો હિસાબ થઈ શકશે, પણ એ હપ્તા ભરવા પાછળ પિતાએ જે પારાવાર કષ્ટ વેઠ્યાં હોય એનો હિસાબ કોણ કરશે ?

નાનું બાળક પથારીમાં પેશાબ કરે ત્યારે બાળકને બાજુમાં ખસેડી માતા એ ભીની જગામાં સૂઈ જાય છે એ તરફ જગતના તમાત કવિઓનું ધ્યાન ગયું, પરંતુ સંતાનના મોજ-શોખ પૂરા કરવા માટે વરસતા વરસાદમાં પિતા કેટલી વખત પલળ્યા એ તરફ ભાગ્યે જ કોઈનું ધ્યાન જાય છે. માતા સ્તનપાન કરાવે છે તો પિતા હૃદયપાન કરાવે છે. માતા ખોળામાં બેસાડે છે તો પિતા ખભે ઊંચકે છે. માતા બાળકને નવ મહિના સુધી પોતાના ગર્ભમાં ઉછેરે છે. સંતાનને પગભર કરવામાં પિતાનો હિસ્સો ઓછો નથી હોતો. માતા સ્મિત આપે છે, પિતા સાહસ આપે છે.

અહીં આપણે એમ પુરવાર નથી કરવું કે માતાનો પ્રેમ છીછરો અને ઓછો હોય છે, આપણે એટલું સમજવું છે કે પિતાનું વાત્સલ્ય જરાય છીછરું કે ઓછું નથી હોતું. માતા સ્ત્રી હોવાને કારણે એની ઋજુતા કાવ્યમય લાગે છે જ્યારે પિતા પુરુષ હોવાને કારણે એનું વહાલ ગદ્ય જેવું સહેજ બરછટ લાગે છે. માતાએ ઘરની ચાર દીવાલો વચ્ચે સુરક્ષિત રહીને તથા સીમિત લોકો સાથેના સંપર્કમાં રહીને સંતાનને વહાલ કરવાનું હોય છે, પરંતુ પિતાએ વ્યવસાયની વ્યસ્તતા વચ્ચે તથા અગણિત ત્રાહિત લોકોના સંપર્કમાં રહીને પરિવાર માટેનાં કર્તવ્યો નિભાવવાનાં હોય છે. સંતાનને વહાલ કરવામાં ઑફિસે જતાં સહેજ મોડું થઈ ગયું હોય ત્યારે પિતાને એના બોસનો જે ઠપકો સાંભળવો પડે છે એની ખબર ઘરમાં ભાગ્યે જ કોઈને પડે છે. બાઈક લઈને કૉલેજ જતા દીકરાને કદાચ ખબર પણ નથી હોતી કે એના પપ્પા ઑફિસે જવા માટે પણ બે વખત બસ બદલીને જાય છે. તાજી પોલિશ કરેલા ચકમકતા બૂટ પહેરીને પોતાના ફ્રેન્ડસર્કલમાં વટ મારનારા પુત્રને ખ્યાલ પણ નથી હોતો કે પપ્પા પોતાના માટે છેલ્લા બે વર્ષથી નવાં બૂટ-ચંપલ નથી લાવ્યા. આડે દીકરો મોબાઈલ પાછળ દર મહિને જેટલી રકમ ખર્ચે છે એટલી રકમ એના પપ્પા ભણતા હતા ત્યારે આખા વરસના કુલ ખર્ચ માટે પણ વાપરી શકતા નહોતા.

પિતા પોતાનાં સંતાનો માટે જે કાંઈ કરે છે તે ભૌતિક હોવાને કારણે એનું મૂલ્ય ઓછું દેખાય છે. માતા પોતાનાં સંતાનો માટે જે કાંઈ કરે છે તે ઈમોશનલ હોવાને કારણે મૂલ્યવાન બની જાય છે. મોડા આવતા સંતાન માટે માતા જે પ્રતીક્ષા કરે છે તે રોકડી હોય છે એટલે તરત નજરે ચઢે છે, પણ પિતા એ ક્ષણે જે ચિંતા કરે છે એ અપ્રગટ હોવાને કારણે દેખાતી નથી. પ્રતીક્ષામા ચિંતા હોય છે અને ચિંતામાં પ્રતીક્ષા હોય છે એટલું સમજાયતો પિતાના પ્રેમને ન્યાય મળવાની સંભવ ખરો.

સંતાનના ભવિષ્ય માટે પિતા જે કાંઈ કરે છે એનાં પલાખાં માંડવામાં ગમે તેવી ગણિતશાસ્ત્રી પણ પાછો જ પડી જાય. પોતાની નાની નાની અપેક્ષાઓ રુંધી રાખીને સંતાનને સગવડ આપવાની પિતાની નિષ્ઠા વિશે વિચાર કરજો. પોતે અગવડો વેઠીને, કરકસર કરીને સંતાનો માટે પ્રોપર્ટી ભેગી કરે છે અને સંતાનને જરાય સંઘર્ષ ન વેઠવો પડે એની ચીવટ રાખે છે. ઘણી વખત એવું બને છે કે પિતાએ કરેલો ગુસ્સો દીકરાને યાદ રહી જાય છે, પરંતુ એ ગુસ્સામાં છલોછલ નીતરતો પ્રેમ એ ભૂલી જાય છે.

માતાનો સંબંધ મોટે ભાગે ફેમિલી પૂરતો લિમિટેડ જ હોવાને કારણે એણે સંતાનને વહાલ કરવામાં કશું કોમ્પ્રોમાઈઝ કરવું પડતું નથી. પિતાને બહારની દુનિયા સાથે તાલ મેળવીને આગળ વધવાનું હોય છે એટલે ક્યારેક સંતાનને વહાલ કરવા બાબતે કડવું સમાધાન કરવું પડે છે. ફિલ્મ 'શક્તિ'મા પિતા અને પુત્ર વચ્ચેની ગેરસમજ આવા કોમ્પ્રોમાઈઝને કારણે જ થયેલી બતાવી છે. પોલીસ ખાતામાં કામ કરતા પિતાએ ગુંડાઓને ગિરફ્તાર કર્યા છે. ગુંડાઓના માણસો પોલીસ-પિતાના એકના એક પુત્રને કિડનેપ કરીને ગિરફ્તાર કરેલા ગુંડાને છોડવા જણાવે છે. કોઈપણ બાપ પોતાના દીકરાને ગુંડાઓના પંજામાંથી છોડાવવા ઈચ્છે જ, પરંતુ પોલીસની ડ્યૂટી અને પોતાની બાહોશી ઉપરનો ભરોસો અહીં પિતાને કઠોર થવા મજબૂર કરે છે. ગુંડાઓને એ ખુમારીથી કહે છે કે તમે મારા દીકરા સાથે જે વ્યવહાર કરવો હોય તે કરો, પણ હું તમારી શરત નહિ જ સ્વીકારું. પુત્ર

ફોન ઉપર આ વાત સાંભળી જાય છે કે, મારા પિતાને મારા ઉપર પ્રેમ નથી. મને છોડાવવાને બદલે મને ગુંડાઓના હવાલે કરી દીધો. પુત્ર મોટો થતો જાય છે તેમ તેમ એની ગેરસમજ મજબૂત બનતી જાય છે. એક વાત યાદ રાખજો કે જ્યારે કોઈ વ્યક્તિ માટે કશોક પૂર્વગ્રહ બંધાઈ જાય છે, પછી એની સાચી અને સારી વાત ઉપર પણ ભરોસો નથી બેસતો. એ હંમેશાં ગેરસમજના ચશ્માની જ સામેની વ્યક્તિનું મૂલ્યાંકન કરે છે. લાઈફમાં આવી ગેરસમજ ક્યારેક છૂટે છે તો ખરી, પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. પિતાની કઠોરતા પાછળ રહેલી કોમળતા તો બિચારી આંસુ પણ સારી શકતી નથી. પોતાનો પુત્ર આવી ગેરસમજ કરે ત્યારે પિતાનું હૈયું કેવું વલોવાઈ જાય એ તો જેણે એવો અનુભવ કર્યો હોય તેને જ સમજાય.

**ધૃતરાષ્ટ્ર અને દશરથ**

પિતાનું હાલત ઘણી વખત એવી કફોડી હોય છે કે એનો કોઈપણ નિર્ણય ક્રૂર અથવા ખોટો લાગે છે. જો ધૃતરાષ્ટ્રની જેમ પોતાના દુરાચારી પુત્રનો પક્ષ લે તો સર્વનાશ થાય છે અને દશરથ રાજાની જેમ રામને વનવાસ માટે મોકલે તો પોતે રિબાય છે. પુરુષે માત્ર ઘર નથી સંભાળવાનું હોતું, એની સામે બાહ્ય જગતનાં અનેક કર્તવ્યો, અનેક બંધનો હોય છે. એણે એક પાંજરામાં પુરાઈ રહીને સંતાનને પ્રેમ આપવાનો હોય છે. ક્યારેક સમયનો અભાવ હોય છે, તો ક્યારેક આર્થિક સંકડાશ હોય છે. ક્યારેક વ્યવસાયની ભીંસ હોય છે, ક્યારેક જવાબદારીઓનો બોજ હોય છે. આ બધાનો સામનો કરીને એક પિતા પોતાના સંતાન માટે જે કરે છે એનું મૂલ્ય માત્ર એક બાપ જ સમજી શકે.

❖❖❖

# કયે અખાડે જશું ?

**ઝવેરચંદ મેઘાણી**

**મા**એ કહ્યું, ''ભાઈ, તારી પથારી ઉપાડી લેજે હો !''

''ના, કામવાળી પાસે ઉપડાવી લેજો – મારે વ્યાયામશાળાએ જવાનું મોડું થાય છે !''

બહેને વીનવ્યું, ''ભાઈ, કૂવે આવીને મને પાણી ભરી દેને, મારાથી ડોલ ખેંચાતી નથી.''

''ના, મારે તો વ્યાયામ કરવા જવાનું છે !''

બાપાએ કહ્યું, ''તારી બા માંદી છે; તું વાડીએ કપડાં ધોતો આવીશ ?''

''ના મારે જવું છે અખાડે !''

કામવાળી આજે આવી નથી. વાસણ-સંજવારી રઝળે છે. ઘેર પાંચ મહેમાન છે. બા-બહેન રસોઈપાણીમાં પડ્યાં છે.

પણ વ્યાયામ કરીને આવેલો ભાઈ હાથમાં સાવરણી લેતાં શરમાય છે. એઠાં વાસણની તો સામે પણ જોતો નથી. એ કામ તો બૈરાંનું !

દસ-દસ શેરિયાં મગદળ ફેરવીને મલ્લ થયેલો ભાઈ અખાડેથી આવ્યો છે. બાપુ કહે છે, ''બજારમાંથી અધમણ ઘઉં લઈ આવીશ ?''

ભાઈ ઘઉં ખરીદીને બજારમાં બૂમ પાડે છે : ''એઈ મજૂર ! ચાર પૈસા લેજે, આ ઘઉં ઘેર નાખી આવ.''

ભાઈને ઘરના ઘઉં ઉપાડતાં શરમ આવે છે. .....ભાઈ વ્યાયામવીર છે !

ભાઈ-ભાભી મુંબઈ જાય છે. સ્ટેશને પોતાની પત્નીની ટ્રંક ઊંચકતાં એને ભોંઠામણ આવે છે. ભાભીની કાખે છોકરું છે. તે ઉપરાંત ટ્રંક પણ એ પત્નીને માથે મેલે છે. .....ભાઈ અખાડિયાનું છે !

અખાડાના ભાઈબંધો ભેળો ભાઈ ઊપડે છે પ્રવાસે - તળાજે, શેત્રુંજે, ઘેલા સોમનાથ. નાનાં ભાંડરડાં કહે છે, ''ભાઈ, કોઈક વાર અમને સાંઢગર સુધી તો ફરવા તેડી જાવ... કો'ક દી હરણકુઈ તો બતાવો... કો'ક વાર સ્ટેશને એન્જિન જોવા તો લઈ જાવ !''

''એ મારું કામ નથી.'' ......ભાઈ અખાડાવીર છે !

⬩⬩⬩

અખાડા આપણે ત્યાં ચાલે છે, વ્યાયામવીરો પાકે છે, શરીરને ટેડાં રાખીને ઘણા ચાલે છે. પણ ઘરનાં કામ કડવાં લાગે છે. દળણું, સંજવારી ને પાણી ભરવું - એવાં સાચાં આરોગ્યદાયી અને શરીરને સુંદર સુડોલ બનાવનારાં જરૂરી ઘરકામો એ ભાઈઓ કરતા નથી. એટલું જ નહીં, પણ હલકાં ગણે છે. પોતાની જનેતા કરે તે કામ હલકાં !

સ્ત્રીઓનો પક્ષ લેવાય છે – પણ તે તો ચર્ચામાં, શબ્દના વિવાદમાં. પરંતુ રોજિંદા ગૃહજીવનમાં સ્ત્રીને આપણે કેટલી હલકી ગણી છે ! શારીરિક કામ - તે તો સ્ત્રીનું ! પુરુષ એ કરે તો બાયલો ઠરે. વાળવાથી ને વાસણ માંજવાથી લઈ રાંધવા અને પથારી પાથરવા સુધીનાં તમામ કામોમાં સ્ત્રી-પુરુષના ભેદો છે, ત્યાં સુધી સ્ત્રીનું પદ ઊતરતું જ છે. ત્યાં સુધી વ્યાયામશાળાની સાર્થકતા નથી.

સાચો વ્યાયામ તો સવારથી સાંજ સુધીનાં ઘરકામોમાં છલોછલ પડ્યો છે. સાચો અખાડો કુટુંબનું શ્રમજીવન છે. અખાડે જઈને દંડ પીલો છો - તો ઘરની સંજવારી પણ કાઢો; બેઠક કરો છો - તો ઘરની રસોઈમાં પણ મદદ કરો !

અખાડાનો વ્યાયામ શરીરને ઘડે છે. ઘરનો વ્યાયામ શરીરને ઘડવા ઉપરાંત પણ સાર્થક બને છે. અખાડાની કોઈ પણ કસરતને ટક્કર મારે તેવી કસરતો દળવાની ને પાણી સીંચવાની , કપડાં ધોવાની ને દાળ ખાંડવાની છે. શરીરને ઘડે, સ્વજનોને રાહત અપાવે, ગૃહને સુંદર બનાવે ને પૈસાનો દુર્વ્યય બચાવે, એવો ગૃહવ્યાયામ એ સર્વોપરી વ્યાયામ છે.

અખાડા માટે પારકી ઓશિયાળ, પૈસા ભીખવા પડે. નાલાયકોને નોતરીને સંમેલનો કરવાં પડે, ખુશામત કરીને નીચા પડવું પડે; ઉપરાંત બંધારણના અને નાણાંના ગેરવહીવટના માંહોમાંહેના કજિયા જુદા ! ગૃહજીવનને અખાડે પૂર્ણ સ્વગૌરવ, સંપૂર્ણ સ્વતંત્રતા અને પરમ શાંતિ

પસંદગી પોતે જ કરી લેજો !

❖❖❖

# આ પ્રોબેટ શું છે ?

કિશોર એમ. શાહ


પ્રોબેટ એક જાતનું હાઈ કોર્ટનું સર્ટિફિકેટ છે કે કોઈ પણ વ્યક્તિ વિલ કરીને ગુજરી ગઈ હોય અને પ્રોબેટમાં જે વિલ લખ્યું છે તે જ તેનું છેલ્લું વસિયતનામું છે. હિન્દુ લૉ પ્રમાણે કોઈ પણ હિન્દુ ગમે તેટલા વિલ કરી શકે છે અને દરેક વખતે નવું વિલ થાય એટલે આગળનું વિલ કાયદેસર રીતે કૅન્સલ થઈ જાય છે. હિન્દુ લૉના કાયદા પ્રમાણે કોઈ પણ વ્યક્તિ પોતાની બધી જ મિલકત કુટુંબના અથવા બહારના માણસને પણ આપી શકે છે, જ્યારે કોઈ પણ માણસે એકથી વધારે વિલ કર્યાં હોય કે પછી એક જ વિલ કર્યું હોય તે બહારની દુનિયાને કઈ રીતે ખબર પડે કે આ ગુજરી જનારનું છેલ્લું વિલ છે. આવા સંજોગામાં વિલના એક્ઝિક્યુટરોએ હાઈ કોર્ટમાં પિટિશન કરવી પડે છે અને હાઈ કોર્ટ એની ઘણી વિધિઓ પતાવ્યા પછી જ એક્ઝિક્યુટરની ફેવરમાં પ્રોબેટ ઈસ્યૂ કરે છે. અત્યારે એક વસ્તુ ખાસ સમજી લેવાની જરૂર છે કે કોઈ પણ વ્યક્તિ વિલ કરીને ગુજરી જાય તો તેને પ્રોબેટ લેવું પડે છે અને વિલ વગર ગુજરી જાય તો તેના વારસદારે 'લેટર ઑફ ઍડ્મિનિસ્ટ્રેશન' લેવું પડે છે અને બહુ જ નાની રકમની ફક્ત સ્થાવર મિલકત ટ્રાન્સફર કરવાની હોય તો સક્સેશન સર્ટિફિકેટ લેવાની જરૂર પડે છે. કોઈ પણ સંજોગોમાં એક્ઝિક્યુટરો પ્રોબેટની પિટિશન ન કરી શકે તો વસિયતનામામાં બીજા બેનિફિશિયરી નામ હોય તે લોકો પ્રોબેટની પિટિશન કરી શકે છે. પ્રોબેટની પિટિશનમાં વિલનમાં જે બે સાક્ષીઓ હોય તેની અટેસ્ટિંગ વિટનેસ તરીકેની ઍફિડેવિટ કરવી પડે છે કે જેણે વિલ કર્યું છે તેમણે આ બન્ને વિટનેસના હાજરીમાં જ સહી કરી છે.

આ કારણસર કોઈ પણ વ્યક્તિ વિલ કરે ત્યારે એક વસ્તુ ખાસ ધ્યાન રાખવી કે તેનાં વિલમાં જે બે વિટનેસ તરીકે સહી કરી હોય તેની ઉંમર બહુ મોટા ન હોય, કારણ કે ઘણી વખત મારો અનુભવ છે કે જેણે વિલ કર્યું હોય તે બે સાક્ષીઓ જ મોટી ઉંમરના હોવાથી ગુજરી જાય છે અને એટલે વિલ લેવામાં અટેસ્ટિંગ વિટનેસ ઍફિડેવિટ કે નો-ઑબ્જક્શન સર્ટિફિકેટ લેવું પડે છે કે હાઈ કોર્ટ એક્ઝિક્યુટરની તરફેણમાં પ્રોબેટ ઈશ્યૂ કરે તો તેમને કોઈ વાંધો નથી. જે કાયદેસરના વારસની કસ્ટેન્ટ ઍફિડેવિટની જરૂરત હોય અને તેના પરિવારની સમસ્યાને લીધે કન્સેન્ટ ઍફિડેવિટ નથી આપતા તેની ઉપર કોર્ટનું સાઈટેશન ઈસ્યુ કરાય છે અને તે સાઈટેશન મળ્યા પછી ૧૪ દિવસની અંદર તેણે કેવિયેટ ફાઈલ કરવું પડે છે અને તે ફાઈલ કર્યા પછીના ૧૪ દિવસની અંદર તેણે ઍફિડેવિટ એટલે કે સોગંદનામું આપવું પડે છે કે કયા કારણસર એક્ઝિક્યુટરની ફેવરમાં વિલ આપવામાં તેમને શું વાંધો છે. એક વખત કેવિયટ ફાઈલ થાય એટલે હાઈ કોર્ટમાં જે પ્રોબેટની પિટિશન હોય તે તેની મેળે જ ટેસ્ટામેન્ટરી સ્યૂટ થઈ જાય છે કે જેની પતાવટ થતાં છથી સાત વરસ થઈ જાય છે અને તેની પહેલા પ્રોબેટ મળતું નથી. એક્ઝિક્યુટરને લાગે કે કેવિયેટ ફાઈલ કરનારે ખોટી ઍફિડેવિટ કરીને અને કારણ વગરના ઝઘડા ઊભા કરીને, તેને પ્રોબેટ ન મળે તે કારણસર ખોટા ગવાગવા કરીને મોડું કરાવે છે તો તેની સામે ઍફિડેવિટ ફાઈલ કરીને કેવિયેટ રદ કરાવી શકાય છે.

પ્રોબેટની પિટિશન વખતે કોર્ટ ઘણી વખત છાપામાં પણ નોટિસ આપવાનું કહે છે કે ગુજરી જનાર વ્યક્તિ માટે એક્ઝિક્યુટરોએ પ્રોબેટની પિટિશન કરી છે અને તે પ્રોબેટ ઈસ્યૂ કરતાં પહેલાં કોઈ પણ વ્યક્તિને તેને માટે વાંધા લેવા હોય તો લઈ શકે છે. પ્રોબેટનની પિટિશનમાં જસ્ટિફાઈંગ સ્યોરિટીની ઍફિડેવિટ પણ કરવી પડે છે. પ્રોબેટ ઈસ્યૂ કર્યા પહેલાં હોઈ કોર્ટ તેમના નોટિસ બોર્ડ પર નોટિસ પણ લગાવે છે કે કોઈ પણ વ્યક્તિને વાંધો લેવો હોય તો લઈ શકે છે. પ્રોબેટની પિટિશનમાં એક મહત્ત્વની વસ્તુ તેના શેડ્યૂલમાં ગુજરી જનારની દરેક મિલકતની કિંમત મૂકવી પડે છે.

પ્રોબેટની પિટિશનમાં એક વસ્તુ ખાસ સમજવાની જરૂરત છે કે પ્રોબેટ ડ્યૂટી જે દિવસે પ્રોબેટ પિટિશન કરો તે દિવસની માર્કેટ વેલ્યુ પ્રમાણે દરેક પ્રૉપર્ટીની કિંમત મુકાય છે. પ્રોબેટની પિટિશનમાં જાણીજોઈને અંડરવેલ્યુએશન ન કરવું, કારણકે આમ કરવાથી પછીથી વાંધો તો આવે જ છે. દરેક પ્રૉપર્ટીની પ્રોબેટ પિટિશનના દિવસની માર્કેટની કિંમત જ મૂકવી. પ્રોબેટની પિટિશનમાં દરેક પ્રૉપટીની જે કિંમત મૂકી હોય તેના પરથી જ પ્રોબેટ ડ્યૂટી નક્કી થાય છે. અત્યારના સંજોગોમાં ગમેતેટલી પ્રૉપર્ટિની કિંમત હોય, પરંતુ વધારેમાં વધારે પ્રોબેટ ડ્યૂટી ૭૫,૦૦૦/- છે. લગભગ ૧૫ લાખ રૂપિયાની પ્રૉપર્ટી પ્રોબેટમાં દેખાડી હોય તો ૭૫૦૦૦/- કોર્ટ ફી દેખાડવી પડે છે. ૧૫ લાખથી ગમે એટલી વધારે કિંમત દેખાડી હોય તોપણ વધારેમાં વધારે ૭૫,૦૦૦/- દેખાડવી પડે છે.

❖❖❖



## Disha Chandresh Doshi

**Date of Birth :** 27/09/1996

**Birth Place & Time :** Ghatkopar, Mumbai (4:29pm)

**Height :** 5.3"

**Religion :** Dashashrimali Sthanakvasi Jain

**Native :** Sara

**Education :** B.Tech in Information Technology

**Occupation : Consultant -** DevOps Engineer, Arcadis

**Hobbies & Interests :** Drawing, Art n' Craft, Reading, Travelling, Foodie,Binging Shows

**Mobile :** 9833004132

**Email Id :** disha.dd27.dd@gmail.com

## FAMILY BACKGROUND

**Father:** Chandresh P. Doshi : 9967799673
**Mother:** Falguni Chandresh Doshi : 9930477609
**Younger Sister:** Ami Chandresh Doshi

**Grandfather:** Lt. Shri PurushottamDas DharshiBhai Doshi, Sara
**Grandmother:** Lt. Smt. Hasumatiben PurushottamDas Doshi

**Mota Papa:** 1) Hasmukh P. Doshi , TilakNagar Chembur-West : 9820436514
2) Bipin P. Doshi , Ghatkopar East : 9323949857
3) Yashwin P. Doshi, Rajkot : 9426969564

**Faiba/ Fuva:** 1) Kalpanaben Shashikant C. Shah, Ranpur / Ghatkopar East : 9833268456
2) Dharmishthaben RajeshKumar H. Sheth, Panishana / Chembur : 9820075683
3) Anishaben DevenBhai H. Doshi, Botad / Ghatkopar East : 9869145375

**Nana:** Lt. Shri Vanechand Fatechand Vora
**Mama:** 1) Lt. Dinesh Vanechand Vora, Rajkot : 9427988699 (Varsha Mami)
2) Jitendra Vanechand Vora, Rajkot : 9824866377

**Residence:** 91/2730, ShantiNiwas Chs. , PantNagar, Ghatkopar - East, Mumbai-400075.
**Temporary:** 43/G6, GuruDarshan Society, Garodia Nagar, Ghatkopar - East, Mumbai-400077.

Gol Dhana Collapsed in 4months

Advt.

# JINENDRA CHARITABLE TRUST

Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

## અંધજનોને દ્રષ્ટિદાન આપી જીવનમા આશાનું અજવાળું આપો



**માનનીય દાતાશ્રીઓને દિવાળીના આ પાવન પર્વની હાર્દિક શુભેચ્છાઓ તથા અભિનંદન,**

આપ સૌને આનંદ થશે કે જિનેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા **૬૦૦૦** અંધજનોને મોતિયાના ઓપરેશનો કરી આંખોના અજવાળા દ્વારા નવી દૃષ્ટિ આપી છે.

ભારતમાં હજુ **૧ કરોડ** જેટલા અંધજનો વસે છે. **૨,૭૦,૦૦૦** બાળકો અંધ છે.

આપશ્રી **રૂા.૧૫૦૦/-**નું દાન આપી મોતિયાના ઓપરેશન દ્વારા એક અંધભાઇ/બહેન/બાળકને આંખની રોશની આપી નવું જીવન આપી શકો છો.

એક નેત્રયજ્ઞ માટે **રૂા.૧૫૦૦૦/-**નું દાન આપી **૨૫** જેટલા અંધજનોને આંખની રોશની આપી શકો છો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય છે. દાતાને ફોટા/દર્દીઓનું લિસ્ટ વગેરેનો રીપોર્ટ આપવામાં આવશે.

આશાનું અજવાળું ફેલાવવા આપની સહભાગિતાની અપીલ છે.

લિ. સેવક કિશોરલાલ શાહ (સાયલા નિવાસી)ના જય જિનેન્દ્ર
B.A (Hons) B.Ed. Dip.Ed. (London) Email ID: kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી

Account # : 925010024476033
A / C Name : JINENDRA CHARITABLE TRUST
IFCS Code : UTIB0004518
Bank Details : AXIS BANK LTD (YAGNIK RD BRANCH)

**Office :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

(Advt.)

---

શ્રીજી

## જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઇ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઇ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452
Email : ankitsheth77@gmail.com

## અતુલભાઇ ટી. શેઠ

સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે,
જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

---

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



## શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

''ખુશ ખબર''

એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.

ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*



૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા
૮ ટાઈપના તળેલા ફરસાણ
કદી પણ તમે જોયા ન હોય તથા
ખાધા ન હોય.



તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી

સંપર્ક :
ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)
૯૮૨૧૦૨૯૦૫૩
પુત્ર – જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.


## આભાસની હૂંફ

આજના એક મશહૂર શિલ્પી જુવાનીમાં પેરિસ નગરીમાં કલાનો અભ્યાસ કરતા. એનું નામ ગુત્ઝન બોરગ્લમ. ઘણાખરા વિદ્યાર્થીઓની માફક અભ્યાસના ખર્ચને પહોંચી વળવામાં એને પણ ભારે મુસીબત પડતી. એની ચિત્રશાળામાં ઠંડી ડંખીલા સુસવાટા મારે, પણ તાપવાની સગડી માટે બળતણ ખરીદવાના પણ ગુત્ઝનને સાંસા. એટલે કલાકારે એક કીમિયો કર્યો. ખાલી સગડીની અંદર એક મીણબત્તી સળગાવીને તેણે મૂકી. પછી સગડીની બારી આડો લાલ કાગળ ચોડી દીધો. એટલે અંદરથી આવતો મીણબત્તીનો નાનો ઉજાસ રાતા કાગળ વાટે ગળાઈને તાપણાના ગુલાબ અગ્નિ જેવો આભાસ એવો તો ઊભો કરતો, કે ઝાઝી પરેશાની વગર કલાકાર પોતાની સાધના ચાલુ રાખી શકતો.




Advt.

# ભાવભરી શ્રદ્ધાંજલી

## શ્રી હસમુખલાલ ત્રિભુવનદાસ ખંધાર ના ધર્મપત્ની

જન્મ
૧૨.૦૪.૧૯૪૬



પરલોક ગમન
૨૫.૦૯.૨૦૨૫

**સ્વ. હંસાબેન હસમુખલાલ ખંધાર (ઉ.વ. ૭૯)**
(ચોટીલા નિવાસી, હાલ કાંદિવલી)

સમય જિંદગી નો ઓછો હશે...
ક્યાં ખબર હતી.
વિદાઈ તમારી અણધારી હશે એ...
ક્યાં ખબર હતી
કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સોના દિલમાં રાખી ગયા...

આપણા દિવ્ય આત્માને પરમ શાંતિ મળે, હંમેશા જૈન ધર્મનું શરણ મળે અને વહેલા માં વહેલા મોક્ષ મળે, એવી અમારા પરમાત્માને પ્રાર્થના

સાસુ-સસરા : પ્રભાબેન ત્રિભુવનદાસ ખંધાર
પુત્ર-પુત્ર વધુ : પરાગ - અ.સૌ. પ્રીતિ ખંધાર
દીકરી -જમાઈ : સપના શાહ, કિંજલ જીગ્નેશકુમાર મોરજરીયા
નણંદ-દિયર-દેરાણી : રમીલાબેન, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. વાસંતીબેન
સ્મિતાબેન ભરતભાઈ ખંધાર
સ્વ. સરોજબેન દિલીપભાઈ ખંધાર

પિયર પક્ષ (જોરાવર નગર)
માતા-પિતા : સ્વ. શાંતાબેન મનસુખલાલ શાહ
ભાઈ-ભાભી : રજનીભાઇ - સ્વ. મધુકાન્તા શાહ
પ્રદીપભાઈ - ભાવના શાહ
બહેન-બનેવી : સ્વ. કોકિલાબેન દિનેશકુમાર બારભાયા
લતાબેન નરેશકુમાર શાહ
પલ્લવીબેન તરુણકુમાર શાહ
દાદી-નાની : હિતાંશ - મહેક, કશવિ

વેવાઈ : જયશ્રીબેન ગૌતમભાઈ શાહ
રમાબેન ભરતભાઈ મોરજરીયા

**પરાગ ખંધાર : ૯૮૧૯૫૭૨૬૫૮**
**પ્રીતિ ખંધાર : ૯૩૨૪૩૨૧૪૬૦**

(Advt.)

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL)
RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

Godrej
SECURITY SOLUTIONS




## SENIOR OFFICE FURNITURE



Supreme
FURNITURE



ALKOSIGN



# SENIOR AGENCY

AKSHAY SHAH: 98210 12193 / 77889 97781

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.

જનસેવા એજ પ્રભુસેવા







**કીર્તિભાઈ ધીરજલાલ શાહ**

**મોટીવાવડી - રાણપુર**

**સાધાર્મિક અને જરૂરીયાતમંદો ને આપવા માટે**
**A-1 Quality નું ફરસાણ અને મીઠાઈ**
**અડધા ભાવે મળશે (સેવાના હેતુથી)**

# સ્વસ્તિક ફરસાણ એન્ડ સ્વીટ

(ભાંડુપની સૌથી મોટી ફરસાણ અને મીઠાઈની દુકાન)

૪-૫-૬, સુમતિ નિવાસ, ક્વારી રોડ,
મંગતરામ પેટ્રોલ પંપની પાસે,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.
**Mobile No. 9322916331**

Advt.



PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future-----

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.

# પ્રથમ માસિક પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલી

:: જન્મ તારીખ ::
૦૭.૦૨.૧૯૪૫



:: અરિહંત શરણ ::
૧૮.૦૯.૨૦૨૫

## સ્વ. યશોમતીબેન પ્રવીણચંદ્ર ગોપાણી
**બોટાદ નિવાસી, હાલ વિલેપાર્લે**

આંખો હજુ નિહાળે છે તમને,
અંતર હજુ પોકારે છે તમને.

સ્મરણ તમારુ થાય છે અમને,
મન મુકીને રડાવે અમને.

શ્રદ્ધાંજલી અર્પવા ઉપાડી કલમ,
આંસુથી ભીંજાય ગયા કાગળ.

પરમ કૃપાળુ પરમાત્મા તમારા
આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

:: પ્રભુ મોક્ષ પ્રદાન કરે ::

❀ પ્રેમાળ સ્મૃતિમાં ❀


પતિ : સ્વ. પ્રવીણચંદ્ર ચુનીલાલ ગોપાણી

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : નીલેશ પ્રવીણચંદ્ર ગોપાણી<br>યોગેશ પ્રવીણચંદ્ર ગોપાણી | પુત્રવધુ | : રૂપા નીલેશ ગોપાણી<br>અલ્પા યોગેશ ગોપાણી |
| પુત્રી | : સેજલ પિયુષ વોરા | જમાઈ | : પિયુષ લલિતભાઈ વોરા<br>ભવ્ય સમીરભાઈ સંઘવી |
| પૌત્રી | : કલ્પી ભવ્ય સંઘવી | | |
| પૌત્રી-પૌત્ર | : જીલ, માનવ | દોહીત્રી-દોહિત્ર | : સલોની, નિસર્ગ |

**સમસ્ત સ્વ. ચુનીલાલ સુખલાલ ગોપાણી પરિવાર**
**સમસ્ત સ્વ. ત્રંબકલાલ હરગોવનદાસ શાહ પરિવાર**

Advt.

# પ્રથમ પુણ્યતિથિ નિમિતે ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ તા.
૦૬-૦૮-૧૯૩૯

અરિહંતશરણ તા.
૦૯-૧૧-૨૦૨૪

## સ્વ. વિનોદરાય મણીલાલ શાહ

**મુળવતન : પાળીયાદ**

અમારા પિતાશ્રીની (વિનુભાઈ) પ્રથમ પુણ્યતિથિના દિવસે,
આપણે તેમના પવિત્ર સ્મરણોને નમન કરીએ.
ગયા એક વર્ષમાં એક પળ એવી ગઈ નથી
જ્યારે તેમના અભાવનો અનુભવો ન થયો હોય.
પરિવારના આધારસ્તંભ, પિતાશ્રી તરીકે તેમણે જે પ્રેમ,
કાળજી અને મૂલ્યો આપ્યા, તે સદા અમારા હૃદયમાં જીવંત રહેશે.
તેમનો સાદગીભર્યો સ્વભાવ, સૌજન્ય, કરૂણા અને પરિવાર પ્રત્યેની અખૂટ નિષ્ઠા
આજે પણ અમને માર્ગદર્શન આપે છે. ભલે તેઓ શારીરિક રૂપે અમારા વચ્ચે નથી,
પરંતુ તેમની યાદો, તેમની વાતો અને તેમના સંસ્કાર
અમારા દરેક નિર્ણયો અને દરેક ક્ષણમાં સાથ આપે છે.

### શ્રદ્ધાંજલિના પુષ્પો અર્પણ કરતા પરિવાર

**પત્ની : શારદાબેન વિનોદરાય શાહ**

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : જીગ્નેશ , રીનેશ | પુત્રવધુ | : દિપાલી , અમી |
| પુત્રી | : દીપ્તિ | જમાઈ | : નિલેશભાઈ અજમેરા |
| પૌત્રી | : ધ્વનિ, ધર્મી | દોહિત્રી | : નુપુર હર્ષ શાહ ક્રિશા કરણ નંદવાણી |
| પૌત્ર | : રાજ | પ્રપૌત્ર | : અવિક, અર્હમ |

બા. બ્ર. પરમ પૂજ્ય રંજનભાઈ મહાસતીજી (બોટાદ સંપ્રદાય)
સમસ્ત સ્વ.. ચંચળબેન મણીલાલ શાહ પરિવાર
સમસ્ત સ્વ. રતનબેન ખીમચંદભાઈ શાહ પરિવાર

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/ WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



સુરેન્દ્રનગર
નિવાસી
હાલ : ઘાટકોપર



## સ્વ. કાંતીલાલ લવજીભાઈ શાહ

જન્મ તા. ૧૭-૦૯-૧૯૨૧
અરિહંતશરણ તા. ૨૯-૧૧-૨૦૧૦

## સ્વ. વિમળાબેન કાંતીલાલ શાહ

જન્મ તા. ૨૬-૦૫-૧૯૨૫
અરિહંતશરણ તા. ૦૬-૧૧-૨૦૦૩

અમોને રોજ તમારી યાદ આવે ઉપકાર તમારા યાદ આવે,
શબ્દો તમારા યાદ આવે, સંસ્કાર તમારા યાદ આવે.
અમોને તો તમારી પ્રીત મલી, જીવન ની સઘળી રીત મલી.
પ્રેમભરી પુષ્પાંજલી, ભાવભરી ભાવાંજલી, સ્નેહભરી શ્રધ્ધાંજલિ.

આત્મા અજર અમર છે. આત્મા શાશ્વત છે.
નાશ પામે છે તે શરીર છે. આત્મા સહજાનંદી છે.

**આપના વિયોગે, સુનો પરિવાર**

| | |
|---|---|
| શ્રીમતી ચારૂલતા ચંદ્રકાંત શાહ | શ્રીમતી ભાવી સાગર દોશી |
| શ્રીમતી રૂપલ અમીત શાહ | ડૉ. સલોની તથા ઓરિયો શાહ |
| શ્રીમતી હની નિહીર શાહ | રૂષાન તથા અહાન શાહ |
| શ્રીમતી અમીયા કૃણાલ કામદાર | સેવાન્શી તથા રીતીકા કામદાર |

Ammpal HOLIDAYS Dream. Explore. Discover.

**M. 98330 82820**

Advt.

Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi